RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર સમાચાર

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૩ કારતક સુદ - ૧૦ | શુક્રવાર, તા.૨૦-૧૧-૨૦૨૬ | અંક : ૨૬૮ વર્ષ : ૨૧ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

ઓડિશાના ગોપાલપુર કિનારા નજીક ત્રાટક્યું અકવાન વાવાઝોડુ

૩ લાખ લોકોનું સ્થળાંતર, ઓડિશા-આંધ્રના દરિયાકાંઠે ૧૦૦ કિમીની ઝડપે પવન; ૪૨૩ બચાવ દળો તૈનાત, ૯૪૧ સ્થળોએ ભૂસ્ખલનનો ખતરો

ઓડિશા,

બંગાળની ખાડીમાં સર્જાયેલું ભીષણ ચક્રવાતી તોફાન 'અકવાન' આજે સવારે ઓડિશાના ગોપાલપુર કિનારા નજીક ત્રાટક્યું છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, વાવાઝોડાના લેન્ડફોલની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને બપોર સુધીમાં તે નરસાપુર અને પુરી વચ્ચે, ખાસ કરીને ઉત્તર આંધ્ર પ્રદેશ, યનમ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠે ભારે તબાહી મચાવે તેવી શક્યતા છે. ઈરાન દ્વારા સૂચવવામાં આવેલા આ 'અકવાન' વાવાઝોડાને કારણે ૯૦ થી ૧૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે.







વાવાઝોડાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઓડિશા સરકારે 'ઝીરો ડેથ'ના લક્ષ્ય સાથે યુદ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરી છે. વિશેષ રાહત કમિશનર (SRC)ના જણાવ્યા પ્રમાણે, સંવેદનશીલ વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં ૨,૯૮,૬૭૬ એટલે કે અંદાજે ત્રણ લાખ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે, જેમાં ૪,૦૦૦ થી વધુ ગર્ભવતી મહિલાઓનો પણ સમાવેશ થાય છે. રાહત શિબિરોમાં આશરો લેનારા લોકો અને બાળકો માટે રાંધેલું ભોજન, પીવાનું શુદ્ધ પાણી, જરૂરી દવાઓ અને સેનિટરી નેપકિન સહિતની તમામ પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

ઓડિશાના આપત્તિ વ્યવસ્થાપન મંત્રીએ ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું કે, ચક્રવાત દરમિયાન ભૂસ્ખલન એક મોટો પડકાર બનીને સામે આવ્યું છે. તંત્ર દ્વારા ગંજામ, ગજપતિ, કંધમાલ, કોરાપુટ અને મલકાનગિરી એમ પાંચ જિલ્લાઓમાં ભૂસ્ખલનની આશંકા ધરાવતા ૯૪૧ સંવેદનશીલ સ્થળોની ઓળખ કરવામાં આવી છે, જેમાંથી સૌથી વધુ ૨૧૧ સ્થળો ગજપતિ જિલ્લામાં છે. અગાઉ 'અર્નબ' વાવાઝોડા વખતે ભૂસ્ખલનની ઘટનાઓમાં ૧૦ લોકોના મોત થયા હતા, જેનું પુનરાવર્તન ન થાય તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે.

રાહત અને બચાવ કામગીરી માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની એજન્સીઓ સંપૂર્ણ સજ્જ છે. ઓડિશાના મુખ્ય સચિવે માહિતી આપી હતી કે, રાજ્યમાં ઓડિશા ડિઝાસ્ટર રેપિડ એક્શન ફોર્સની ૬૦ ટીમો, NDRF ની ૧૪ ટીમો અને ફાયર બ્રિગેડ તથા ઈમરજન્સી સેવાની ૧૩૧ ટીમો સહિત કુલ ૪૨૩ બચાવ દળો તૈનાત કરાયા છે. આ ઉપરાંત, દેશના પાંચ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં NDRF ની કુલ ૩૧ ટીમો તૈનાત છે અને ૧૮ વધારાની ટીમોને રિઝર્વ રાખવામાં આવી છે. ભારતીય તટરક્ષક દળ પણ પોતાના હેલિકોપ્ટર અને જહાજો તૈયાર રાખવા વિનંતી કરવામાં આવી છે.

NSE વિશ્વનું પાંચમું સૌથી મોટું લિસ્ટેડ એક્સચેન્જ બન્યું

હોંગકોંગ એક્સચેન્જ અને અમેરિકાના Nasdaq ને પણ પાછળ છોડી દીધા

મુંબઈ,

ભારતના નેશનલ સ્ટોક એક્સચેન્જએ વૈશ્વિક સ્તરે એક મોટી અને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. સપ્ટેમ્બર મહિનામાં શેરબજારમાં લિસ્ટિંગ થયા બાદ શેરના ભાવમાં સતત તેજીને પગલે NSE માર્કેટ કેપિટલાઇઝેશનની દ્રષ્ટિએ વિશ્વનું પાંચમું સૌથી મોટું લિસ્ટેડ એક્સચેન્જ બની ગયું છે. આ યાદીમાં તેણે હોંગકોંગ એક્સચેન્જ અને અમેરિકાના Nasdaq ને પણ પાછળ છોડી દીધા છે.

તાજેતરના માર્કેટ ડેટા મુજબ, NSE નું માર્કેટ કેપિટલાઇઝેશન અંદાજે ૫૯.૭ અબજ ડોલર પર પહોંચી ગયું છે. આ સાથે તે ૫૮.૧ અબજ ડોલરનું મૂલ્ય ધરાવતા HKEX અને ૫૭.૭ અબજ ડોલરના મૂલ્ય ધરાવતા Nasdaq કરતાં આગળ નીકળી ગયું છે. વૈશ્વિક રેન્કિંગમાં ૧૧૧.૦૫ અબજ ડોલર સાથે ઝર્ઝ ગ્રુપ પ્રથમ સ્થાને છે. ત્યારબાદ ૯૫.૫ અબજ ડોલર સાથે ઈન્ટરકોન્ટિનેન્ટલ એક્સચેન્જ બીજા, ૬૫ અબજ ડોલર સાથે ડોઇશ બોર્સ ત્રીજા અને ૬૦.૩ અબજ ડોલર સાથે લંડન સ્ટોક એક્સચેન્જ ગ્રુપ ચોથા ક્રમે છે.

અત્યાર સુધીમાં દ્વજઈ નો શેર રૂ.૪૭.૮૦ એટલે કે ૨.૧૮ ટકાના ઉછાળા સાથેરૂ.૨,૨૩૬.૧૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો. આ ભાવે એક્સચેન્જનું માર્કેટ કેપ ૫.૫૬ લાખ કરોડ થયું છે, જેનાથી તે ભારતની નવમી સૌથી



મોટી લિસ્ટેડ કંપની બની ગઈ છે. NSE એ ?૫ લાખ કરોડનું માર્કેટ કેપ ધરાવતી કોટક મહિન્દ્રા બેંક તેમજ લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાને પણ પાછળ છોડી દીધા છે. આ સાથે NSE દેશની બેંકિંગ, ફાઇનાન્શિયલ સર્વિસ અને ટેક્નોલોજી ક્ષેત્રની દિગ્ગજ લિસ્ટેડ કંપનીઓની હરોળમાં સામેલ થઈ ગયું છે. આ સિદ્ધિ NSE ના શેરબજારમાં પ્રવેશના બે મહિના કરતાં પણ ઓછા સમયમાં મળી છે. ૨૪ સપ્ટેમ્બરે BSE પર NSE નું બહુપ્રતિક્ષિત લિસ્ટિંગ થયું હતું. રૂ.૧,૭૮૫ ના ઈશ્યૂ પ્રાઇસ સામે શેર ૦.૮૪ ટકાના પ્રીમિયમ સાથે ૧,૮૦૦ પર લિસ્ટ થયો હતો અને સત્ર દરમિયાન વધીને ૧,૮૭૬.૭૦ સુધી પહોંચ્યો હતો. અગાઉ ૧૭ થી ૨૧ સપ્ટેમ્બર દરમિયાન ખુલેલોર૨,૫૬૧ કરોડનો આ IPO કુલ ૫.૬૯ ગણો સબસ્ક્રાઇબ થયો હતો, જે સંપૂર્ણપણે ઓફર ફોર સેલ (OFS) હતો.

ગેંગસ્ટર નસીમ દુર્રાની એન્કાઉન્ટરમાં ઠાર

નવીદિલ્હી,

દિલ્હી પોલીસ અને નોઈડા જીલ્લાની સંયુક્ત કાર્યવાહીમાં 'ડી-કંપની' સાથે જોડાયેલા કુખ્યાત ગેંગસ્ટર નસીમ દુર્રાની ઉર્ફે રિઝવાનને ઉત્તર પ્રદેશના બુલંદશહેરમાં એન્કાઉન્ટરમાં ઠાર મારવામાં આવ્યો છે. બંને તરફથી થયેલા ગોળીબારમાં ગંભીર રીતે ઘાયલ થયેલા નસીમને હોસ્પિટલ ખસેડાયા બાદ ડોક્ટરોએ મૃત જાહેર કર્યો હતો.

૩૭ વર્ષીય નસીમ દિલ્હીના ન્યૂ મુસ્તફાબાદના રાજીવ ગાંધી નગરનો રહેવાસી હતો અને સોશિયલ મીડિયા પર પોતાનો ખૌફ જમાવી રાખતો હતો. તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ બાયોમાં લખ્યું હતું- 'નામ-બદનામ, એડ્રેસ- તિહાડ જેલ, ઉંમર- જીવવાની, કામ- મારવાનું.'પોલીસના જણાવ્યા અનુસાર, સતત ફરાર રહેતા નસીમની સિકંદરા બાયપાસ પાસે હિલચાલની માહિતી મળી હતી. ઝઝફમાં તે સ્કૂટી પર જતો દેખાયો હતો. જ્યારે દિલ્હી પોલીસ અને નોઈડા જીલ્લાની ટીમે તેને પકડવા ઘેરો ઘાલ્યો, ત્યારે તે પાછળ ફરીને જોતો-જોતો સ્કૂટી પુરપાટ ઝડપે ભગાવી રહ્યો હતો. આ





દરમિયાન તેની સ્કૂટી સ્લિપ થઈને પડી ગઈ અને તેણે પોતાની પાસે રહેલી .૩૨ બોરની બે પિસ્તોલથી પોલીસ પર ફાયરિંગ શરૂ કર્યું. પોલીસે કરેલા વળતા પ્રહારમાં તેને અનેક ગોળીઓ વાગી હતી. ઘટનાસ્થળેથી તેની બંને પિસ્તોલ જપ્ત કરાઈ છે. એન્કાઉન્ટરમાં ઠાર થયેલા નસીમનો સૌથી તાજેતરનો ગુનો ૧૬ નવેમ્બરનો હતો. તેણે દિલ્હી સરકારના મંત્રી કપિલ મિશ્રાની ઓફિસની બહાર સમીર નામના વ્યક્તિ પર અંધાધૂંધ ૧૫થી ૧૬ ગોળીઓ ચલાવી તેની હત્યા કરી નાખી હતી.

ભારત બનશે જાપાનની મિસાઇલ પરીક્ષણની નવી રેન્જ

૧,૦૦૦ કિમી મારક ક્ષમતાવાળી મિસાઇલ સહિત ડ્રોનનું પરીક્ષણ કરવા સહમતિ; આવતા વર્ષથી ભારતીય ફાયરિંગ રેન્જનો ઉપયોગ કરશે જાપાન

નવીદિલ્હી,

ભારત અને જાપાન વચ્ચેના સંરક્ષણ સહયોગમાં મોટું પગલું ભરાયું છે. જાપાનની સેના આવતા વર્ષથી પોતાની લાંબા અંતરની મિસાઇલોનું પરીક્ષણ ભારતના ફાયરિંગ રેન્જમાં કરી શકશે. ગુરુવારે બંને દેશો વચ્ચે ટોક્યોમાં યોજાયેલી મંત્રિસ્તરીય બેઠકમાં આ અંગે સહમતિ બની છે.જાપાન ખાસ કરીને આશરે ૧૦૦૦ કિલોમીટર સુધીની મારક ક્ષમતા ધરાવતી ટાઇપ-૨૫ એન્ટી-શિપ મિસાઇલ અને નાના એટેક ડ્રોનનું પરીક્ષણ કરવા માંગે છે, પરંતુ જાપાન પાસે પરીક્ષણ માટે એટલી લાંબી રેન્જ ધરાવતી ખાલી જગ્યા નથી.

જાપાનના સંરક્ષણ પ્રધાન શિન્જિરો કોઈઝુમીએ કહ્યું- અમે આ બાબતે સહમત થયા



છીએ કે આવતા વર્ષે જાપાનની સેલ્ફ ડિફેન્સ ફોર્સ પ્રથમ વખત ભારતના ફાયરિંગ રેન્જનો ઉપયોગ કરશે. આ વ્યૂહાત્મક રીતે પણ એક મોટું પગલું છે.જાપાન સામે મિસાઈલોના લાઇવ-ફાયર પરીક્ષણ માટેની રેન્જ ધરાવતી જગ્યા હંમેશાંથી મોટો પડકાર રહી છે. કારણ કે જાપાન અનેક ટાપુઓથી બનેલો દેશ છે. ત્યાં વસ્તીનું ઘનત્વ ઘણું વધારે છે અને સમુદ્રની આસપાસ ઉપલબ્ધ જગ્યા વેપારી પ્રવૃત્તિઓને કારણે વ્યસ્ત રહે છે. જ્યારે, લાંબા અંતરની મિસાઇલોનું પરીક્ષણ કરવા માટે વિશાળ અને સુરક્ષિત ફાયરિંગ વિસ્તારની જરૂર પડે છે. મિસાઇલ છોડ્યા બાદ તેના સમગ્ર માર્ગ અને સંભવિત અસરવાળા વિસ્તાર પર નજર રાખવી પડે છે. આવા પરીક્ષણો માટે સમુદ્રમાં પણ પૂરતી ખાલી જગ્યા શોધવી પડે છે, જેથી કોઈ જહાજ અથવા નાગરિક પ્રવૃત્તિને જોખમ ન થાય. આ દૃષ્ટિએ ભારત પાસે વધુ સારી પરિસ્થિતિઓ છે. આપણા દેશમાં વિશાળ સૈન્ય તાલીમ ક્ષેત્રો અને સમુદ્રમાં મોટા ઓપરેશનલ વિસ્તારો ઉપલબ્ધ છે. આવી સ્થિતિમાં જાપાનને ભારતીય ફાયરિંગ રેન્જના ઉપયોગની સુવિધા મળવાથી તેને વાસ્તવિક પરિસ્થિતિઓમાં પોતાની મિસાઇલોની ક્ષમતા ચકાસવાની તક મળશે.

પન્નુની અરજીથી ખળભળાટ: ડોભાલ-ગોયલને સમન્સ

ન્યૂયોર્ક કોર્ટની ચર્ચાસ્પદ કાર્યવાહી :દિલ્હી કોર્ટે સમન્સ આપવું ફરજિયાત નથી

વોશિંગ્ટન ,

અમેરિકન જિલ્લા કોર્ટના ન્યાયધીશ કેથરિન પોલ ફૈલાએ દિલ્હીની ત્રણ કોર્ટને આશ્ચર્યજનક રીતે સમન્સ પાઠવવાનો નિર્દેશ કર્યો છે. દિલ્હીની કોર્ટને મળેલા નિર્દેશ પ્રમાણે સમન્સ બીજા કોઈને નહીં, દેશના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલ, રૉના પૂર્વ વડા સામંત ગોએલને બજવવાનું છે.

ખાલિસ્તાની અલગતાવાદી ગુરપતવંત સિંહ પન્નુએ કરેલી એક અરજીના સંદર્ભમાં અમેરિકાની ન્યૂયોર્ક જિલ્લા કોર્ટે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલ, રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (રૉ)ના પૂર્વ વડા સામંત ગોયલને સમન્સ પાઠવવા માટે



દિલ્હીની ત્રણ કોર્ટને નિર્દેશ કર્યો છે. ન્યૂયોર્ક જિલ્લા કોર્ટના જજ કેથરિન પોલ ફૈલાએ કોર્ટના ક્લાર્કને આદેશ આપ્યો છે કે આંતરરાષ્ટ્રીય કૂરિયર સર્વિસની મદદથી દોભાલ-ગોએલના સમન્સના દસ્તાવેજો દિલ્હીની ત્રણ કોર્ટને મોકલવામાં આવે. એ ત્રણ કોર્ટમાં પટિયાલા હાઉસ જિલ્લા કોર્ટ, દ્વારકા જિલ્લા કોર્ટ અને તીસ હજારી જિલ્લા કોર્ટનો સમાવેશ થાય છે.

અગાઉ આ મુદ્દે હેંગ કન્વેન્શન અંતર્ગત સમન્સ બજાવવાની પ્રોસેસ થઈ હતી, પરંતુ એ સમન્સની પ્રોસેસ નાકામ રહી હતી. તેના પરિણામે અમેરિકન કોર્ટના ન્યાયધીશે સીધો દિલ્હીની ત્રણ કોર્ટોને જ તેમના વતી સમન્સ પાઠવવા નિર્દેશ કરી દેતા આ ઘટના ચર્ચાસ્પદ બની છે.

અગાઉ આ મુદ્દે અમેરિકન વિદેશ મંત્રાલય પાસે આ સમન્સ પહોંચ્યા હતા અને વિદેશ મંત્રાલયે ભારતના દૂતાવાસને દસ્તાવેજો આપ્યા હતા. સૂત્રોના કહેવા પ્રમાણે આ એક સામાન્ય પ્રક્રિયા છે. તેમાં દિલ્હીની અદાલતોએ કોઈ પણ કાર્યવાહી કરવી ફરજિયાત હોતી નથી.

ખાખી વર્દીનું સપનું થશે સાકાર: ગુજરાત પોલીસમાં મોટી ભરતી

૨૬ નવેમ્બરથી ઓનલાઈન ફોર્મ ભરાશે; કોન્સ્ટેબલ, SRPF સહિત વિવિધ સંવર્ગમાં યુવાનોને સરકારી નોકરીની તક

ગાંધીનગર,

રાજ્યના પોલીસ દળમાં જોડાઈને દેશસેવા કરવાનું અને ખાખી વર્દી પહેરવાનું સપનું જોતા લાખો યુવાનો માટે અત્યંત આનંદના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત પોલીસ વિભાગમાં વિવિધ સંવર્ગની ૨,૯૦૦થી વધુ ખાલી જગ્યાઓ ભરવા માટેની ભરતી પ્રક્રિયાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ ભરતી માટેની ઓનલાઈન અરજી પ્રક્રિયા આગામી ૨૬ નવેમ્બર, ૨૦૨૬થી શરૂ થવા જઈ રહી છે.

સરકારના આ નિર્ણયથી લાંબા સમયથી પોલીસ ભરતીની



તૈયારી કરી રહેલા અને ગ્રાઉન્ડ પર પરસેવો પાડી રહેલા ઉમેદવારોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સુદૃઢ બને તેમજ પોલીસ દળમાં માનવબળની ઘટ પૂરી થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને બિનહથિયારી અને હથિયારી કોન્સ્ટેબલની ૧,૦૦૦-૧,૦૦૦ તેમજ જીઈબ્લની ૮૪૧ જગ્યાઓ

કયા વિભાગમાં કેટલી જગ્યાઓ ભરતી

બિનહથિયારી પોલીસ કોન્સ્ટેબલ: ૧,૦૦૦ જગ્યાઓ
હથિયારી પોલીસ કોન્સ્ટેબલ: ૧,૦૦૦ જગ્યાઓ
જીઈબ્લ કોન્સ્ટેબલ: ૮૪૧ જગ્યાઓ
હેડ કોન્સ્ટેબલ, ડ્રાઈવર અને મિકેનિક: ૧૩૩ જગ્યાઓ
મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઈઝર: ૨૬ જગ્યાઓ

હોવાથી બહોળા પ્રમાણમાં યુવાનોને સરકારી નોકરી મેળવવાની ઉજળી તક પ્રાપ્ત થશે. આ ઉપરાંત, ડ્રાઈવર, મિકેનિક અને મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઈઝર જેવી ટેકનિકલ જગ્યાઓ પર પણ ભરતી થવાની હોવાથી લાયકાત ધરાવતા ઉમેદવારો માટે નવા દ્વાર ખુલ્યા છે.

૨૬ નવેમ્બર, ૨૦૨૬થી ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થવાની હોવાથી ઉમેદવારોએ અત્યારથી જ પોતાના જરૂરી શૈક્ષણિક પ્રમાણપત્રો, જાતિના દાખલા અને અન્ય દસ્તાવેજો તૈયાર રાખવા હિતાવહ છે. ભરતી બોર્ડ દ્વારા ટૂંક સમયમાં જ શારીરિક કસોટી અને લેખિત પરીક્ષાના નિયમો અંગેની વિસ્તૃત માર્ગદર્શિકા સત્તાવાર વેબસાઈટ પર મૂકવામાં આવશે.

કાશ્મીરના શોપિયાંમાં માઈનસ 3.4°C તાપમાન

દિલ્હીમાં તાપમાન ૧૦ ડિગ્રી સુધી પહોંચ્યું; ૮ રાજ્યોમાં ચક્રવાતની અસર

નવીદિલ્હી,

પર્વતો પર ઠંડીની અસર વધી ગઈ છે. કાશ્મીરના શોપિયાંમાં ગુરુવારે લઘુત્તમ તાપમાન માઈનસ ૩.૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું. પહેલગામ અને ગુલમર્ગમાં પણ પારો શૂન્યથી નીચે નોંધાયો. તેના કારણે દિલ્હીમાં પણ ઠંડી વધી છે. અહીં ગુરુવારે સવારે લઘુત્તમ તાપમાન ૧૦.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જે આ સિઝનનું સૌથી ઓછું છે.

આ દરમિયાન બંગાળની ખાડીમાં ઉદ્ભવેલું ચક્રવાતી તોફાન 'અકવાન' આજે આંધ્ર પ્રદેશ અને ઓડિશાના કિનારે ટકરાઈ શકે છે. હવામાન વિભાગ અનુસાર, આ દરમિયાન ૯૦થી ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવનો ફૂંકાઈ શકે છે. ઝાપટાની ઝડપ ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચવાની આશંકા છે.

આંધ્ર પ્રદેશ અને ઓડિશામાં તોફાનની અસર સૌથી વધુ રહેશે. આ ઉપરાંત છત્તીસગઢ, બિહાર, મધ્ય પ્રદેશ, તેલંગાણા, આંધ્ર પ્રદેશ અને અંડમાન-



નિકોબારમાં વરસાદ પડી શકે છે. મધ્ય પ્રદેશમાં ૨૦થી ૨૨ નવેમ્બર સુધી વાવાઝોડા અને વરસાદનું એલર્ટ છે, જ્યારે છત્તીસગઢમાં ૨૦ અને ૨૧ નવેમ્બરે વરસાદની શક્યતા છે. બિહારના ૧૩ જિલ્લાઓમાં ૨૧ નવેમ્બરે હળવો વરસાદ પડી શકે છે. ઓડિશામાં વાવાઝોડાને ધ્યાનમાં રાખીને એક લાખથી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. ઘણી ટ્રેનો રદ કરવામાં આવી છે અને દરિયાકિનારા તથા પર્યટન સ્થળોએ લોકોના જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ઓઈલ પાઈપલાઈનમાંથી ગેરકાયદેસર રીતે ક્રૂડ ઓઈલની ચોરી કરી વેચાણ કરતી ગેંગનો પર્દાફાશ

પોલીસે આશરે ૮,૦૦૦ લીટર ક્રૂડ ઓઈલ સહિત કુલ રૂપિયા ૨૨.૩૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

અમદાવાદ,

ગુજરાત એટીએસની ટીમ દ્વારા ONGCની પાઈપલાઈનમાંથી ગેરકાયદેસર રીતે ક્રૂડ ઓઈલની ચોરી કરતા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન ૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે એક આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસે આશરે ૮,૦૦૦ લીટર ક્રૂડ ઓઈલ સહિત કુલ રૂપિયા ૨૨.૩૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.



કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીની મિલીભગતથી ઓઈલની ચોરી કરવામાં આવી ગુજરાત ATSને બાતમી મળી હતી કે અમદાવાદના દાણીલીમડા વિસ્તારના કેટલાક શખ્સો અને ONGCના કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીની મિલીભગતથી ઓઈલની ચોરી કરવામાં આવી રહી છે. ચોરી કરેલું ક્રૂડ ઓઈલ ટ્રક્સના ટેક્કરમાં ભરી અમદાવાદના વિઝોલ રિંગ રોડ પાસે આયોજનનગર વિસ્તારમાં આવેલા પાર્કિંગ પ્લોટમાં અન્ય વાહનોમાં ખાલી કરી વેચાણ કરવામાં આવતું હતું. બાતમીના આધારે ATSની ટીમે વટવા GIDC, વિઝોલ રિંગ રોડ પાસે પંચરત્ન ફ્લોરા ફ્લેટની પાછળ આવેલા પાર્કિંગ પ્લોટમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ટ્રક્સ લખેલા ટેક્કરમાંથી આઈશર ટ્રકમાં રાખેલા ટાંકામાં પાઈપ મારફતે ક્રૂડ ઓઈલ ખાલી કરવામાં આવતું હોવાનું મળી આવ્યું હતું.

પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં ખેડા જિલ્લાના સારસા ખાતે આવેલા ONGCના ઓઈલ કુવા નંબર ૨૬ પરથી કેશિંગ વાલ્વ અને ફાઈટર પંપની મદદથી આશરે ૮,૦૦૦ લીટર ક્રૂડ ઓઈલ ચોરી કરવામાં આવ્યું હોવાનું ખુલ્યું હતું. પોલીસે ONGCના ટેક્કરમાંથી ૪,૫૦૦ લીટર અને આઈશર ટ્રકના ટાંકામાંથી ૩,૫૦૦ લીટર ક્રૂડ ઓઈલ કબજે કર્યું છે, જેની કિંમત આશરે રૂપિયા ૪ લાખ છે. આ ઉપરાંત ટ્રક્સ ટેક્કર, આઈશર ટ્રક, પાંચ મોબાઈલ ફોન અને ચોરીમાં વપરાયેલા સાધનો સહિત કુલ રૂપિયા ૨૨.૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭માં ઉપસ્થિત રહેવા આસામના મુખ્યમંત્રીને આમંત્રણ

ગુજરાત અને આસામ વચ્ચે આર્થિક સહયોગને મળશે નવી ગતિ

અમદાવાદ,

ગુજરાત સરકારના આદિજાતી વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગના મંત્રી શ્રી નરેશભાઈ પટેલે આસામના મુખ્યમંત્રી શ્રી હિમંતા બિસ્વા સરમા સાથે મુલાકાત કરી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭માં ઉપસ્થિત રહેવા માટે ઔપચારિક આમંત્રણ પાઠવ્યું હતું.

આ મુલાકાત પ્રસંગે ગુજરાત એનર્જી લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી અવંતિકા સિંઘ (IAS) અને ડેલીગેશનના સભ્યો પણ ઉપસ્થિત રહ્યાં હતા.

ગુજરાત એનર્જી લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અવંતિકા સિંઘે આસામ સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે ખાસ મુલાકાત અને ચર્ચા-વિચારણા કરી હતી.

આ બેઠક દરમિયાન ઓઈલ અને ગેસ ક્ષેત્રે ગુજરાતે હાંસલ કરેલી નોંધપાત્ર પ્રગતિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, બંને રાજ્યો વચ્ચે ઔદ્યોગિક સહયોગ, પરસ્પર રોકાણની તકો અને આંતર-રાજ્ય ભાગીદારી વધારવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ ચર્ચામાં આગામી જાન્યુઆરી ૨૦૨૭માં યોજાનારી 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭'માં આસામની ભાગીદારી અંગે પણ મહત્વનો નિર્ણય લેવાયો હતો. આ સમિટમાં આસામ 'પાર્ટનર સ્ટેટ' (ભાગીદાર રાજ્ય) તરીકે જોડાશે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના આ વૈશ્વિક મંચ પર આસામ પોતાના વિવિધ ઉદ્યોગોને રજૂ કરીને આસામમાં રહેલી રોકાણની વિપુલ તકોનું પ્રદર્શન કરશે, આ સાથે જ નવી ભાગીદારીઓની શોધ કરીને ગુજરાત સાથેના આર્થિક સંબંધોને વધુ સુદ્રઢ બનાવશે.

અમદાવાદ ફાયર વિભાગમાં અત્યાધુનિક ટેકનોલોજીવાળું રોબોટિક ડ્રોન સામેલ થશે

અમદાવાદ,

આગની મોટી અને ગંભીર ઘટનાઓ સામે લડવા માટે ફાયર વિભાગને વધુ આધુનિક અને સક્ષમ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે જેમાં, અમદાવાદ ફાયર વિભાગમાં હવે અત્યાધુનિક રોબોટિક ડ્રોન 'ગરુડ' સામેલ થવા જઈ રહ્યું છે. આ સાથે અમદાવાદ ફાયર વિભાગ દેશનું પ્રથમ એવું ફાયર વિભાગ બન્યું છે, જ્યાં એરિયલ ફાયર ફાઈટરની સુવિધા ઉપલબ્ધ થવા જઈ રહી છે. 'ગરુડ'ની મદદથી હવે ફાયર વિભાગ માત્ર જમીન પરથી જ નહીં, પરંતુ આકાશમાંથી પણ આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી શકશે.

દિવસે ને દિવસે વધુ સારી રીતે વિકસી રહેલા અમદાવાદમાં ગગનચુંબી ઈમારતો, કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને ઔદ્યોગિક એકમોની સંખ્યામાં વધારો થયો છે. આવી ઊંચી ઈમારતોમાં આગ લાગે ત્યારે ફાયર ફાઈટર્સ માટે ઘટનાસ્થળ સુધી પહોંચવું અને આગ પર કાબૂ મેળવવો ઘણીવાર પડકારજનક બની જાય છે. ખાસ કરીને એવી જગ્યાઓ પર જ્યાં સીધા પહોંચવું જોખમી હોય, ત્યાં 'ગરુડ' ફાયર વિભાગ માટે મદદરૂપ સાબિત થઈ શકે છે.

મહત્વનું છે કે, રોબોટિક ડ્રોન 'ગરુડ'ની સૌથી મોટી વિશેષતા તેની ઊંચાઈ સુધી પહોંચવાની ક્ષમતા છે. આ ડ્રોન ૭૫ મીટર એટલે કે અંદાજે ૨૪૬ ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે છે.

ચૂંટણી પહેલા ગુજરાત સરકારનો માસ્ટરસ્ટ્રોક : ૪૮ હજાર ખેડૂતોને રવિ સિઝનમાં પણ મળશે મફત બિયારણ-ખાતર

આદિવાસી વસ્તી ધરાવતા કુલ ૧૪ જિલ્લાના ૪૮,૦૦૦થી વધુ લાભાર્થી ખેડૂતોને યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા

ગાંધીનગર,

રાજ્ય સરકાર દ્વારા હાલ આદિવાસી વોટ બેંક મજબૂત કરવા માટે તનતોડ મહેનત કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર હાલ ત્રણ દિવસ આદિવાસી બેલ્ટમાં ભ્રમણ કરી રહ્યા છે. હવે આદિવાસી ખેડૂતોને રિઝવવા માટે રાજ્ય સરકારે રવિ સિઝનમાં પણ બિયારણ અને ખાતરની સહાય આપવાનો નિર્ણય લીધો છે.અત્યાર સુધી ખરીફ સિઝન માટે જ બિયારણ અને ખાતરની સહાય આપવામાં આવતી હતી, પરંતુ હાલ સરકારે પોતાનો મૂડ બદલ્યો છે.



ગુજરાત સરકારના નિર્ણય મુજબ, ગુજરાતના આદિવાસી વસ્તી ધરાવતા કુલ ૧૪ જિલ્લાના ૪૮,૦૦૦થી વધુ લાભાર્થી ખેડૂતોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આ યોજના માટે અગાઉ ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી અને હાલમાં લાભાર્થીઓને કિટ વિતરણની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. બીજી તરફ, એવી ચર્ચાઓ થઈ રહી છે કે આગામી વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સરકાર આદિવાસી વિસ્તારો પર વિશેષ ધ્યાન ફોક્સ કરી રહી છે. વિરોધ પક્ષો અને રાજકારણ સાથે જોડાયેલા વિશ્લેષકોના મતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મંત્રીઓના આદિવાસી વિસ્તારોના પ્રવાસ અને રવિ સિઝનમાં સહાય શરૂ કરવાનો આ નિર્ણય આદિવાસી મતદારોને આકર્ષવાના પ્રયાસનો એક ભાગ હોઈ શકે છે. આ યોજના હેઠળ પ્રત્યેક લાભાર્થી ખેડૂતને એક એકર જમીન માટે પૂરતું બિયારણ અને ત્રણ પ્રકારના ખાતર આપવામાં આવશે, જેમાં એક એકર જમીન માટે યોગ્ય પાકનું બિયારણ, પ્રોમ ખાતરની ૫૦ કિલોની એક બેગ, એમોનિયમ સલ્ફેટ ખાતરની ૫૦ કિલોની એક બેગ અને એનપીકે કોન્સોર્ટિયાની એક બોટલ આપવામાં આવશે.

નેશનલ હાઈવે તથા રાજ્યના મુખ્ય હાઈવેની તમામ હોટેલ, રેસ્ટોરન્ટ અને ઢાબા પર થશે સઘન ચેકિંગ

ગુજરાતભરમાં ફૂડ સેફ્ટી મેગા ડ્રાઈવ

ગાંધીનગર,

રાજ્યના નાગરિકોને શુદ્ધ, સ્વચ્છ અને આરોગ્યપ્રદ આહાર મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ખાદ્ય સુરક્ષા ક્ષેત્રે કડક કદમ ઉઠાવવામાં આવ્યા છે. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં આરોગ્ય વિભાગ તથા ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઉચ્ચ અધિકારીઓની એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ખાદ્ય પદાર્થોના વેચાણમાં પારદર્શિતા લાવવા અને જનઆરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં આરોગ્ય મંત્રીશ્રીએ નેશનલ હાઈવે તથા રાજ્ય ના મુખ્ય હાઈવે પરની તમામ હોટેલ, રેસ્ટોરન્ટ, હાઈવે પરના ઢાબા અને ફૂડ સર્વિસ સાથે સંકળાયેલી તમામ પેઢીઓનું સઘન ચેકિંગ કરવા અધિકારીઓને સ્પષ્ટ આદેશ આપ્યા છે. મંત્રીશ્રીના દિશાનિર્દેશ મુજબ, ગુજરાત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ, ૨૦૦૬' હેઠળ તા. ૧૯ નવેમ્બર, ૨૦૨૬થી સમગ્ર રાજ્યમાં "ઓપરેશન હેલ્થ" અંતર્ગત ખાસ તપાસણી ઝુંબેશ શરૂ કરવામાં આવશે.

એએમસીનો નવો તુક્કો, સોશિયલ મીડિયા પ્રચાર માટે ૨ કરોડનો ખર્ચ, ઈન્ફ્લુએન્સર વાહવાહી કરશે

એએમસી દ્વારા સોશિયલ મીડિયા મેનેજમેન્ટ અને ડિજિટલ પ્રચાર માટે બે વર્ષના કોન્ટ્રાક્ટની દરખાસ્ત

અમદાવાદ,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) હવે સોશિયલ મીડિયા મારફતે પોતાની કામગીરીનો પ્રચાર-પ્રસાર કરવા કરોડો રૂપિયા ખર્ચવાની તૈયારી કરી રહ્યું છે. મ્યુનિ. તંત્રના ઈસ્ટાગ્રામ,ફેસબુક એકસ અને યુટ્યુબ એકાઉન્ટને વધુ સક્રિય બનાવવા તેમજ યુવા વર્ગ સુધી પહોંચવા માટે એજન્સીની નિમણૂક કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આ કામગીરી પાછળ બે વર્ષમાં જીએસટી સહિતનો ખર્ચ અલગ રાખીને અંદાજે ૨.૧૬ કરોડ ખર્ચવાની યોજના છે.

એએમસી દ્વારા સોશિયલ મીડિયા મેનેજમેન્ટ અને ડિજિટલ પ્રચાર માટે બે વર્ષના કોન્ટ્રાક્ટની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મૂકવામાં આવી છે. આ કામગીરી 'ઈવીએમ કન્સલ્ટન્સી'ને સોંપવાની યોજના છે. એજન્સી મ્યુનિ.ના વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ, વીડિયો અને રીલ્સ તૈયાર કરીને મૂકશે, જેથી કોર્પોરેશનના ફોલોઅર્સ વધે અને તેની કામગીરી વધુ લોકો સુધી પહોંચે.

આ દરખાસ્તને લઈને ખર્ચમાં થયેલો વધારો પણ ચર્ચાનો વિષય બન્યો છે. થોડા મહિના અગાઉ સોશિયલ મીડિયા મેનેજમેન્ટ માટે વાર્ષિક ૬૦થી ૭૦ લાખનો અંદાજ રાખવામાં આવ્યો હતો. જોકે, તે સમયે કોઈ એજન્સી કામ કરવા તૈયાર ન થતાં રિ-ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. હવે નવા ટેન્ડર બાદ વાર્ષિક ખર્ચ વધારીને ૧.૦૮ કરોડ કરવામાં આવ્યો છે. બે વર્ષનો કુલ ખર્ચ ૨.૧૬ કરોડ થશે, જ્યારે જીએસટી અલગથી ચૂકવવાનો રહેશે.

નવી વ્યવસ્થા હેઠળ એજન્સીએ એએમસીના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર દરરોજ ઓછામાં ઓછી ત્રણ પોસ્ટ અથવા રીલ મૂકવાની રહેશે.

વિદ્યાર્થીઓની સુરક્ષાના મુદ્દે સેટેલાઈટ સ્કૂલ ફોર ચિલ્ડ્રનને ડીઈઓની ફરી નોટિસ

શાળા મેનેજમેન્ટને જરૂરી માહિતી રજૂ કરવા સૂચના આપવામાં આવી

અમદાવાદ,

અમદાવાદની સેટેલાઈટ સ્કૂલ ફોર ચિલ્ડ્રનને શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ફરી કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. શાળામાં વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈને નિયામક પ્રાથમિક શાળાઓની કચેરીમાં ફરિયાદ કરવામાં આવી હતી. આ ફરિયાદના આધારે ડીઈઓએ શાળા સંચાલન પાસેથી સુરક્ષા વ્યવસ્થા, માન્ય નકશો અને જમીનના આધાર પુરાવા સહિતની વિગતો માગી હતી. જોકે, શાળાએ સમયસર લેખિત જવાબ રજૂ ન કરતાં હવે વડી કચેરીમાં રિપોર્ટ કરવાની તૈયારી કરવામાં આવી છે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીના જણાવ્યા અનુસાર, નિયામક પ્રાથમિક શાળાઓની કચેરીમાં એક ફરિયાદીએ સેટેલાઈટ સ્કૂલ ફોર ચિલ્ડ્રન સામે બાળકોની સુરક્ષાને લગતા પ્રશ્નો ઉઠાવ્યા હતા. આ ફરિયાદને ધ્યાનમાં રાખીને શાળા મેનેજમેન્ટને જરૂરી માહિતી રજૂ કરવા સૂચના આપવામાં આવી હતી.

શાળા પાસે માન્ય નકશો, જમીનના આધાર પુરાવા અને બાળકોની સુરક્ષા માટે કરવામાં આવેલી વ્યવસ્થાઓ અંગે લેખિત માહિતી માગવામાં આવી હતી. જોકે, શાળા દ્વારા આ વિગતો રજૂ કરવામાં આવી ન હોવાથી ફરીથી કારણદર્શક નોટિસ આપવામાં આવી છે.

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રભારી રણદિપસિંહ સુરજેવાલાએ અમદાવાદમાં બેઠકો યોજી

વિધાનસભા ચૂંટણીને લઈને ગુજરાત કોંગ્રેસે તૈયારીઓ શરૂ કરી દીધી

અમદાવાદ,

આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને લઈને ગુજરાત કોંગ્રેસે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ અંતર્ગત ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રભારી રણદિપસિંહ સૂરજેવાલા બે દિવસીય પ્રવાસે અમદાવાદ આવ્યા છે. પ્રવાસ દરમિયાન તેમણે રાજીવ ગાંધી ભવન ખાતે અલગ અલગ બેઠકો યોજી હતી. બેઠકોમાં પોલિટિકલ અફેર્સ કમિટી, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો તેમજ જિલ્લા, શહેર અને તાલુકા પ્રમુખો સાથે ચર્ચા કરવામાં આવી હતી. અલગ અલગ મુદ્દાઓ અને આગામી કાર્યક્રમોને લઈને રોડમેપ તૈયાર કરવાનું આયોજન પણ કરાયું હતું.



આજરોજ સૂરજેવાલાએ શહેર અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખો સાથે બેઠક કરી હતી. ત્યારબાદ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યો સાથે પણ બેઠક યોજાઈ હતી. ચૂંટણી પહેલાં સંગઠનને મજબૂત બનાવવા, સ્થાનિક સ્તરે પક્ષની સ્થિતિનું મૂલ્યાંકન કરવા અને આગામી સમયની રાજકીય રણનીતિ નક્કી કરવા બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

પ્રદેશ પ્રભારી રણદિપસિંહ સૂરજેવાલાએ જણાવ્યું હતું કે યુવાનો, મહિલાઓ, ગૃહિણીઓ અને ખેડૂતોના મુદ્દે વ્યાપક રોડમેપ તૈયાર કરવા માટે બેઠકમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

૧૦ કેન્દ્રીય પોલીસ સંગઠનો, ૨૪ રાજ્યો અને ૪ કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ ૩૮ ટીમો બેડમિન્ટન અને ટેબલ ટેનિસમાં કૌશલ્ય દાખવશે

અમદાવાદ,

શ્રી જી.એસ. મલિક, રાજ્ય પોલીસ વડાએ કહ્યું હતું કે, પોલીસ દળો વચ્ચે સંકલન, ટીમ ભાવના અને ઉત્સાહવર્ધન માટે આ પ્રકારની સ્પર્ધાઓ મહત્વની

- ટૂર્નામેન્ટમાં દેશભરના પોલીસ દળોની ટીમોની સહભાગિતા 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની વિભાવના જીવંત કરશે

- તણાવપૂર્ણ ફરજ વચ્ચે રમતગમત એ માત્ર મનોરંજન નહીં, પણ અનિવાર્ય આવશ્યકતા

દેશના તમામ પોલીસ દળો અને અર્ધલશ્કરી દળોમાં ખેલદિલી, શારીરિક સક્ષમતા અને પરસ્પર ભાઈચારો વધારવાના ઉદ્દેશ્ય સાથે અમદાવાદના નારણપુરા સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આજે 'તૃતીય ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિન્ટન ક્લસ્ટર



૨૦૨૬-૨૭'નો પ્રારંભ થયો છે. ગુજરાત પોલીસની યજમાનીમાં યોજાયેલા આ રાષ્ટ્રીય કક્ષાના રમતોત્સવનો રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે રાજ્ય પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે દેશભરમાંથી પધારેલા ખેલાડીઓ, અધિકારીઓને આવકારતા જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસને આ રાષ્ટ્રીય ક્લસ્ટરની યજમાની મળી છે, જે સમગ્ર પોલીસ પરિવાર માટે ગૌરવની વાત છે. કેરળ અને ઉત્તર પ્રદેશ પોલીસે શરૂ કરેલી આ પરંપરાને આગળ ધપાવતા ૧૦ કેન્દ્રીય પોલીસ સંગઠનો, ૨૪ રાજ્યો અને ૪ કેન્દ્રશાસિત પ્રદેશોની કુલ ૩૮ ટીમોની આ સહભાગિતા 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની વિભાવનાને જીવંત કરે છે. સ્પર્ધામાં ૨૫૧ મહિલા ખેલાડીઓ ભાગ લઈ રહી છે, જેઓ કાયદો-વ્યવસ્થાની ફરજોની સાથે રમતના મેદાનમાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહી છે એમ તેમણે ઉમેર્યું હતું.

પોલીસ સેવા અને રમતોના મહત્વ વિશે વાત કરતા રાજ્ય પોલીસવડાએ ઉમેર્યું હતું કે, અનિશ્ચિત અને તણાવપૂર્ણ ફરજ વચ્ચે રમતગમત પોલીસકર્મીઓને શારીરિક રીતે ચુસ્ત અને માનસિક રીતે સશક્ત બનાવે છે. રમતો પ્રેશર દરમિયાન યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા, ધીરજ અને ટીમ ભાવના કેળવે છે, જે ફરજના મોરચે વધુ આત્મવિશ્વાસ સાથે સેવા કરવામાં મદદરૂપ થાય છે. આ સ્પર્ધાનો મૂળ હેતુ માત્ર મેડલ જીતવાનો નહીં, પરંતુ વિવિધ રાજ્યો અને દળો વચ્ચે મિત્રતા અને પરસ્પર સંકલન મજબૂત કરવાનો છે.

વિદેશમાંથી ગુજરાતના વેપારીઓને ધમકાવી ખંડણી માંગી : ગેંગસ્ટર હેરી ઢીલ્લોનના કાવતરાનો પર્દાફાશ

વાપીના જ્વેલર્સ પર જીવલેણ હુમલો કરાવનાર હેરી ઢીલ્લોનના ત્રણ સાગરીતોને પોલીસે ઝડપી પાડ્યા

વાપી,

દુબઈમાં બેસીને ગુજરાતના વેપારીઓને ધમકાવી, ડરાવીને ખંડણી માંગનાર ગેંગસ્ટર હેરી ઢીલ્લોનના કાવતરાનો વલસાડ જિલ્લા પોલીસે પર્દાફાશ કર્યો છે. વાપીના જાણીતા અભિષેક જ્વેલર્સના સંચાલકના પરિવાર પાસેથી રૂ.૫ કરોડની ડરાવીને ખંડણી માંગ્યા બાદ તેમના નાના ભાઈ પર થયેલા જીવલેણ હુમલાના કેસમાં પોલીસે ત્વરીત એક્શન લેતા કલાકોમાં ત્રણ આરોપીઓને ઝડપી લેવાયા હતા. આ બાબતે વલસાડ પોલીસ ટીમની સરાહનીય સતર્કતા, ટેકનિકલ તપાસ અને આંતરરાજ્ય પોલીસ સાથેના સંકલનના કારણે આરોપીઓ ગુજરાતની હદ છોડે તે પહેલાં જ



પોલીસના સકંજામાં આવી ગયા હતા. આ મામલે પોલીસ દ્વારા આપવામાં આવેલ માહિતી અનુસાર, આ સમગ્ર ઘટનાની શરૂઆત ગત તા.૩ નવેમ્બર ૨૦૨૬ના રોજ થઈ હતી જેમાં ફરિયાદીને એક અજાણ્યા મોબાઈલ નંબર પરથી વોટ્સએપ કોલ અને વોઈસ મેસેજ આવ્યા હતા. કોલ કરનાર વ્યક્તિએ પોતાને રોહિત- ગોદારા ગેંગનો હરજીન્દર ઉર્ફે હેરી ઢીલ્લોન ગણાવી રૂ.૫ કરોડની ખંડણી માંગી હતી અને જો ખંડણીની રકમ નહીં આપવામાં આવે તો ફરિયાદી અને તેના નાના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી.

ફોન પર ધમકી બાદ તા.૧૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ બપોરે વાપીના મહાત્મા ગાંધી માર્કેટ સ્થિત શોપિંગ સેન્ટરમાં ફરિયાદીના નાના ભાઈ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. તેઓ શોપિંગ સેન્ટરના વોશરૂમનો દરવાજો લોક કરી રહ્યા હતા ત્યારે લવપ્રીતસિંગ નિર્મલસિંગ અને અમોલકસિંગ ઉર્ફે આશિષે ધારદાર હથિયાર વડે તેમની ગરદન, માથાના પાછળના ભાગે અને પીઠ પર ઘા ઝીંક્યા હતા. ઘટનાને પગલે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

અમરેલી જિલ્લામાં ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત વોલીબોલ સ્પર્ધાની તારીખ અને સ્થળમાં ફેરફાર



અમરેલી:

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સમગ્ર રાજ્યની સાથે અમરેલી જિલ્લામાં પણ 'ખેલ મહાકુંભ-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા અંતર્ગત આકસ્મિક કારણોસર વોલીબોલ રમતની તારીખ અને સ્થળમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

નવા સમયપત્રક મુજબ, તમામ વયજૂથ માટે વોલીબોલ (બહેનો)ની સ્પર્ધા આગામી તારીખ ૨૯/૧૧/૨૦૨૬ના રોજ અને વોલીબોલ (ભાઈઓ)ની સ્પર્ધા તારીખ ૩૦/૧૧/૨૦૨૬ના રોજ યોજાશે. આ બંને સ્પર્ધાઓ સવારે ૦૮:૦૦ કલાકે 'શ્રી ઝવેરચંદ મેઘાણી હાઈસ્કૂલ, બગસરા' ખાતે યોજવામાં આવશે.

આ સ્પર્ધા અંગે વધુ વિગતો કે માર્ગદર્શન માટે કન્વીનર શ્રી મનોજભાઈ મહીડા (મો. ૯૫૩૭૭૩૦૩૨૧) અથવા શ્રી મનીષભાઈ કુકવાવા (મો. ૯૪૨૭૯૦૫૮૪૬)નો સંપર્ક કરવાનો રહેશે. જિલ્લા રમત ગમત અધિકારી (ઈન્ચાર્જ), જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, અમરેલી દ્વારા તમામ સંબંધિત ખેલાડીઓ અને શાળાઓને આ ફેરફારની ખાસ નોંધ લેવા એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

અમરેલી જિલ્લામાં નવનિયુક્ત વિદ્યા સહાયકોની સ્થળ પસંદગીના સ્થળમાં ફેરફાર

અમરેલી:

અમરેલી જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા એક જાહેર નોટિસ બહાર પાડીને જણાવવામાં આવ્યું છે કે, વિદ્યા સહાયક ભરતી વર્ષ ૨૦૨૬ અંતર્ગત ધોરણ ૧ થી ૫ (ગુજરાતી માધ્યમ) ના નવનિયુક્ત વિદ્યાસહાયકોની સ્થળ પસંદગી અગાઉ બી.આર.સી. ભવન, અમરેલી ખાતે રાખવામાં આવી હતી, પરંતુ અનિવાર્ય સંજોગોવસાત આ સ્થળમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે પછી આ તમામ નવનિયુક્ત વિદ્યાસહાયકોની સ્થળ પસંદગીની પ્રક્રિયા કે.કે. પારેખ અને આર.પી. મહેતા વિદ્યાલય (લીલાવતી બિલ્ડીંગ), નાની નુતન, બસ સ્ટેન્ડની બાજુમાં, અમરેલી ખાતે યોજવામાં આવશે,

જેની સંબંધિત તમામ ઉમેદવારોએ ખાસ નોંધ લેવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા શિક્ષણ સમિતિ અમરેલીની યાદીમાં જણાવાયું છે.

શિયાળુ સીઝનમાં બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદીમાં સાવચેતી રાખવા ખેડૂતોને અનુરોધ

અધિકૃત વિક્રેતા પાસેથી જ ખરીદી કરી પાકું બિલ મેળવવા તથા મુદત પૂરી થયેલાં ઈનપુટ્સની ખરીદી ટાળવા અપીલ



અમરેલી:

અમરેલી જિલ્લાના ખેડૂતોને શિયાળુ સીઝન દરમિયાન ખેતી માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે ખાસ સાવચેતી રાખવા અનુરોધ કરવામાં આવે છે. ખેતીમાં ઉપયોગમાં લેવાતાં આ ઈનપુટ્સની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ અથવા પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ તથા ખાનગી વિક્રેતાઓ પાસેથી જ કરવી જોઈએ. ખેડૂતો છેતરપિંડીથી બચી શકે તે માટે લાયસન્સ કે પરવાનો ન ધરાવતી વ્યક્તિઓ, પેઢીઓ, ફેરિયાઓ કે અન્ય લેભાગુ તત્ત્વો પાસેથી બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદી ન કરવા ખાસ કાળજી રાખવી જરૂરી છે.

ખેડૂતોએ ખરીદી કરતી વખતે વેપારી પાસેથી લાયસન્સ નંબર, પૂરું નામ, સરનામું, ખરીદેલ ઈનપુટનું નામ, લોટ નંબર સહિતની જરૂરી વિગતો દર્શાવતું પાકું બિલ વેપારીની સહી સાથે અવશ્ય મેળવી લેવું. આ ઉપરાંત, મુદત પૂરી થઈ ગયેલાં બિયારણ, ખાતર કે જંતુનાશક દવાઓની ખરીદી ટાળવી અને ખેતીમાં હંમેશાં વૈજ્ઞાનિક ભલામણ મુજબ જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો જોઈએ.

જિલ્લામાં ક્યાંય અનધિકૃત રીતે અથવા ભળતાં નામે અમાન્ય બિયારણ, ખાતર કે જંતુનાશક દવાઓનું વેચાણ થતું હોવાનું ધ્યાને આવે, તો ખેડૂતોએ તાત્કાલિક સંબંધિત તાલુકાના ખેતીવાડી અધિકારી અથવા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), અમરેલીનો સંપર્ક કરી જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

અમરેલીમાં ૨૫ નવેમ્બરે સિનિયર સિટીઝન રમતોત્સવ યોજાશે

અમરેલી:

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા રાજ્યના ૬૦ વર્ષથી વધુ વયના ભાઈઓ-બહેનો માટે સિનિયર સિટીઝન રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ રમતોત્સવ અંતર્ગત એથ્લેટિક્સ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ, રસ્સાખેંચ અને ટેનિસ બૉલ ક્રિકેટ સહિતની સાત રમતોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધાઓનું અમરેલી જિલ્લામાં પણ સ્થાનિક કક્ષાએ આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આગામી તા. ૨૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૮:૦૦ કલાકથી સરદાર પટેલ રમત સંકુલ, ચિત્તલ રોડ, ગોળ હોસ્પિટલ પાસે, અમરેલી ખાતે સ્પર્ધાઓ યોજાશે.આ સ્પર્ધાઓમાં ભાગ લેવા ઇચ્છુક અમરેલી જિલ્લાના સિનિયર સિટીઝન ખેલાડીઓએ જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, અમરેલી ખાતે સંપર્ક કરવા અથવા ફોન નંબર ૦૨૭૯૨-૨૯૯૦૬૧ પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. આ અંગે જિલ્લા રમતગમત અધિકારીશ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા અમરેલી જીલ્લાના ફૂલઝર ગામે જળસંચય અંગે ગ્રામસભા યોજાઈ



અમરેલી:

જળ એ જ જીવન છે અને આવનારી પેઢીને પાણીની વિકટ સમસ્યામાંથી બચાવવા માટે અત્યારથી જ જળસંચય કરવો અનિવાર્ય બન્યો છે. આ ઉદ્દેશ્યને સાર્થક કરવા માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ફૂલઝર ગામે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળસંચય અને ભૂગર્ભ જળ રીચાર્જ અંગે વિશેષ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ગીરગંગા પરિવાર ટ્રસ્ટના મુખ્ય માર્ગદર્શક અને જળસંચયના પ્રણેતા દિલીપભાઈ સખીયા દ્વારા ઉપસ્થિત સૌ ગ્રામજનો અને આગેવાનોને પાણીનું મૂલ્ય અને જળસંચયની વૈજ્ઞાનિક તથા પરંપરાગત પદ્ધતિઓ વિશે ઊંડું અને પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. "જો આપણે આજે વરસાદી પાણીનો એક-એક ટીપુ જમીનમાં નહીં ઉતારીએ, તો ભવિષ્યમાં ભૂગર્ભ જળસ્તર ઊંડા જવાથી ખેતી અને પીવાના પાણીની ગંભીર કટોકટી સર્જાશે. ગામનું પાણી ગામમાં અને ખેતરનું પાણી ખેતરમાં રોકીને જ આપણે ગ્રામીણ અર્થતંત્રને સમૃદ્ધ બનાવી શકીએ છીએ." તેમણે ચેકડેમ, બોરચાર્જિંગ, ખેતતલાવડી અને નદી-નાળા ઊંડા કરવા જેવા જળસંચયના વિવિધ કાર્યો અંગે વિગતવાર સમજ આપી હતી અને ગામના લોકો સ્વેચ્છાએ આ લોકભાગીદારીના કાર્યમાં જોડાય તેવો અનુરોધ કર્યો હતો.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧,૧૧,૧૧૧ જળ સંચયના કાર્ય કરવાનો સંકલ્પ છે જેમાં ૨૦,૦૦૦ થી વધુ જળસંચયના સ્ટ્રક્ચર તૈયાર થઈ ચૂકેલ છે.આ કાર્યક્રમમાં ફૂલઝર ગામના સરપંચશ્રી બોડાભાઈ પદમાણી, મુકેશભાઈ લુણાગરિયા, નરેશભાઈ લુણાગરિયા, લાલજીભાઈ લુણાગરિયા, મિતુલભાઈ લુણાગરિયા, મનસુખભાઈ પદમાણી, અરુણભાઈ પાસાણી (દેવગામ), રસિકભાઈ કોલડીયા, અલોગભાઈ લુણાગરિયા, અરવિંદભાઈ લુણાગરિયા, કાળુભાઈ લુણાગરિયા, ભગવાનભાઈ ગજેરા, દિલીપભાઈ રાદડિયા સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ગીરગંગા પરિવાર ટ્રસ્ટ તરફથી પ્રમુખશ્રી દિલીપભાઈ સખીયા, અરવિંદભાઈ ડોબરિયા, રમેશભાઈ ધાનાણી, પ્રફુલભાઈ સેજલીયા, ધીરુભાઈ ગજેરા, જગદીશભાઈ હદવાણી, રવજીભાઈ પાનસુરીયા વગેરે સભ્યો ખાસ હાજર રહ્યા હતા

અમરેલી જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની જાહેર પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક ટીમની રચના



અમરેલી:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનાર નવેમ્બર/ડિસેમ્બર-૨૦૨૬ની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થનાર પરીક્ષાર્થીઓના મનમાંથી પરીક્ષાનો હાઉ (ડર) દૂર થાય તેમજ તેમની મૂંઝવણનું નિરાકરણ અને પરીક્ષાલક્ષી માર્ગદર્શન મળી રહે તે હેતુથી અમરેલી જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી દ્વારા જિલ્લાની વિવિધ શાળાઓના આચાર્યો અને તજજ્ઞ શિક્ષકોની એક માર્ગદર્શક ટીમની રચના કરવામાં આવી છે.આ માર્ગદર્શક ટીમમાં એલ. કે. બાબરીયા હાઈસ્કૂલ-હામાપુરના શ્રી વિપુલભાઈ ભટ્ટ (મો. ૯૪૨૭૭ ૪૨૨૭૧), સુ.સા. હાઈસ્કૂલ-વડિયાના શ્રી કિરીટભાઈ જોટવા (મો. ૯૮૯૮૪ ૬૭૯૯૯), પારેખ અને મહેતા હાઈસ્કૂલ-જાફરાબાદના શ્રી વી. બી. અગ્રાવત (મો. ૯૪૨૬૯૮૫૭૩૫) અને સનરાઈઝ હાઈસ્કૂલ-સાવરકુંડલાના શ્રી સોનલબેન મશરૂ (મો. ૯૪૨૮૪ ૪૧૯૨૫)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત જી. એન. દામાણી હાઈસ્કૂલ-ધારીના શ્રી પી. ડી. પટાટ (મો. ૯૮૨૫૭૩૬૫૫૦), જનતા વિદ્યાલય-તાતણીયાના શ્રી ધર્મેન્દ્રભાઈ કનાળા (મો. ૯૯૯૮૩૨૦૦૪૫), એમ. એમ. યાજ્ઞિક હાઈસ્કૂલ-સલડીના શ્રી અજયભાઈ માઢક (મો. ૭૬૦૦૦૨૦૯૦૦) અને સ.મા. શાળા-દેવકાના શ્રી અનિલભાઈ પરમાર (મો. ૭૫૬૭૦૩૧૩૩૩) પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડશે.આ માર્ગદર્શક ટીમ તારીખ ૨૧/૧૧/૨૦૨૬ થી તારીખ ૦૯/૧૨/૨૦૨૬ સુધી દરરોજ સવારે ૧૧:૦૦ થી સાંજે ૬:૦૦ કલાક દરમિયાન કાર્યરત રહેશે. જિલ્લા શિક્ષણ અધિકારી, અમરેલી દ્વારા તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને આ સેવાનો મહત્તમ લાભ લેવા એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

ખાંભામાં ઘરે-ઘરે ફોગિંગ શરૂ

અમરેલી:

ખાંભા શહેર અને અમુક વિસ્તારોમાં ડેન્ગ્યુના કેસ નોંધાયા હતા. જીનવાડી અને લીબડીપરામાં તાવના દર્દીઓ વધતાં લોકોમાં ચિંતા ફેલાઈ હતી. દિવ્ય ભાસ્કરના અહેવાલ બાદ આરોગ્ય વિભાગે ઘરે-ઘરે સર્વે અને ફોગિંગ શરૂ કર્યું.

૧૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ દિવ્ય ભાસ્કરમાં 'ખાંભામાં ડેન્ગ્યુનો ભરડો: જીનવાડી અને લીબડીપરા સહિત કેસ નોંધાયા' શીર્ષક હેઠળ અહેવાલ પ્રસિદ્ધ થયો હતો. અહેવાલમાં ખાનગી લેબોરેટરીમાં કરાવેલી તપાસમાં કેટલાક દર્દીનો ડેન્ગ્યુ દ્વજી૧ રિપોર્ટ પોઝિટિવ આવ્યા હોવાનું જણાવાયું હતું.

લોકોએ તંત્રને ફોગિંગ અને દવાનો છંટકાવ કરવાની રજૂઆત કરી હતી. અહેવાલ બાદ આરોગ્ય વિભાગની ટીમ જીનવાડી, લીબડીપરા સહિતના વિસ્તારોમાં પહોંચી હતી.ટીમે ઘરે-ઘરે જઈને સર્વે કર્યો અને તાવના દર્દીઓની તપાસ કરી.

ઊનાના આમોદ્રા ગામે સંત મૂળદાસજીની જન્મ જયંતિ પ્રસંગે ત્રિ દિવસીય ધાર્મિક કાર્યક્રમો



કૈલેશ ભટ્ટ ઉના:

ગુજરાત સહિત સમગ્ર દેશમાં વસતાસમસ્ત લુહાર સુતાર અને પંચાલ સમાજ અને મૂળદાસજી નીજન્મ ભૂમિ એવા આમોદ્રા ગામ માં અનેરો ભક્તિ રસ અને ઉત્સાહ જોવા મળી રહેલ છે.

નૂતન મંદિર નાં મુખ્ય દાતા શ્રી મહેશભાઈ નરોતમભાઈ કવા (બૂચરવાડા દિવ લંડન)તેમજ સમાજ નાં અન્ય દાતાશ્રી ઓના સહયોગ થી યોજાઈ રહેલ આ ત્રી દિવસીય ધાર્મિક કાર્ય દરમ્યાન દેશ વિદેશ માં રહેતા સમાજના અગ્રણીઓ સહિત સંતો ,મહંતો ઉપસ્થિત રહી આશિર્વચન આપનાર હોવાનું જાણવા મળેલ છે.

ગજેરા કેમ્પસના હોકી રમતના ખેલાડીઓએ રાજ્ય કક્ષાએ અમરેલી જિલ્લાનું નામ રોશન કર્યું

વિદ્યાર્થીઓને સપના સાકાર કરવા રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ઉતમ પ્લેટફોર્મ આપવામાં આવી રહ્યું છે:વસંતભાઈ ગજેરા



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી: SGFI રાજ્યકક્ષાની હોકી સ્પર્ધાનું આયોજન સાપુતારા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના અલગ-અલગ જિલ્લાની શ્રેષ્ઠ શાળાકીય હોકી ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ગજેરા કેમ્પસ – વિદ્યાસભાના DLSS ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કટોકટીના મુકાબલા વચ્ચે ગજેરા કેમ્પસ – વિદ્યાસભાના ૧૯ ભાઈઓ હોકી ટીમે સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી ફાઈનલ સુધીનો સફર સફળ બનાવી ને કાંસ્ય પદક મેળવી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. જેમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓ મોરી વિક્રમ, બારૈયા ગૌતમ, સોલંકી જયવીર, રાબડીયા રુદ્ર, તારાપરા મીત, ભંડેરી રોનક, ડાંગર જીત, પરમાર શિવાંગ, અકબરી મનદીપ, તારાપરા યશ, રાઠોડ રાજન, સૈયદ આયન, સાંગા વ્રજ, સોલંકી વિરાજ, ધાનાણી વીરની ટીમએ કાંસ્ય પદક પ્રાપ્ત કર્યું.

ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના ૬૯જીજી ખેલાડીઓએ આ ગૌરવપૂર્ણ સિદ્ધિમાં અમરેલી જિલ્લા ગજેરા કેમ્પસ– વિદ્યાસભા સ્પોર્ટ્સ સ્કૂલની વિશેષ ભૂમિકા રહી છે. હોકી ટીમમાં ગજેરા કેમ્પસના પ્રતિભાશાળી ખેલાડીઓની જીત સમગ્ર જિલ્લા માટે આનંદ અને ગર્વની બાબત બની છે. રાજ્ય કક્ષાએ મેડલ જીતી અમરેલી જિલ્લાનું નામ રાજ્ય સ્તરે ઉજાગર કર્યું છે. ૧૯૫૯થી શિક્ષણ અને સંસ્કારની ગૌરવશાળી પરંપરા ધરાવતી વિદ્યાસભા દ્વારા ગુણવત્તાસભર શિક્ષણની સાથે રમતગમત અને આત્મરક્ષાના ક્ષેત્રમાં પણ વિદ્યાર્થીઓને નિષ્ણાત માર્ગદર્શન અને સતત પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ સિદ્ધિ ખેલાડીઓની મહેનત, વાલીઓના સહયોગ અને કોચ દ્વારા આપવામાં આવતી સઘન તાલીમનું પરિણામ હોવાનું જણાવાયું છે

આ સિદ્ધિ દ્વારા ફરી એકવાર રાજ્ય કક્ષાએ પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિજેતા ખેલાડી ટીમ, તેમજ કોચ અક્ષયભાઈ સોની , રુચિતભાઈ પટેલ અને ટ્રેનર સાર્થકભાઈ માલકીયા અને ટ્વીન્કલબેન ગજજરને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

લાઠી નગર સેવા સદન - લાઠી, જી.અમરેલી -ત્રીજો પ્રયત્ન

:: ૧૧ માસના ધોરણે હંગામી – કરાર આધારીત જગ્યા ભરવાની જાહેરાત ::

સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અર્બન,ગુજરાતના કાર્યાલય આદેશ ક્રમાંક-SBM/efile/302/2023/0252/Admin/92 અંતર્ગત નગરપાલિકામાં ૧૧ માસના કરારઆધારિત-નિમણૂંક સીટી મેનેજર-swm-1 ની નીચેની વિગતે લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી અરજીઓ માંગવામાં આવે છે.

- સદરહુ નિમણૂંક તદ્દન હંગામી ધોરણે કરવામાં આવશે. નિમણૂંક પામનારને જે તે જગ્યા પર કાયમી થવાનો હક્ક પ્રસ્થાપિત થતો નથી.
- નિમણૂંક અંગેનો આખરી નિર્ણય પસંદગી સમિતિનો રહેશે.

અ.નં.	હોદ્દાનું નામ	શૈક્ષણિક લાયકાત	અનુભવ	પગાર ધોરણ
૧	સીટી મેનેજર –swm - 1	B.E/B.Tech-Environment B.E/b.Tech-Civil,M.E./M.Tech Environment,M.E./M.Tech-Civil	૧ વર્ષ (ડીગ્રી મેળવ્યા બાદ)	રૂ.૩૦,૦૦૦/- (ફિક્સ માસિક)

શરતો:- (૧) કર્મચારીની ભરતી ૧૧ માસના તદન હંગામી ધોરણે નિમણૂંક કરવામાં આવશે. (૨)કર્મચારીના પગાર વેતન માટેનું ફંડ –નગરપાલિકાએ સ્વચ્છ ભારત મિશનની કેપેસીટી બિલ્ડીંગની ગ્રાન્ટમાંથી કરવાપાત્ર હોય.ગ્રાન્ટ ઉપલબ્ધ થયે પગાર ચુકવણા કરવાપાત્ર થાય તેમ હોય આ બાબતે કોઈ વિવાદ કરવાપાત્ર રહેશે નહિ.(૩) કર્મચારીના પગાર સિવાય તમામ આનુષંગીક ખર્ચ નગરપાલિકાએ કરવાપાત્ર રહેશે.(૪) કરારના ધોરણે ફરજ બજાવતા કર્મચારી એક માસના નોટીસ આપી અથવા એક માસના ફિક્સ વેતનની રકમ જમા કરાવી કરારનો અંત લાવી શકાશે.(૫) સ્વચ્છ ભારત મિશન તથા મિશનના ઘટકોની માર્ગદર્શીકાઓ અને માત્ર મિશનના કાર્યક્ષેત્ર માં આવતી [illegible] પ્રકારની કામગીરીને પ્રથમ અગ્રતા આપી બાદમાં ક્ચેરીની અન્ય કામગીરી ચીફ ઓફિસરશ્રીની સુચના મુજબ કરવાની રહેશે.(૬) કરારના સમય દરમ્યાન બજવેલ સેવા/નોકરી અન્વયે પેન્શન/ફેમીલી પેન્શન,ભોનસ,એલ.ટી.સી.રજાનું રોકડમાં રૂપાંતર કોઈપણ પ્રકારની પેશગી,પ્રવર્તો કે તેવા અન્ય કોઈ નાણાકીય કે વહીવટી લાભો મળવાપાત્ર રહેશે નહિ. (૭) સરકારશ્રી દ્વારા નિયમ કરેલ પેરા/ટેક્ષ નિયમોનુસાર કર્મચારીને મળતા ફિક્સ વેતનમાંથી કપાત કરવામાં આવશે.(૮) કરાર આધારિત/આઉટસોર્સ કર્મચારીશ્રીને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ નિયત કરેલા લાભો મળવાપાત્ર રહેશે. (૯) નિમણૂંક પામેલા કર્મચારીએ કાર્યમથક પર રહેઠાણ રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મથક છોડી શકાશે નહિ.(૧૦) નિયત માસિક વેતન પર કોઈપણ જાતના ભથ્થા મળવાપાત્ર રહેશે નહિ. કરાર આધારિત અને આઉટસોર્સ કર્મચારીશ્રીને સરકારશ્રીએ નક્કી કરેલ નિયમો જ લાગુ પડશે. (૧૧) તબીબી સારવારનો ખર્ચ મજકૂર મળવાપાત્ર થશે નહિ અને ઉપરી ક્ચેરીના અધિકારીશ્રી/કર્મચારીશ્રી દ્વારા સુચના મુજબ જો રજાના દિવસે હાજર રહેવા જણાવેલ હોય તો ફરજીયાત નિયમોનું પાલન કરવાનું રહેશે અન્યથા ઉપરી ક્ચેરી દ્વારા પગલા લેવામાં આવશે. (૧૨) બોલીઓ અને શરતો કર્મચારીએ સ્વીકાર્ય છે તે અંગેનું સંમતીપત્રક કરારનામું નોટરી દ્વારા રૂ.૧૦૦/- (અંકે રૂ. સો પુરા) ના સ્ટેમ્પ પેપર પર કરીને રજુ કરવાનું રહેશે. ઉપરોક્ત શરતો પૂર્ણ કરતા ઉમેદવારોએ પોતાની અરજી તથા શૈક્ષણિક લાયકાત તથા અનુભવ તથા વય અંગેના તમામ આધાર પુરાવાની ખરી નકલ સાથે આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિવસ-૧૦(દસ) ની મુદતમાં ચીફ ઓફિસરશ્રી લાઠી નગરપાલિકા ક્ચેરી,સ્ટેશન રોડ,લાઠી-૩૬૫૪૩૦ ના સરનામે રજી.એડી.પોસ્ટ અથવા સ્પીડપોસ્ટથી પહોંચની કરવાની રહેશે મુદત વીતેલ બાદ રજુ થયેલ અરજી સ્વીકારવામાં આવશે નહિ.

નોંધ – કવર પર " સીટી મેનજર –SWM ની પોસ્ટ માટે " એમ દર્શાવવું તથા નામ, સરનામું તથા મોબાઈલ નંબરનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

(આર.બી.વેકરીયા)
ચીફ ઓફિસર
લાઠી નગરપાલિકા

(ડી.સી.જમોડ)
પ્રમુખ
લાઠી નગરપાલિકા

જાહેરાત | ૨૪મી૨ | ૩૯૨|૨૦૨૬

કોડીનાર પંથકનાં જળાશયો બન્યાં વિદેશી યાયાવર પક્ષીઓનું સ્વર્ગ



શિયાળાની શરૂઆત સાથે લાખોની સંખ્યામાં પક્ષીઓનું આગમન

કૈલેશ ભટ્ટ ઉના:

સોડવ અને બરડા બંધારા સહિત કોડીનારના દરિયાકાંઠા અને વેટલેન્ડ વિસ્તારોમાં પક્ષીઓનો કલરવ – પેલિકન, ફ્લેમિંગો, કુંજ સહિત ૪૦ જેટલી પ્રજાતિઓએ જમાવ્યો ડેરો, પક્ષી અભયારણ્ય વિકસાવવાની માંગ

ગીર સોમનાથ જિલ્લાનો કોડીનાર તાલુકો કુદરતી સૌંદર્ય અને દરિયાઈ વિસ્તારની આગવી ઓળખ ધરાવે છે. ત્યારે શિયાળાની શરૂઆત થતાં જ કોડીનાર પંથકના દરિયાકાંઠા અને જળાશયો વિદેશી યાયાવર પક્ષીઓના કલરવથી ગુંજી ઊઠ્યા છે. ખાસ કરીને સોડવ અને બરડા બંધારા સહિતના જળાશયો હાલ વિદેશી પક્ષીઓ માટે મનપસંદ આશ્રયસ્થાન બન્યા છે. લાખોની સંખ્યામાં વિદેશી પક્ષીઓનું આગમન થતાં સ્થાનિક પક્ષીપ્રેમીઓમાં આનંદની લાગણી છવાઈ છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ સાઇબેરિયા, મધ્ય યુરોપ, મંગોલિયા સહિતના ઠંડા પ્રદેશોમાંથી હજારો કિલોમીટરનું અંતર કાપીને યાયાવર પક્ષીઓ કોડીનાર પંથકમાં આવી પહોંચ્યાં છે. આ પક્ષીઓ અહીં અનુકૂળ વાતાવરણમાં અંદાજે ચાર મહિના સુધી રોકાણ કરી શિયાળો વિતાવે છે. સોડવ અને બરડા બંધારા ખાતે વહેલી સવારથી જ પક્ષીઓના કલરવ અને પાણીમાં વિહરતાં પક્ષીઓનાં ટોળાં મનમોહક દૃશ્યો સર્જી રહ્યાં છે.સ્થાનિક પક્ષીપ્રેમીઓના જણાવ્યા અનુસાર સામાન્ય રીતે દર વર્ષે ગીર સોમનાથ જિલ્લામાં આશરે ૬૫ જેટલી પ્રજાતિનાં યાયાવર પક્ષીઓનું આગમન થાય છે. જોકે, ચાલુ વર્ષે અત્યાર સુધીમાં અંદાજે ૩૫થી ૪૦ જેટલી પ્રજાતિનાં પક્ષીઓ જોવા મળી રહ્યાં છે. આ વર્ષે સારો વરસાદ થવાથી જળાશયો અને વેટલેન્ડ વિસ્તારોમાં પાણીની ઉપલબ્ધતા વધી છે. ખાસ કરીને છીછરા પાણીવાળા વિસ્તારો પક્ષીઓ માટે અનુકૂળ રહેઠાણ અને ખોરાકની વ્યવસ્થા પૂરી પાડતા હોવાથી શિયાળાની શરૂઆત સાથે જ તેમનું આગમન શરૂ થઈ ગયું છે. આગામી દિવસોમાં હજુ વધુ પ્રજાતિઓ અને મોટી સંખ્યામાં પક્ષીઓ જોવા મળે તેવી શક્યતા પક્ષીપ્રેમીઓ વ્યક્ત કરી રહ્યા છે.

કોડીનાર પંથકમાં આવેલા જળાશયોમાં પેલિકન, ફ્લેમિંગો, કુંજ, કોમન ક્રેન અને સોવલર સહિતની વિવિધ પ્રજાતિઓ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે. ખાસ કરીને કુંજ પક્ષીઓ ગુજરાતમાં મગફળીના પાકની લણણીના સમયગાળા દરમિયાન અહીં પહોંચે છે. જ્યારે પેલિકન અને ફ્લેમિંગો છીછરા તળાવો તથા દરિયાકાંઠાના વિસ્તારોમાં વસવાટ કરી નાની માછલીઓનો શિકાર કરતા જોવા મળે છે. આ પક્ષીઓનાં રંગબેરંગી ટોળાં અને તેમની આગવી જીવનશૈલી કુદરતપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યાં છે.

મહત્ત્વની વાત એ છે કે કોડીનાર તાલુકાના સોડવ અને બરડા બંધારા પૂરતા મર્યાદિત નહીં, પરંતુ તાલુકાના વિવિધ તળાવો, જળાશયો અને દરિયાકાંઠાના વિસ્તારો પણ યાયાવર પક્ષીઓ માટે અનુકૂળ નિવાસસ્થાન બની રહ્યા છે. કુદરતે કોડીનાર પંથકને પક્ષીઓની વિવિધ પ્રજાતિઓ માટે અનોખી ભેટ આપી છે. યોગ્ય સંરક્ષણ અને સુવિધાઓના અભાવે આ કુદરતી સંપદાનો પ્રવાસન ક્ષેત્રે પૂરતો ઉપયોગ થઈ શક્યો નથી.

સ્થાનિક પક્ષીપ્રેમીઓનું કહેવું છે કે ગીર સોમનાથ જિલ્લો સિંહદર્શન માટે વિશ્વભરમાં ઓળખ ધરાવે છે. ત્યારે કોડીનાર તાલુકાના સોડવ, બરડા સહિતના પક્ષીઓના મુખ્ય વસવાટ વિસ્તારોને પક્ષી સંરક્ષણ અને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવે તો ગીર સોમનાથના પ્રવાસન ક્ષેત્રને નવી ઓળખ મળી શકે તેમ છે. આ વિસ્તારોમાં પક્ષી અભયારણ્ય અથવા બર્ડ વોચિંગ ઝોન વિકસાવી, પક્ષીઓના કુદરતી રહેઠાણનું સંરક્ષણ કરવામાં આવે તો દેશ-વિદેશના પક્ષીપ્રેમીઓ અને પ્રવાસીઓ માટે કોડીનાર નવું આકર્ષણ બની શકે છે.એક તરફ ગીરની ઓળખ એશિયાઈ સિંહોથી છે, તો બીજી તરફ શિયાળાની ઋતુમાં કોડીનારનાં જળાશયો વિદેશી યાયાવર પક્ષીઓના આગમનથી કુદરતી વૈવિધ્યની આગવી ઓળખ ઊભી કરી રહ્યાં છે. ત્યારે આ કુદરતી વારસાનું જતન કરી કોડીનારને પક્ષીપ્રેમીઓના નકશા પર વિશેષ સ્થાન અપાવવા તંત્ર દ્વારા આયોજનબદ્ધ પ્રયાસો કરવામાં આવે તેવી લોકમાંગ ઊઠી રહી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajk

સૌરાષ્ટ્ર આસપાસ

શાળામાં ફોન બંધ એ સજા નહીં, સારવાર છે

આજે મોબાઈલ આપણા જીવનનો એવો ભાગ બની ગયો છે કે સવારે આંખ ખૂલે ત્યાંથી રાત્રે ઊંઘ આવે ત્યાં સુધી તે આપણા હાથમાં જ રહે છે. બાળકો માટે તો આ સ્થિતિ વધારે ગંભીર બની છે. નાનપણથી જ હાથમાં આવી ગયેલો મોબાઈલ ધીમે ધીમે રમકડું મટીને વ્યસન બની ગયો છે. બાળક ભણવા બેસે ત્યારે પણ તેનું મન પુસ્તકમાં ઓછું અને મોબાઈલની સ્ક્રીન પર વધારે રહે છે. એક મેસેજ આવે, એક નોટિફિકેશન વાગે કે તરત જ ધ્યાન તૂટી જાય છે. એક વખત ધ્યાન તૂટ્યા પછી ફરી પાછું ભણવામાં મન પરોવતાં ઘણી વાર લાગે છે. આમ ને આમ આખો દિવસ વીતી જાય છે અને ભણવાનું બાજુ પર રહી જાય છે. મોબાઈલમાં રહેલી રમતો, વીડિયો અને સોશિયલ મીડિયાએ બાળકોની એકાગ્રતા છીનવી લીધી છે. તેઓ લાંબો સમય એક જગ્યાએ બેસીને વાંચી શકતા નથી, વિચારી શકતા નથી. યાદશક્તિ પણ નબળી પડતી જાય છે, કારણ કે દરેક વસ્તુ માટે તેઓ મોબાઈલ પર આધાર રાખવા લાગ્યા છે. વાતચીત કરવાની, સામેની વ્યક્તિની આંખમાં જોઈને સાંભળવાની ટેવ પણ ઓછી થતી જાય છે. ઘરમાં સાથે બેઠા હોઈએ તોય દરેક જણ પોતપોતાના મોબાઈલમાં ખોવાયેલો હોય છે. બાળકોનું રમવાનું મેદાન છૂટી ગયું છે, દોડવું, કૂદવું, મિત્રો સાથે ઝઘડવું અને મનાવવું એ બધું સ્ક્રીનની અંદર સમાઈ ગયું છે. આંખો પર ભાર વધ્યો છે, ઊંઘ બગડી છે, ચીડિયાપણું વધ્યું છે અને એકલતા પણ વધી છે. શાળામાં પણ આ જ સ્થિતિ છે. વર્ગ ચાલતો હોય ત્યારે ખિસ્સામાં પડેલો મોબાઈલ વાગે, મિત્રનો મેસેજ આવે, ફોટો જોવાનું મન થાય અને ભણવામાંથી મન ઊઠી જાય. શિક્ષક ભણાવતા હોય અને વિદ્યાર્થીનું ધ્યાન બીજે હોય તો શિક્ષણ કેવી રીતે સફળ થાય. આ પરિસ્થિતિમાં અમેરિકાની શાળાઓમાં થયેલું એક મોટું સંશોધન આપણી આંખો ખોલી નાખે તેવું છે.અમેરિકામાં હાર્વર્ડ યુનિવર્સિટીના સંશોધકોએ શાળાઓમાં આખો દિવસ મોબાઈલ ફોન બંધ રાખવાથી બાળકોના ભણતર પર શું અસર થાય છે તે જાણવા માટે ખૂબ મોટો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસમાં ચાર હજાર છસો જેટલી શાળાઓના ત્રીજા ધોરણથી દસમા ધોરણ સુધીના તેત્રીસ લાખ જેટલા વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા. આ આંકડો એટલો મોટો છે કે તેના પરથી મળેલું તારણ હળવાશથી ઉડાવી શકાય તેમ નથી. સંશોધકોએ બે હજાર એકવીસથી બે હજાર છવ્વીસ સુધીના છ વર્ષના સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓના એમએપી ટેસ્ટના પરિણામોનો અભ્યાસ કર્યો હતો. એમએપી ટેસ્ટ એટલે બાળકનું ગણિત અને વાંચન કેટલું સુધર્યું તે માપવાની એક વૈજ્ઞાનિક કસોટી. આ અભ્યાસમાં એવી શાળાઓની સરખામણી એવી શાળાઓ સાથે કરવામાં આવી હતી જ્યાં મોબાઈલ પર કોઈ કડક પ્રતિબંધ નહોતો અને જ્યાં આખો દિવસ મોબાઈલ બંધ રાખવાનો નિયમ હતો. જે શાળાઓમાં પ્રતિબંધ હતો ત્યાં બાળકોના ફોન સવારે શાળામાં આવતાં જ લોકવાળી બેગમાં મૂકી દેવામાં આવતા હતા. એ બેગ આખો દિવસ બંધ રહેતી અને છૂટતી વખતે જ ખોલવામાં આવતી. એટલે બાળક પાસે ફોન હોય તોય તે તેને અડી શકતો નહોતો, જોઈ શકતો નહોતો, તેનો અવાજ સાંભળી શકતો નહોતો. આ નાનકડી વ્યવસ્થાએ મોટો ફેરફાર લાવી દીધો.સંશોધનમાં જાણવા મળ્યું કે જે શાળાઓમાં આખો દિવસ મોબાઈલ બંધ રાખવામાં આવ્યો ત્યાં બાળકોના ગણિત અને વાંચનના સ્કોરમાં દર વર્ષે એકથી બે અઠવાડિયાના વધારાના ભણતર જેટલો સુધારો થયો હતો.

સંધ્યાના સિનેમાસ્કોપમાં પક્ષી અને વૃક્ષની દર્શનીય અદાકારી...



ફાઇડે ફોટો સ્ટોરી

- જયદીપ એ. દવે

મન ને એક મનભાવન તંદ્રામાં લઈ જતા આ દ્રશ્યમાં, જોનારને સૌંદર્યતાની સાથે વિષય વૈવિધ્ય પણ ઠાંસી ઠાંસીને ભર્યું છે એવો આહલાદક એહસાસ કરાવવાનું સામથર્ય છે. ઊગતા શિયાળાની આહલેક વચ્ચે પળે પળે રંગ બદલતું આકાશ, વૃક્ષની શાખાઓ પર વિસામો લઈ પૂરા દિવસની ખાટી મીઠી વાગોળતી પક્ષી સેનાનું સિલુએટ અને આહલાદક હવાના સાયુજ્યથી મનરંગી માહોલ સર્જાયો છે. ત્યારે પ્રશ્ન એવો થાય છે કે જો એક તસવીરમાં પણ વૃક્ષની હાજરી પ્રાણ પૂરતી હોય તો પ્રકૃતિ કે પર્યાવરણમાં તેની હાજરી કેટલી જરૂરી હશે...?

હેલ્થ ટીપ્સ



ખીલથી છુટકારા માટે ફાયદાકારક તુલસી

તુલસી અને લીમડાથી ત્વચાની કાળજી

તુલસીનો છોડ મોટા ભાગના હિંદુઓના ઘરમાં જોવા મળતો હોય છે. તે એક પવિત્ર છોડ હોવાની સાથેસાથે સ્વાસ્થય અને સુંદરતા માટે પણ ગુણકારી છે. તેમાં વિટામિન એ, સી અને કે કે સાથેસાથે મેગ્નેશિયમ, કોપર, કેલશ્યિમ ઓમેગા ૩ પણ સમાયેલા હોય છે. તેથી તે ત્વચાની કાળજી માટે ફાયદાકારક પુરવાર થયો છે. તુલસીના પાનમાં કુદરતી રીતે જ ફંગસ અને એન્ટી-બેકટેરિયલ ગુમ સમાયેલા હોય છે. જે ખીલથી રાહત આપવામાં મદદ કરે છે. ઉપરાંત તેના ઉપયોગથી બંધ રોમછિદ્રો અને સોજા પણ દૂર થાય છે. તે ત્વચામાંથી વધારાનું તેલ અને નમીને શોષી લઈને ખીલને ઓછા કરવામાં ઉપયોગી થાય છે. રાતના સૂતી વખતે ખીલ પર તુલસીના પાન રાખવાથી લાભ થાય છે.

તુલસી અને લીમડાના પાનની પેસ્ટ

તુલસી અને લીમડાના પાનની પેસ્ટ ખીલથી રાહત પામવા માટે એક બહેતરીન માસ્ક છે.તુલસી અને લીમડાના પાનને સમાન માત્રામાં લઈ તેને વાટી પેસ્ટ બનાવી ચહેરા પર લગાડવાથી ખીલથી રાહત થાય છે.

તુલસી અને એલોવેરા

ખીલથી છુટકારો પામવા માટે એલોવેરા અને તુલસીની પેસ્ટ પણ ફાયદાકારક છે. બે ચમચા એલોવેરા જેલ અન બે ચમચા તુલસીને પેસ્ટ ભેળળી નિયમિત ચહેરા પર લગાડવાથી ફાયદો થાય પેસ્ટને ૧૫-૨૦ મિનીટ પછી ચહેરા પરથી ધોઈ નાખવી. બે અઠવાડિયા કરવાથી ખીલથી છૂટકારો મળે છે.

તુલસી અને દહી

ચુલસી સાથે દહી ભેળળી વાટીને પેસ્ટ બનાવવી.મુઠ્ઠીભર તુલસીના પાન અને એક ચમચો દહી ભેળવીને વાટી લેવા. આ પેસ્ટને ૧૫-૨૦ મિનીટ સુધી ચહેરા પર લગાડવી. અઠવાડિયામાં બે-ત્રણ વખત કરવાથી ખીલથી રાહત થાય છે.

આજના જમાનામાં નર અને નારી વચ્ચે લાગણીના ભેદ પાડવા ખોટાં

વિશેષ

ભારતીય પરંપરામાં સ્ત્રીને પુરુષ સમોવડી ગણવામાં આવી છે. ભારતીય નારી પુરાકાળથી વિવિધ ક્ષેત્રોમાં પુરુષ સાથે ખભે ખભાં મિલાવીને કામ કરતી રહી છે. ભારત પર વિદેશી શાસકોના શાસનને કારણે અમુક ગાળો એવો આવ્યો જેમાં નારીની રક્ષા કાજે અમુક પગલાં ભરવામાં આવ્યા જે જતાં સમયે રૂઢિ બની નારીના બંધનમાં ફેરવાઈ ગયા. પરંતુ આજે પશ્ચિમના આધુનિક માનસશાસ્ત્રના જાણકારો પણ નર અને નારીના કહેવાતા સામાજિક ભેદને સ્વીકારતા નથી.

એક પ્રચલિત માન્યતા એવી છે કે નર કરતાં નારી વધારે લાગણીશીલ હોય છે. આજના મનોવિજ્ઞાનના મતે આ વાતમાં તથ્ય નથી. આજના જમાનામાં નર અને નારી વચ્ચેના આવા ભેદ સ્વીકાર્ય ગણાતાં નથી. લાગણીના મામલે નર અને નારીને સમાન ગણવામાં આવે છે. પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થામાં નરને નારી કરતાં મજબૂત ગણવામાં આવે છે. બીજી તરફ નારીને લાગણીશીલ અને નરને લાગણીહીન ગણવામાં આવે છે. પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થાને કારણે પડેલાં આ ભેદ ખોટાં છે.

આધુનિક મનોવિજ્ઞાનના જણાવ્યા અનુસાર દરેક વ્યક્તિ લાગણી અનુભવતી હોય છે. ભલેને તે આ બાબતને સ્વીકારતી હોય કે ન હોય. બીજી બાબત એવી છે કે કોઈ વ્યક્તિને આ પ્રકારના ખાનાઓમાં ફીટ કરી દેવી યોગ્ય નથી. બધાં લોકો લાગણી અનુભવતા હોય છે અને તેનો પ્રતિસાદ મળે તેમ ઈચ્છતા હોય છે. બને છે એવું કે જન્મથી જ નર કે નારી તરીકે અમુક રીતે અમુક સમાજમાં ઉછેર થવાને કારણે તેઓ અમુક રીતે વર્તન કરે છે. પણ આ અપેક્ષાકૃત વર્તન કરતાં અલગ વર્તન કરવું તેમના માટે સ્વાભાવિક હોઈ શકે છે. પરંતુ જ્યારે આમ બને ત્યારે તેમનો સામાજિક બહિષ્કાર થતો હોય છે. જે તેમના વ્યક્તિત્વના વિકાસમાં અવરોધક બની શકે છે. ઘણીવાર સામાજિક માળખાંને અનુરૂપ વર્તન કરવાને કારણે વ્યક્તિત્વના વિકાસને તો અસર થાય જ છે. પણ પોતાની લાગણીને વ્યક્ત કરવામાં પણ તેમને સમસ્યાનો સામનો કરવો પડે છે.આધુનિક માનસશાસ્ત્રીઓ પણ નોંધે છે કે નારીને લાગણીશીલ બનવાની છૂટ આપવામાં આવી છે.પણ તેમાં ય તે યોગ્ય લાગણીને યોગ્ય સંજોગોમાં વ્યક્ત કરે તો જ તે સ્વીકાર્ય બને છે. ઉદાહરણ તરીકે નારી એકળાય ત્યારે રડે તે સ્વીકાર્ય છે પણ તે રોષે ભરાય તે સ્વીકાર્ય નથી. આ બીબાંઢાળ સમજને કારણે નારી ઘરેલુ હિંસાનો ભોગ બનતી હોય છે. યુએસએ જેવા દેશમાં પણ ઘરેલુ હિંસાનો ભોગ બનતી ત્રણમાંથી એક તેના પાર્ટનર દ્વારા આચરવામાં આવતી હિંસાનો ભોગ બને છે.

જ્યારે સમાજમાં પુરુષ પહેલેથી જ સત્તાવાન અને હકદાર ગણાતો હોય ત્યારે નારી આ પ્રકારની ઘરેલુ હિંસાનો ભોગ બને તેમાં કોઈ આશ્ચર્ય નથી. કમાલની વાત તો એ છે કે આવી હિંસાનો ભોગ બનનારી નારી પણ બિચારી ત્યારે જ ગણાય છે જ્યારે તે પરંપરાગત સામાજિક માળખાં અનુસાર વર્તન કરતી હોય. સામાન્ય રીતે નારી હદ બહાર જાય તો તે ઘરેલું હિંસાનો ભોગ બને તે સ્વીકાર્ય બાબત છે. જો નારી સહેજ ઉગ્ર મિજાજની હોય અને પરંપરાગત સામાજિક માળખાનો વિરોધ કરતી હોય તો તે બિચારી ગણાતી નથી પણ સાથી નારીઓ દ્વારા પણ તેને એ તો એ જ લાગની હતી કહી નવાજવામાં આવે છે.આમ, નારીએ તેની સામે આચરવામાં આવતી હિંસાનો સામનો કરવા માટે પ્રથમ તો પુરુષ સમોવડી બનવું પડે. આમાં પુરુષ સમોવડી બનવાનું સરળ છે પણ તેમાં સામાજિક માળખાની અંદર રહીને નારીએ આ ક્રાંતિ કરવાની હોય છે. જો તે ઉઘાડે છોગ બળવો કરી પુરુષ પ્રધાન સમાજ સામે મેદાને પડે તો તેને સહાય કરનારાં ગણ્યા ગાંઠ્યા જ હોય છે અને તેની પુરુષ સમોવડી બનવાની વૃત્તિને સમાજવિરોધી વલણ ગણવામાં આવે તેવો ભય પણ રહેલો હોય છે. પરંતુ આજના જમાનામાં ભારતમાં જ્યારે નારી બસ કંડકટરથી માંડી લશ્કરમાં લડવાની કામગીરી પણ પુરુષ સાથે ખભાં મિલાવીને બજાવતી થઈ ચૂકી હોય ત્યારે ભારતીય સમાજે પણ તેના જરીપુરાણાં વલણો ત્યજી આ નવી નારીને હોંશે હોંશે સ્વીકારવાની તત્પરતા દાખવવી જોઈએ.

દેવ દિવાળી : દેવોનો દીપોત્સવ, શિવતત્ત્વનો મહિમા અને તુલસી વિવાહનો પાવન સંગમ

દિવાળીના પર્વની ચમક વિશ્વભરમાં ફેલાય તેના પંદર દિવસ બાદ, કાર્તિક માસની પૂનમના દિવસે ભારતના આધ્યાત્મિક કેન્દ્ર કાશીમાં એક અદ્ભુત દૃશ્ય સર્જાય છે. ગંગાના ઘાટો પર લાખો દીવા પ્રજ્વલિત થાય છે, અને એ દૃશ્ય એવું હોય છે જાણે આકાશના તારા ધરતી પર ઊતરી આવ્યા હોય. આ પર્વ છે 'દેવ દિવાળી' – જેને 'દેવ દીપાવલી' અથવા 'ત્રિપુરારી પૂર્ણિમા' તરીકે પણ ઓળખવામાં આવે છે. માનવીઓ દ્વારા ઉજવાતી દિવાળીથી વિપરીત, આ દિવસ દેવતાઓનો ઉત્સવ માનવામાં આવે છે, જે ભગવાન શિવના પરાક્રમ અને અધર્મ પર ધર્મના વિજયનું પ્રતીક છે.

'દેવ દિવાળી' શબ્દ સ્વયંમાં એક ગાઢ અર્થ સમાવે છે. જ્યાં દિવાળી માનવો દ્વારા ભગવાન રામના અયોધ્યા આગમનની ખુશીમાં ઉજવાય છે, ત્યાં દેવ દિવાળી દેવતાઓ દ્વારા ભગવાન શિવના વિજયની ઉજવણી છે. પૌરાણિક માન્યતા અનુસાર, આ દિવસે દેવતાઓ પોતે ધરતી પર અવતરે છે અને પવિત્ર ગંગામાં સ્નાન કરીને દીપોત્સવ મનાવે છે. આથી તેને 'દેવોની દિવાળી' કહેવામાં આવે છે. આ દિવસને 'દેવ ઉઠી એકાદશી' અથવા 'પ્રબોધિની એકાદશી' તરીકે પણ ઓળખવામાં આવે છે, જે ચાતુર્માસના અંતની શરૂઆતનું પ્રતીક છે, જ્યારે ભગવાન વિષ્ણુ યોગનિદ્રામાંથી જાગે છે.

કાર્તિક માસને હિન્દુ ધર્મમાં અત્યંત પવિત્ર માસ ગણવામાં આવે છે, અને તેની પૂર્ણિમા તિથિનું વિશેષ મહત્વ છે. આ દિવસે ગંગા સ્નાન, દાન અને દીપદાનનું અનન્ય પુણ્ય ફળ મળે છે એવી શ્રદ્ધા છે. કાર્તિક પૂર્ણિમના દિવસે પવિત્ર નદીમાં સ્નાન કરવાથી જન્મો જન્માંતરના પાપો ધોવાય છે અને આત્મા શુદ્ધ થાય છે એવું માનવામાં આવે છે. આ દિવસે દીપદાન કરવાથી અને ભગવાન શિવની આરાધના કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે એવી પૌરાણિક માન્યતા છે.દેવ દિવાળીનું મુખ્ય ધાર્મિક આધાર ભગવાન શિવ દ્વારા ત્રિપુરાસુર નામના રાક્ષસના સંહારની કથા સાથે જોડાયેલું છે. આ કથા અધર્મ પર ધર્મના વિજયનું સાર્જન કરે છે. પૌરાણિક માન્યતા અનુસાર, તારકાસુર નામના રાક્ષસને ત્રણ પુત્રો હતા – તારકાક્ષ, કમલાક્ષ અને વિદ્યુન્માલી. તેઓએ કઠોર તપસ્યા કરીને બ્રહ્માજીને પ્રસન્ન કર્યા અને એવું વરદાન મેળવ્યું કે તેમને કોઈ મારી શકે નહીં. વરદાનના પરિણામે, તેમણે ત્રણ વિશાળ નગરોનું નિર્માણ કર્યું – એક સોનાનું, એક ચાંદીનું અને એક લોખંડનું. આ ત્રણેય નગરો અત્યંત શક્તિશાળી હતા અને તેમને 'ત્રિપુર' કહેવામાં આવતું. ત્રિપુરાસુરે પોતાની શક્તિના ઘમંડમાં ત્રણેય લોકોમાં હાહાકાર મચાવી દીધો. દેવતાઓએ ભગવાન શિવને પ્રાર્થના કરી. ભગવાન શિવે ત્રિપુરાસુરના વધ માટે એક ખાસ શરત જાણી – જ્યારે ત્રણેય નગરો એક સીધી રેખામાં આવે ત્યારે જ તેનો વધ થઈ શકે. કાર્તિક પૂર્ણિમાના દિવસે, જ્યારે ત્રણેય નગરો એક ક્ષણ માટે એકરૂપ થયા, ત્યારે ભગવાન શિવે 'પિનાક' ધનુષ્ય પર એક જ બાણ છોડીને ત્રણેય નગરોનો નાશ કર્યો. આ સાથે જ તેમણે 'ત્રિપુરારી' અથવા 'ત્રિપુરાંતક' નામ પ્રાપ્ત કર્યું.ત્રિપુરાસુરના સંહાર પછી, ત્રણેય લોકોમાં શાંતિ સ્થપાઈ. આ વિજયની ખુશીમાં દેવતાઓએ કાશીમાં એટલે કે વારાણસીમાં દીવા પ્રગટાવીને ઉત્સવ મનાવ્યો. એવી માન્યતા છે કે તે દિવસે દેવતાઓએ પોતે ધરતી પર અવતરીને ગંગા ઘાટ પર દીવા પ્રગટાવ્યા હતા. ત્યારથી આ દિવસ 'દેવ દિવાળી' તરીકે ઉજવવામાં આવે છે. આ ઉપરાંત, કેટલાક ગ્રંથોમાં આ દિવસને ભગવાન શિવના પુત્ર કાર્તિકેય (સ્કંદ)ના જન્મદિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.દેવ દિવાળીના પર્વનું એક અનન્ય અને અત્યંત મહત્વપૂર્ણ પાસું છે 'તુલસી વિવાહ'. આ દિવસે તુલસી માતાના છોડનું ભગવાન વિષ્ણુના પ્રતીક એવા શાલિગ્રામ

આસપાસ યોપાસ

સુરેશ ભટ્ટ

સાથે વૈદિક વિધિવિધાન સાથે વિવાહ કરાવવામાં આવે છે. કેટલાક સમુદાયો આ પવિત્ર વિવાહ દેવ દિવાળીના દિવસે અથવા કાર્તિક માસની પૂર્ણિમાના દિવસે કરે છે, જ્યારે અન્ય લોકો દિવાળી પછીની એકાદશીના દિવસે આ વિધિ કરે છે. આ વિવાહ ભક્તિ, પવિત્રતા અને આધ્યાત્મિક શુદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે.તુલસી વિવાહની પાછળ એક અત્યંત રોચક અને ભાવુક પૌરાણિક કથા છે, જે ભગવાન વિષ્ણુ, દેવી લક્ષ્મી અને તુલસી માતાના અદ્ભુત સંબંધને ઉજાગર કરે છે. કથા અનુસાર, કાલનેમિ નામના રાક્ષસની પુત્રી વૃંદા હતી, જેનો વિવાહ જલંધર નામના રાક્ષસ સાથે થયો હતો. વૃંદા અત્યંત પતિવ્રતા અને સતી હતી. તેણીના સતીત્વના પ્રભાવથી જલંધરને કોઈ હરાવી શકતું નહોતું અને તે અમર જેવો થઈ ગયો હતો. જલંધરે પોતાની શક્તિના ઘમંડમાં દેવતાઓ પર અત્યાચાર કરવા માંડ્યો. તેને હરાવવા માટે, તેના અમરત્વનું રહસ્ય એટલે કે વૃંદાના સતીત્વનો ભંગ કરવો જરૂરી હતો. આ કાર્ય ભગવાન વિષ્ણુએ કરવું પડ્યું. ભગવાન વિષ્ણુએ જલંધરનું રૂપ ધારણ કરીને વૃંદા સમક્ષ પ્રગટ થયા. વૃંદાએ તેમને પોતાના પતિ માની લીધા, અને આ રીતે તેનું સતીત્વ ભંગાણ પામ્યું. પરિણામે, જલંધરનો વધ થયો. જ્યારે વૃંદાને આ કપટની જાણ થઈ, ત્યારે તે અત્યંત ક્રોધિત થઈ અને તેણે ભગવાન વિષ્ણુને શ્રાપ આપ્યો કે તેઓ પથ્થરના બની જાય. આ શ્રાપને કારણે જ ભગવાન વિષ્ણુ 'શાલિગ્રામ' શિલા સ્વરૂપે પ્રગટ થયા. પરંતુ ભગવાન વિષ્ણુએ વૃંદાને આશીર્વાદ આપ્યો કે તેઓ તુલસીના છોડ સ્વરૂપે દરેક ઘરમાં પૂજાશે અને તેમના વિના ભગવાન વિષ્ણુની પૂજા અધૂરી ગણાશે. ત્યારથી, દર વર્ષે દેવ ઉઠી એકાદશીના દિવસે ભગવાન વિષ્ણુ (શાલિગ્રામ) સાથે તુલસીનો વિવાહ કરવામાં આવે છે, જે ભગવાન વિષ્ણુ દ્વારા તુલસીને આપેલા વચનનું પાલન છે.



તુલસી વિવાહનું ધાર્મિક મહત્વ અનન્ય છે. આ વિધિ કરવાથી પાપોનો નાશ થાય છે અને પુણ્યની પ્રાપ્તિ થાય છે એવી માન્યતા છે. આ વિવાહને કન્યાદાન સમાન પવિત્ર ગણવામાં આવે છે. જે ઘરોમાં તુલસી વિવાહ થાય છે ત્યાં દેવી લક્ષ્મીનો વાસ રહે છે એવું માનવામાં આવે છે. તુલસી વિવાહની ઉજવણીમાં તુલસીના છોડને શણગારવામાં આવે છે, તેની આસપાસ રંગોળી કરવામાં આવે છે, અને શાલિગ્રામ સાથે વિધિપૂર્વક લગ્ન કરાવવામાં આવે છે. આ પ્રસંગે ભજનો, કીર્તનો અને ધાર્મિક વિધિઓનું આયોજન થાય છે.જોકે દેવ દિવાળી સમગ્ર ભારતમાં ઉજવાય છે, પરંતુ તેનું સૌથી ભવ્ય સ્વરૂપ વારાણસીમાં જોવા મળે છે. ભગવાન શિવની નગરી કાશીમાં આ દિવસે એક અલૌકિક આધ્યાત્મિક ઊર્જા અનુભવાય છે. ભક્તો વહેલી સવારે ગંગા નદીમાં પવિત્ર સ્નાન કરે છે. સાંજના સમયે, લાખો માટીના દીવા ગંગા ઘાટના પગથિયાં, મંદિરો અને નદીના કિનારે પ્રગટાવવામાં આવે છે. આ દૃશ્ય અત્યંત મનોહર હોય છે. દશાશ્વમેધ ઘાટ અને અસ્સી ઘાટ સહિતના મુખ્ય ઘાટો પર ભવ્ય ગંગા આરતીનું આયોજન થાય છે. ઘંટડીઓ, શંખનાદ અને મંત્રોચ્ચારથી વાતાવરણ ભક્તિભાવથી ભરપૂર બની જાય છે. મંદિરોને ફૂલો, રોશની અને દીવાઓથી ખૂબ સુંદર રીતે શણગારવામાં આવે છે.દેવ દિવાળી માત્ર એક તહેવાર નથી, પરંતુ તે એક ઊંડો આધ્યાત્મિક સંદેશ ધરાવે છે. તે અંધકાર પર પ્રકાશના, અજ્ઞાન પર જ્ઞાનના અને અધર્મ પર ધર્મના વિજયનું પ્રતીક છે. દીવાની લાય પ્રગટાવવી એ આપણા અંતરના અંધકારને દૂર કરીને જ્ઞાનના પ્રકાશને પ્રજ્વલિત કરવાનું પ્રતીક છે. તેમજ, તુલસી વિવાહની કથા આપણને ક્ષમા, ભક્તિ અને પવિત્રતાનો સંદેશ આપે છે.દેવ દિવાળી એ ભારતીય સંસ્કૃતિનો એક અમૂલ્ય રત્ન છે, જે ભગવાન શિવના પરાક્રમ, દેવતાઓના ઉત્સાહ અને તુલસી-વિષ્ણુના પવિત્ર વિવાહની ગાથા ગાય છે. કાર્તિક પૂર્ણિમાની પવિત્રતા, દીપોની ઝગમગાટ, શિવતત્ત્વની મહિમા અને તુલસી વિવાહના પાવન સંગમ સાથે જોડાયેલું આ પર્વ આપણને સત્ય, ધર્મ અને પ્રકાશના માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે. કાશીના ઘાટો પર ઉજવાતી આ દિવ્ય દિવાળી આપણને યાદ કરાવે છે કે અંધકાર કેટલો ય ગાઢ હોવો, પ્રકાશનો વિજય નિશ્ચિત છે.

બુમરાહે શ્રીનાથને પાછળ છોડીને ભારત માટે સૌથી વધુ ટેસ્ટ વિકેટ લેનારા બોલરોની ટોચની ૧૦ યાદીમાં પ્રવેશ કર્યો

નવીદિલ્હી,

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહએ ટેસ્ટ ક્રિકેટમાં વધુ એક મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો છે. પોતાની ઘાતક બોલિંગથી વિશ્વના મહાન બેટ્સમેનોને મુશ્કેલીમાં મુકનાર બુમરાહ હવે ટેસ્ટ ક્રિકેટમાં ભારતના સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યાદીમાં ટોચના ૧૦માં પ્રવેશી ગયો છે. તેણે આ સ્થાન મેળવવા માટે ભૂતપૂર્વ ફાસ્ટ બોલર જવાગલ શ્રીનાથને પાછળ છોડી દીધો છે. નોંધનીય છે કે, ભારતના ટોચના ૧૦ ટેસ્ટ વિકેટ લેનારા બોલરોમાં બુમરાહની બોલિંગ સરેરાશ અને સ્ટ્રાઇક રેટ શ્રેષ્ઠ છે.

વેલિંગ્ટનમાં ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટ દરમિયાન બુમરાહએ આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી. મેચમાં, ભારતીય કેપ્ટને ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો. જસપ્રીત બુમરાહએ પોતાની શાનદાર બોલિંગથી પોતાનો નિર્ણય સાચો સાબિત કર્યો. તેણે પોતાની તીક્ષ્ણ બોલિંગથી ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોને શરૂઆતમાં જ ફટકો આપ્યો અને યજમાન ટીમને પાછળ ધકેલી દીધી.બુમરાહે તેના ૧૭ ઓવરના સ્પેલમાં ૫૨ રન આપીને ત્રણ મહત્વપૂર્ણ વિકેટ લીધી. આ સ્પેલ દરમિયાન તેણે ન્યૂઝીલેન્ડના કેપ્ટન ટોમ લેથમ, ડેરિલ મિશેલ અને ટોમ બ્લંડેલને આઉટ કર્યા. આ વિકેટોએ



ભારતીય ટીમને શરૂઆતની સફળતા અપાવી. આ પ્રદર્શન સાથે, બુમરાહે તેની ટેસ્ટ વિકેટની સંખ્યા ૨૩૭ કરી, જવાગલ શ્રીનાથને પાછળ છોડી દીધી.

જસપ્રીત બુમરાહ અત્યાર સુધી ભારતીય ટીમ માટે ૫૩ ટેસ્ટ મેચ રમ્યો છે. આ મેચોમાં, તેણે ૧૯.૭૫ ની પ્રભાવશાળી બોલિંગ સરેરાશથી કુલ ૨૩૭ વિકેટ લીધી છે. તેનો સ્ટ્રાઇક રેટ ૪૨.૭૫ રહ્યો છે. ટેસ્ટ ક્રિકેટમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન એક ઇનિંગમાં ૨૭ રન આપીને છ વિકેટ લેવાનું છે. બુમરાહે અત્યાર સુધીમાં પોતાની ટેસ્ટ કારકિર્દીમાં સાત વખત ચાર વિકેટ અને ૧૬ વખત પાંચ વિકેટ લીધી છે. આ સિદ્ધિ સાથે બુમરાહે ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલર જવાગલ શ્રીનાથને પાછળ છોડી દીધા છે, જેમણે ભારતીય ટીમ માટે ૬૭ ટેસ્ટ મેચમાં ૨૩૬ વિકેટ લીધી હતી. લાંબા સમય સુધી ભારતીય ફાસ્ટ બોલિંગનું નેતૃત્વ કરનાર શ્રીનાથ પોતાની ગતિ અને સ્વિંગ માટે જાણીતા હતા.

બુમરાહની સિદ્ધિનું સૌથી મહત્વપૂર્ણ પાસું તેની બોલિંગ સરેરાશ છે. ભારત માટે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનારા ટોચના ૧૦ બોલરોમાં તેનો સરેરાશ સૌથી ઓછો છે.

ટોમ લેથમે વીરેન્દ્ર સેહવાગની બરાબરી કરી, પ્રથમ ટેસ્ટમાં કેપ્ટન સામે હાર

નવીદિલ્હી,

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ટેસ્ટ શ્રેણી શરૂ થઈ ગઈ છે. પ્રથમ ટેસ્ટ મેચ વેલિંગ્ટનમાં રમાઈ રહી છે. દરમિયાન, ન્યુઝીલેન્ડના કેપ્ટન ટોમ લેથમ પહેલા ટેસ્ટમાં ભૂતપૂર્વ ભારતીય ઓપનર વીરેન્દ્ર સેહવાગના રેકોર્ડની બરાબરી કરી ચૂક્યા છે. જોકે, ટોમ આનાથી ખુશ નહીં હોય. પ્રથમ ટેસ્ટના પહેલા જ દિવસે ન્યૂઝીલેન્ડની ટીમ મુશ્કેલીમાં હોય તેવું લાગે છે. જોકે, રમતના ચાર દિવસ બાકી હોવાથી, કંઈપણ શક્ય છે.

ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં ભારતીય કેપ્ટન શુભમન ગિલે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો. ભારતને પહેલી ઓવરમાં જ પહેલી સફળતા મળી



જ્યારે જસપ્રીત બુમરાહે ટોમ લેથમને આઉટ કર્યો. તે સમયે, ટીમે બે રન બનાવ્યા હતા, પરંતુ લેથમે પોતાનું ખાતું પણ ખોલ્યું ન હતું. તે મેચનો ત્રીજો બોલ હતો, અને બુમરાહે લેથમને ક્લીન બોલ્ડ કર્યો. તેણે બે બોલનો સામનો કર્યો.

ટોમ લેથમ હવે ટેસ્ટ ક્રિકેટમાં શૂન્ય પર આઉટ થયેલા ઓપનરોની યાદીમાં વીરેન્દ્ર સેહવાગની બરાબરી કરી ચૂક્યો છે. તે શૂન્ય પર આઉટ થયો છે ૧૫ વખત. જોકે, કેગ બ્રેથવેટ ઇનિંગ્સ ઓપન કરતી વખતે ૧૯ ડક આઉટ સાથે ચાર્ટમાં આગળ છે. માઇક એથર્ટન ઓપનર તરીકે ૧૭ ડક આઉટ સાથે બીજા ક્રમે છે.

અમ્પાયરની ભૂલને કારણે ભારતને વિકેટ ન મળી; શુભમન ગિલે ક્લિયર આઉટ છતાં રિવ્યૂ ન લીધો

નવી દિલ્હી,

વેલિંગ્ટનમાં બેસિન રિઝર્વ ખાતે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની પહેલી ટેસ્ટ મેચમાં, ભારતીય ઝડપી બોલરોએ મજબૂત શરૂઆત કરી, યજમાન ટીમને શરૂઆતના ફટકાનો સામનો કરવો પડ્યો. ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લેનાર ભારતને પહેલી જ ઓવરમાં જ પહેલી સફળતા મળી જ્યારે જસપ્રીત બુમરાહે કિવી કેપ્ટન ટોમ લેથમને શૂન્ય રન પર ક્લીન બોલ્ડ કર્યો. ત્યારબાદ પરત ફરતા યુવા ફાસ્ટ બોલર અંશુલ કંબોજે પોતાની સચોટ લાઇન અને લેન્થથી તબાહી મચાવી, અને બીજા ઓપનિંગ બેટ્સમેન ડેવોન કોનવેને



વિકેટકીપર ઋષભ પંત દ્વારા માત્ર ૪ રનમાં કેચ કરાવીને ભારતને બીજી મોટી સફળતા અપાવી.

શરૂઆતના બે આંચકા પછી, ભારતીય ટીમ પાસે ન્યૂઝીલેન્ડને સંપૂર્ણપણે પાછળ છોડી દેવાની અને ત્રીજી વિકેટ લેવાની સુવર્ણ તક હતી, પરંતુ ફ્રઈજી ન લેવાની ભૂલ ભારત માટે મોંઘી સાબિત થઈ. હકીકતમાં, ઇનિંગની ૧૧મી ઓવરના પાંચમા બોલ પર, અંશુલ કંબોજે ઓફ સ્ટમ્પની બહાર એક સારી લંબાઈનો બોલ ફેંક્યો, જે રચિન રવિન્દ્રના બેટની બહારની ધારને સ્પર્શી ગયો અને પાછળ ગયો.

ભારતીય ખેલાડીઓએ કેચ માટે જોરદાર અપીલ કરી, અને ઋષભ પંતને સ્ટમ્પ માઈકમાં કહેતા સાંભળવામાં આવ્યો કે થોડો અવાજ આવી રહ્યો છે, જ્યારે તેણે સંકેત આપ્યો કે જો અવાજ હોય તો તે બેટમાંથી હોવો જોઈએ. જો કે, અમ્પાયરે તેને નોટ આઉટ જાહેર કર્યા પછી, કેપ્ટન શુભમન ગિલ અને ટીમે રિવ્યુ ન લેવાનો નિર્ણય લીધો.આ નિર્ણય ભારત માટે મોંઘો સાબિત થયો જ્યારે અલ્ટ્રાએજ રિપ્લેમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું કે બોલ રચિન રવિન્દ્રના બેટની બહારની ધાર પર ગયો હતો.

બેનક્રોફ્ટ વિરુદ્ધ કમિન્સ : ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ ફરી એકવાર સેન્ડપેપરના ઉપયોગ મામલે આમને-સામને

નવીદિલ્હી,

સેન્ડપેપરગેટ કૌભાંડે ફરી એકવાર ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં ખળભળાટ મચાવ્યો છે. આ ઘટનાના આઠ વર્ષ પછી, ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ઉસ્માન ખ્વાજાએ તેમની આત્મકથા "સબર" માં ખુલાસો કર્યો છે કે બધા ખેલાડીઓ સેન્ડપેપરના ઉપયોગમાં સામેલ હતા, જેનાથી આ મુદ્દો ફરી ગરમાયો છે. ડેવિડ વોર્નર ખ્વાજાના નિવેદનને ટેકો આપવા આગળ આવ્યા, જ્યારે વર્તમાન ટેસ્ટ કેપ્ટન પેટ કમિન્સે દાવાને ફગાવી દીધો. તેમણે કહ્યું કે બોલરોને કોઈ જાણકારી નહોતી કે ખેલાડીઓ સેન્ડપેપરનો ઉપયોગ કરી રહ્યા છે. જોકે, કેમેરોન





બેનક્રોફ્ટે જણાવ્યું હતું કે ટીમના દરેક ખેલાડી આમાં સામેલ હતા અને કમિન્સના નિવેદનથી તેમને વિશ્વાસઘાતનો અનુભવ થયો.કેમેરોન બેનક્રોફ્ટ દ્વારા કરવામાં આવેલા દાવા અંગે, જે ઘટનામાં દોષિત સાબિત થયા હતા અને ત્યારબાદ પ્રતિબંધિત થયા હતા, પેટ કમિન્સે તેમના મેનેજર દ્વારા જણાવ્યું હતું કે તેઓ હજુ પણ પોતાના વલણને જાળવી રાખે છે કે બોલરો બોલ પર સેન્ડપેપરના ઉપયોગથી અજાણ હતા. એબીસી ન્યૂઝ અનુસાર, પેટ કમિન્સના મેનેજર નીલ મેક્સવેલે કહ્યું હતું કે પેટનું વલણ આઠ વર્ષમાં બદલાયું નથી. તે પહેલા દિવસથી જ પોતાના વલણ પર અડગ છે. પેટ ચોક્કસપણે કેમેરોન માટે ખરાબ અનુભવે છે. તે ઘણું સહન કરી ચૂક્યો છે. અમે લોકોને પેટના ઇન્ટરવ્યુની ટ્રાન્સક્રિપ્ટ ફરીથી વાંચવા વિનંતી કરીએ છીએ. એવું કંઈ નથી જેના પર તેમણે ધ્યાન આપ્યું ન હોય, જેમાં કેમેરોનની તાજેતરની ટિપ્પણીઓનો પણ સમાવેશ થાય છે. પેટે ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમનું પુનર્નિર્માણ કર્યું છે.કેમેરોન બેનક્રોફ્ટ કમિન્સના દાવાનું ખંડન કરવા આગળ આવ્યા કે બોલરો સેન્ડપેપરના ઉપયોગથી અજાણ હતા અને એક અલગ નિવેદન આપ્યું.

ઓસ્ટ્રેલિયા સામે શ્રેણી જીત્યા બાદ ઇંગ્લેન્ડના વનડે રેન્કિંગમાં સુધારો : ૯૫ પોઇન્ટ સાથે છઠ્ઠા સ્થાને



નવીદિલ્હી,

ઇંગ્લેન્ડની ટીમ હાલમાં મર્યાદિત ઓવરની શ્રેણી માટે ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે. તેઓએ ૧૮ નવેમ્બરના રોજ હોબાર્ટ સ્ટેડિયમ ખાતે ત્રણ મેચની વનડે શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ રમી હતી, જેમાં ૯૭ રનના મોટા માર્જિનથી જીત મેળવી હતી. આ ૨-૧ થી જીત સાથે, ઇંગ્લેન્ડ આઇસીસી રેન્કિંગમાં તેની સ્થિતિ સુધારી રહ્યું છે, જે તેણે છેલ્લા કેટલાક મહિનામાં નોંધપાત્ર રીતે ગુમાવી હતી. શ્રેણીની પહેલી વનડેમાં ઇંગ્લેન્ડનો ૭ વિકેટથી એકતરફી પરાજય થયો હતો. ત્યારબાદ તેઓએ આગામી બે મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું,વનડે શ્રેણી જીતી અને ફરી એકવાર રેન્કિંગમાં અફઘાનિસ્તાન અને શ્રીલંકાથી આગળ નીકળી ગયું.

ઓસ્ટ્રેલિયા સામેની વનડે શ્રેણી શરૂ થાય તે પહેલાં, ઇંગ્લેન્ડ આઇસીસી વનડે ટીમ રેન્કિંગમાં શ્રીલંકા અને અફઘાનિસ્તાનથી નીચે ૮મા સ્થાને પહોંચી ગયું હતું. શ્રેણી જીત સાથે, તેઓ હવે રેન્કિંગમાં વધારો કરી રહ્યા છે, કુલ ૯૫ રેટિંગ પોઈન્ટ સાથે છઠ્ઠા સ્થાને પહોંચી ગયા છે. જ્યારે ઇંગ્લેન્ડનો ફાયદો થયો છે, ત્યારે અફઘાનિસ્તાન અને શ્રીલંકા એક-એક સ્થાન ગુમાવીને ૭મા અને ૮મા સ્થાને પહોંચી ગયા છે. અફઘાનિસ્તાન અને શ્રીલંકા બંનેના ૯૪ રેટિંગ પોઈન્ટ છે, જેમાં દશાંશ પોઈન્ટના આધારે અફઘાનિસ્તાન આગળ છે.

તબ્બુ વાયઆરએફ એન્ટરટેઈનમેન્ટની નેટફ્લિક્સ શ્રેણી "ટનલ મેન" સાથે ધૂમ મચાવશે

મુંબઈ,

અભિનેત્રી તબ્બુ વાયઆરએફ એન્ટરટેઈનમેન્ટની નેટફ્લિક્સ શ્રેણી "ટનલ મેન" સાથે ધૂમ મચાવશે. આ પહેલી વાર હશે જ્યારે "દ્રશ્યમ" અભિનેત્રી હિન્દી મૂળ સ્ટ્રીમિંગ શ્રેણીમાં દેખાશે. અજય દેવગણ, શ્રિયા સરન અને જયદીપ અહલાવત સાથે "દ્રશ્યમ" ફિલ્મ દ્વારા થિયેટરોમાં ધૂમ મચાવ્યા બાદ, તે હવે ઓટીટી પ્લેટફોર્મ પર ડેબ્યૂ કરવા માટે તૈયાર છે, જ્યાં તે સંપૂર્ણપણે અલગ ભૂમિકામાં જોવા મળશે. "ટનલ મેન" એ ઉત્તરાખંડમાં ૨૦૨૩ માં થયેલા ટનલ બચાવથી પ્રેરિત એક કાલ્પનિક નાટક છે. નિર્માતાઓ સસ્પેન્સ અને ગુનાથી ભરેલી વાર્તા સાથે પ્રેક્ષકોનું મનોરંજન કરવા માટે તૈયાર છે.

આ એક મોડલ વિન્ડો છે. મીડિયા લોડ થઈ શક્યું નથી, કાં તો સર્વર અથવા નેટવર્ક નિષ્ફળ



જવાને કારણે અથવા ફોર્મેટ સપોર્ટેડ ન હોવાને કારણે એક મોડલ વિન્ડો છે. આ મોડલને એસ્કેપ કી દબાવીને અથવા ક્લોઝ બટન સક્રિય કરીને બંધ કરી શકાય છે. સ્રોત ફરીથી લોડ કરી રહ્યું છે..

નવેમ્બર ૨૦૨૩ માં, સમગ્ર રાષ્ટ્રએ શ્વાસ રોકીને લાંબા અને પડકારજનક બચાવ કામગીરી જોઈ જેના કારણે ઉત્તરાખંડમાં તૂટી પડેલી ટનલમાં ફસાયેલા કામદારોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા. "ટનલ મેન" એ ઘટનાની ભાવના, મુશ્કેલ પરિસ્થિતિઓમાં દર્શાવવામાં આવેલી ધીરજ, ટીમવર્ક અને આશામાંથી પ્રેરણા લે છે જેણે સફળ ઓપરેશનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. "ધ રેલ્વે મેન" દિગ્દર્શક શિવ રવૈલ "ટનલ મેન" ના શોરનર તરીકે પાછા ફરે છે. આ નવી વાર્તા દ્વારા, તે એ જ માનવ સંવેદનશીલતા સાથે હિંમતની બીજી વાર્તા રજૂ કરશે જેના માટે તેમના અગાઉના કાર્યની પ્રશંસા કરવામાં આવી હતી.

તબ્બુની કારકિર્દી ત્રણ દાયકાથી વધુ લાંબી છે. આ સમય દરમિયાન, તેણીએ મુખ્ય પ્રવાહ અને સ્વતંત્ર સિનેમા, તેમજ હિન્દી અને પ્રાદેશિક ભાષાની ફિલ્મોમાં પોતાને અલગ પાડ્યા છે. તેણીના વૈશ્વિક પ્રોજેક્ટ્સમાં મીરા નાયરની "ધ નેમસેક" શામેલ છે, જેમાં તેણીએ આશિમા ગાંગુલીનું પાત્ર ભજવ્યું હતું. તેણીએ આંગ લીની "લાઈફ ઓફ પાઈ" અને "ડ્યુનઃ પ્રોફેસી" માં પણ અભિનય કર્યો હતો. તેણીને "માચીસ" અને "ચાંદની બાર" માં તેના શાનદાર અભિનય માટે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો મળ્યા હતા. અભિનેત્રી તબ્બુ તાજેતરમાં "દ્રશ્યમઃ ધ કક્લુઝન" માં જોવા મળી હતી, જે ૨ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી.

ફિલ્મે બોક્સ ઓફિસ પર અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું, વિશ્વભરમાં ૫૮૯.૦૯ કરોડ અને ભારતમાં ૩૮૦.૮૦ કરોડની કમાણી કરી. ફિલ્મે એડવાન્સ બુકિંગમાં પણ સારું પ્રદર્શન કર્યું,આઈએમડીબી પર ૭.૬ રેટિંગ સાથે.સુગતા મુખર્જીનો પહેલો પ્રોજેક્ટ, "ટનલ મેન", સીઈઓ અક્ષય વિધિની આગેવાની હેઠળ રૂઈલ્લ એન્ટરટેઈનમેન્ટમાં કન્ટેન્ટ હેડ તરીકે જોડાયા પછી સૌગતા મુખર્જીનો પહેલો પ્રોજેક્ટ પણ છે. કન્ટેન્ટ જગતમાં બહોળો અનુભવ ધરાવતા મુખર્જીએ ભારતની કેટલીક સૌથી લોકપ્રિય શ્રેણીઓનું નિરીક્ષણ કર્યું છે, જેમાં "સ્કેમ ૧૯૯૨," "મહારાણી," "તબ્બર," અને "રોકેટ બોયઝ"નો સમાવેશ થાય છે.

શબ્દ શોધો

ક	અ	ચા	બા	ઇ	ગ	વા	બૂ	કા	કા	ચ	ગુ
તા	મા	વા	બિ	અઃ	શિ	અ	સ	ઉ	મ	દ	મા
ર	પ	ક્રો	બિ	ભા	ણા	જ્ઞા	કા	ચી	ઔ	કી	ન
ર	અ	સ	ક્ષ	ણે	ગુ	મ	ના	મ	લ	વ	ણ
ત	ત	ગુ	વા	ઇ	આ	દ	અ	ક	સા	વિ	ઔ
ક	લા	વ	ડ	મ	રી	દ	ક	ર	ડો	વા	સા
મ	ડી	ક	ક	ઊ	મા	ગ	ગ	ઈ	અ	અ	વા
ર	લ	ક્ષ	મ	જી	એ	ન	ઝ	જી	ર	ક	આ
કા	સ	ભો	ગી	ડી	ઇ	મા	હા	લ	ડ	મ	એ
ચ	ક	ચા	ર	બ	જ્ઞા	ર	ધ	આ	મ	ભો	ક
આ	મા	ક	બૂ	કા	ગ	ન	મ	શિ	રો	ર	ઉ
ર	ણે	ડો	બ	જી	ઇ	ધ	અ	ન	લ	શ	લ

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચક્કાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

કથિત ધમકીઓને ધ્યાનમાં રાખીને કેટલાક બોલીવૂડ સ્ટાર્સને એક્સ-કેટેગરી સુરક્ષા આપવા વિચારણા

મુંબઈ,

૧૪ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ સલમાન ખાનના ઘર પર થયેલા હુમલાથી શરૂ થયેલી ફિલ્મ સ્ટાર્સને નિશાન બનાવવાનો ટ્રેન્ડ ચાલુ છે. ટાઇગર શ્રોફની કાર પર વારંવાર ગોળીબાર કરવામાં આવ્યો હતો તે તાજેતરની ઘટના બાદ, આયુષ્માન ખુરાનાને પણ ધમકી આપવામાં આવી હતી. હવે, એવા અહેવાલો છે કે ઘણા ફિલ્મ સ્ટાર્સને ઠ-કેટેગરી સુરક્ષા માટે વિચારણા કરવામાં આવી રહી છે.

બોલીવુડ સ્ટાર્સને કથિત ધમકીને ધ્યાનમાં રાખીને, મુંબઈ પોલીસ કેટલીક ફિલ્મ હસ્તીઓને એક્સ-કેટેગરી સુરક્ષા પૂરી પાડવાનું વિચારી રહી છે. અભિનેતા આયુષ્માન ખુરાના અને ટાઇગર શ્રોફ, અન્ય ઘણા સ્ટાર્સે પોલીસને સુરક્ષા માંગવા માટે અરજી કરી છે. મુંબઈ પોલીસ સુરક્ષા વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ અરજીઓની તપાસ કરવામાં આવી રહી છે.

ધમકીનું મૂલ્યાંકન કર્યા પછી સુરક્ષા વ્યવસ્થા અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે કેટલાક સ્ટાર્સને ઠ-કેટેગરી સુરક્ષા પૂરી પાડવાના વિકલ્પ પર પણ ચર્ચા થઈ રહી છે. જોકે, કોઈપણ કલાકારની સુરક્ષા અંગે કોઈ સત્તાવાર આદેશ જારી કરવામાં આવ્યો નથી. પોલીસ દરેક અરજીમાં મળેલી ધમકી, તેની વિશ્વસનીયતા અને સંભવિત ધમકીના ઇનપુટની તપાસ કરી રહી છે.આયુષ્માન ખુરાનાને મળેલી ધમકી, બેંગલુરુથી વૈભવ મિશ્રા નામના આઇટી પ્રોફેશનલની ધરપકડ અને ખાલિસ્તાન સમર્થકો તરફથી અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચનને મળેલી ધમકીઓ બાદ ફિલ્મ ઉદ્યોગમાં ચિંતા વધી ગઈ છે. જુહુમાં ટાઇગર શ્રોફની કાર પર ગોળીબાર, અક્ષય કુમાર, રણવીર સિંહ, તુષાર કપૂર અને આમિર ખાનને મળેલી ધમકીઓ સાથે સુરક્ષા એજન્સીઓમાં ચિંતા વધી ગઈ છે. લોરેન્સ બિશ્નોઈ ગેંગ અને બબ્બર ખાલસા, અનિલ પંડિત, હેરી બોક્સર અને ગોલ્ડી ધિલ્લોન જેવા ગેંગસ્ટરોની કથિત ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને, મુંબઈ પોલીસ હાલમાં નક્કી કરવા માટે કામ કરી રહી છે કે કયા કલાકારોને કયા સ્તરની સુરક્ષાની જરૂર છે.

એક્સ-કેટેગરી સુરક્ષામાં સામાન્ય રીતે બે સશસ્ત્ર સુરક્ષા કર્મચારીઓની તૈનાતીનો સમાવેશ થાય છે.

બાળકના આગમન પહેલાં સામન્થા રૂથ પ્રભુએ પૂજા કરી, દંપતીએ વડીલોના આશીર્વાદ મેળવ્યા

હૈદરાબાદ,

અભિનેત્રી સમન્થા રૂથ પ્રભુ અને તેમના પતિ, ફિલ્મ નિર્માતા રાજ નિદિમોરુ, ટૂંક સમયમાં તેમના પહેલા બાળકનું સ્વાગત કરવાના છે. તેઓ બાળકના આગમન પહેલા તેમના પરિવાર સાથે ખાસ ક્ષણો વિતાવી રહ્યા છે. તાજેતરમાં, સમન્થા અને રાજે તેમના ઘરે એક નાની પૂજાનું આયોજન કર્યું હતું, જેમાં પરિવારના સભ્યો અને વડીલો હાજર રહ્યા હતા. સમન્થાએ આ ખાસ પ્રસંગના કેટલાક ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા હતા, જેમાં તેઓ પૂજા કરતા અને તેમના પરિવાર તરફથી આશીર્વાદ મેળવતા જોવા મળ્યા હતા.

ઇન્સ્ટાગ્રામ પર ફોટા શેર કરતા, સામન્થાએ ફક્ત તેમને



'અમે' કેપ્શન આપ્યું અને સફેદ હૃદયનું ઇમોજી ઉમેર્યું. અભિનેત્રી ફોટામાં તેની માતા અને પરિવારના અન્ય સભ્યો સાથે પણ જોવા મળી રહી છે. સપ્ટેમ્બરની શરૂઆતમાં, દંપતીએ ઈશા ફાઉન્ડેશનમાં પરંપરાગત સીમંતમ (બેબી શાવર) સમારોહની ઉજવણી કરી હતી.

સામન્થાએ આ ખાસ પૂજા માટે લાલ અનારકલી સૂટ પહેર્યો હતો. દરમિયાન, રાજ ક્રીમ રંગના કુર્તા અને સફેદ પાયજામામાં જોવા મળ્યો હતો. એક ફોટામાં, બંને સાથે બેઠા છે, એકબીજાને પ્રેમથી જોતા જોવા મળે છે. અન્ય ફોટામાં, તેઓ પૂજા વિધિ કરતા જોઈ શકાય છે. આ દરમિયાન, પરિવારના વડીલો સામંથાના માથા પર હાથ રાખીને તેને આશીર્વાદ આપતા જોવા મળ્યા.

રાજકોટ મહાનગરપાલિકાના પ૩માં સ્થાપના દિને પરિસરમાં આકર્ષક રંગોળીની સજાવટ







સર્જનાત્મકતા - કલાત્મકતાના માધ્યમથી વિવિધ થીમ આધારિત રંગોળીઓ બનાવી

રાજકોટ, રાજકોટ મહાનગર પાલિકાના પ૩મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ દ્વારા ઉત્સાહભેર રંગોળી બનાવવામાં આવી હતી.

આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાની વિવિધ શાખાઓના અધિકારીઓ અને કર્મચારીઓએ સહભાગી બની પોતાની સર્જનાત્મકતા અને કલાત્મકતાના માધ્યમથી વિવિધ થીમ આધારિત આકર્ષક રંગોળીઓ તૈયાર કરી હતી. રંગબેરંગી રંગોળીઓ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાની કામગીરી, શહેરની સ્વચ્છતા, વિકાસ અને સાંસ્કૃતિક વારસાની સુંદર ઝાંખી પ્રસ્તુત કરવામાં આવી હતી. રાજકોટ મહાનગરપાલિકાના સ્થાપના દિવસની ઉજવણીમાં અધિકારીઓ અને કર્મચારીઓના ઉત્સાહભેર સહભાગિતાએ સમગ્ર વાતાવરણને ઉત્સવમય બનાવ્યું હતું. આ આયોજન દ્વારા કર્મચારીઓમાં ટીમ ભાવના, સર્જનાત્મકતા અને સંસ્થા પ્રત્યેના ગૌરવની ભાવનાને પ્રોત્સાહન મળ્યું હતું

રાજકોટમાં દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ આયોજિત વહાલુડીના વિવાહની તૈયારીનો ધમધમાટ

૨૦ ડિસેમ્બરે શાહી સમૂહ લગ્નોત્સવ : દીકરીઓને વોશિંગ મશીન, ફ્રીઝ, ટીવી સહિતનો કરીયાવર અપાશે

રાજકોટ, સમગ્ર દેશ વિદેશમાં જાણીતું ૨૮ વર્ષથી કાર્યરત દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ ઢોલરા તેની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓથી પ્રસિદ્ધ છે જેમાંની એક સેવાકિય પ્રવૃત્તિ એટલે ૨૦૧૮ ની સાલથી શરૂ કરવામાં આવેલ વહાલુડીના વિવાહ જેમાં છેલ્લા આઠ વર્ષથી પ્રતિવર્ષ માતા-પિતા વિહોણી કે પિતાની છત્રાછાયા ગુમાવેલ ૨૨ દીકરીઓના જાજરમાન લગ્ન કરાવવામાં આવે છે.

માત્ર સમુહ લગ્ન જ નહીં પરંતુ સમૂહ લગ્નથી પણ સવાયા એવા એક શ્રીમંત વ્યક્તિ પોતાની વહાલસોયી દીકરીને જે રીતે પરણાવે એવા શાહી લગ્ન વહાલુડીના વિવાહ શીર્ષક હેઠળ કરવામાં આવે છે. જેની તડામાર તૈયારીઓ છેલ્લા બે માસથી શરૂ થઈ ગઈ છે. વહાલુડીના વિવાહમાં પ્રભુતામાં પગલા પાડનારી તમામ માતા-પિતા વિહોણી ૨૨ દીકરીઓને વોશિંગ મશીન, ફ્રીજ, ટીવી સહિતની ૨૫૦થી વધુ વસ્તુઓઓનો સમૃદ્ધ કરીયાવર આપવામાં આવનાર છે અને સમાજના સુખી દાતાઓના સહયોગથી ભવ્ય લગ્નોત્સવ યોજાનાર છે. વહાલુડીના વિવાહ ૯ ના શાનદાર આયોજન અંગે માહિતી આપતા સંસ્થાના સ્થાાપક મુકેશ દોશી, અનુપમ દોશી, સુનિલ વોરા, નલિન તન્ના, કિરીટ આદરોજા જણાવે છે કે આ વર્ષે ૨૦૨૬ની સાલના વહાલુડીના વિવાહ આગામી તારીખ ૨૦ મી ડિસેમ્બર રવિવારના સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટના આંગણે યોજાનાર છે. આ માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે અને સંસ્થાના કાર્યકર્તાઓમાં પોતાની બહેન કે દીકરીને પરણાવતા હોય તેવો અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળે છે.

મહિલા કમિટીના ઉત્સાહી, સમર્પિત, કર્મઠ, નિષ્ઠાવાન ૬૧ જેટલી બહેનો સક્રિય રીતે વહાલુડીના વિવાહ ૯ ના આયોજનમાં જોડાયેલ છે. જેમાં ફાલ્ગુનીબેન કલ્યાણી, ડો.ગીતાબેન વોરા, કાશ્મીરા દોશી, પ્રીતિ વોરા, કલ્પના દોશી, પ્રીતિ તન્ના, વર્ષાબેન આદરોજા, ગીતાબેન કે. પટેલ, અલકા પારેખ, ગીતાબેન એ. પટેલ, રંજનબેન આદરોજા, નિશા મારુ, ચેતના પટેલ, કિરણ વડગામા, અરુણાબેન વેકરીયા, રાધીબેન જીવાણી, રૂપા વોરા, સુરભિબેન આચાર્ય, શિલ્પાબેન પટેલ, ગાર્ગીબેન ઠક્કર, કોસાબેન મહેતા, કોશિકા જીવરાજાની, અંજુબેન સુતરીયા, આશાબેન હરિયાણી, અરુણાબેન પારેખ, સંધ્યાબેન મોદી, કળપાલીબેન ઠક્કર, ડોલીબેન ભાલાળા, હેમાબેન મોદી, મોસમી કલ્યાણી, વર્ષાબેન પોપટ, આનંદીબેન પટેલ, છાયાબેન વજરીયા, તમિબેન પરસાણા, રીટાબેન જોબનપુત્રા, ચેતનાબેન રાછ, વર્ષાબેન આસોદરીયા, અંજલી વોરા, તળમિ આદરોજા, ફાલ્ગુની સંચાણિયા, કલાબેન પારેખ, અલકાબેન કામદાર, નીનાબેન વજીર, બિંદિયાબેન અમલાની, નીતાબેન પારેખ, સવિતાબેન ઢોલરીયા, ભાવનાબેન મંડલી, દીનાબેન મોદી, કલ્પના પારેખ, ચેતના સવજાણી, સંગીતાબેન પંડિત,અલકાબેન ધામેલીયા, શીતલબેન સાંગાણી, સવિતાબેન ઢોલરીયા, વર્ષાબેન સોરઠીયા સહિતના બહેનો ઉત્સાહપૂર્વક કાર્યરત છે. સંસ્થાના વરિષ્ઠ ટ્રસ્ટીઓ મૌલેશભાઈ પટેલ, શિવલાલભાઈ આદરોજા, પ્રતાપભાઈ પટેલ, વલ્લભભાઈ સતાણી, ડો. નિદત બારોટ, ધીરુભાઈ રોકડ, હસુભાઈ રાછ સમગ્ર આયોજનને માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે.

રાજકોટમાં છેલ્લા એક માસમાં મેફેડ્રોન, હાઈબ્રિડ ગાંજા સહિત ડ્રગ્સના ૦૭ કેસ, રૂ. ૩૮.૨૫ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત

'સે નો ટુ ડ્રગ્સ': ૪૮૦૦ લોકોએ ડ્રગ્સથી દૂર રહેવાના શપથ લીધા:રાજકોટ શહેર નાર્કો કોર્ડિનેશન સેન્ટરની બેઠક યોજાઈ

રાજકોટ, રાજકોટ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટર (એનકોર્ડ)ની બેઠક અધિક પોલીસ કમિશનર શ્રી ચૈતન્ય માંડલિકની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં દેશને વર્ષ ૨૦૨૯ સુધીમાં નશામુક્ત બનાવવા માટે સૌને સક્રિય યોગદાન આપવા આહવાન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં જણાવાયું હતું કે, રાજકોટ શહેરમાં છેલ્લા એક માસમાં ડ્રગ્સ અવેરનેસના ૩ કાર્યક્રમો કરવામાં આવ્યા છે. જેમાં ૪૮૦૦ લોકો જોડાયા હતા અને 'સે નો ટુ ડ્રગ્સ' માટે પ્રતિજ્ઞાબદ્ધ થયા હતા. રાજકોટ શહેરમાં છેલ્લા એક માસમાં ગાંજા, મેફેડ્રોન, હાઈબ્રિડ ગાંજો મળી ડ્રગ્સના ૦૭ કેસો કરીને રૂ. ૩૮,૨૫,૮૮૩ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

જ્યારે છેલ્લા એક માસમાં ધી સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદન અધિનિયમ ૨૦૦૩ (કોપ્ટા) હેઠળ ૭૧ કેસ કરીને રૂ. ૧૪,૨૦૦નો દંડ કરવામાં આવ્યો છે. રાજકોટ મહાનગર પાલિકા દ્વારા ઓક્ટોબર માસમાં કોપ્ટા હેઠળ ૮૨ કેસ કરીને રૂ.૨૧૦૦ દંડ વસૂલવામાં આવ્યો છે.

નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ગેરકાયદે દવાનું વેચાણ રોકવા વિવિધ ૮૫ પેઢીઓની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી આઠ પેઢીમાંથી કોડીન, આલ્પ્રાઝોલમનું ખરીદ-વેચાણ મળી આવતાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

રાજકોટ શહેરમાં અગાઉ એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ પકડાયેલા આરોપીઓ વિરુદ્ધ વર્ષ ૨૦૨૫માં કુલ ૧૬ પી. એ. ઈ. ટી. એન.ડી.પી.એસ. પ્રપોઝલ મોકલવામાં આવી હતી. જે અંતર્ગત ૧૪ આરોપીઓને અલગ-અલગ જેલોમાં મોકલી આપવામાં આવ્યા છે. જ્યારે વર્ષ ૨૦૨૬માં કુલ ૧૧ પી. એ. ઈ. ટી. એન.ડી.પી.એસ.માંથી ૦૬ આરોપીઓ સામે કાર્યવાહી કરી વિવિધ જેલોમાં મોકલી આપવામાં આવ્યા છે.

આ તકે અધિક પોલીસ કમિશનર શ્રી ચૈતન્ય માંડલિકે જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહમંત્રીએ દેશને વર્ષ ૨૦૨૯ સુધીમાં નશામુક્ત બનાવવા માટે આહવાન કર્યું છે. જે અંતર્ગત ગુજરાતને વર્ષ ૨૦૨૮ સુધીમાં નશામુક્ત બનાવવાનો લક્ષ્યાંક રખાયો છે. દેશ અને રાજ્યને ડ્રગ્સની બદીથી મુક્ત કરવા માટે સૌનું સક્રિય યોગદાન જરૂરી છે.

આ બેઠકમાં ડી.સી.પી. ઝોન-૧ શ્રી હેતલ પટેલ, ડી.સી.પી. ઝોન-૨ શ્રી રાકેશ દેસાઈ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વી આઈ બિઝનેસ એ એમએસએમઈ અને મોટા ઉદ્યોગો માટે વોટ્સએપ બિઝનેસ સોલ્યુશન્સ રજૂ કર્યા

રાજકોટ છેલ્લાં કેટલાક વર્ષોમાં વોટ્સએપ ભારતમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતું મેસેજિંગ પ્લેટફોર્મ બની ગયું છે. પરિવાર અને મિત્રો સાથે સંપર્કમાં રહેવા, વ્યવસાયો સાથે વાતચીત કરવા, નાગરિક સેવાઓનો લાભ લેવા અને મેટ્રો ટિકિટથી લઈને વીમા સુધીની વિવિધ સેવાઓ ખરીદવા માટે આ સૌથી સરળ માધ્યમ છે. આ નવી શરૂઆત અંગે વોડાફોન આઈડિયા લિમિટેડના ચીફ એન્ટરપ્રાઇઝ બિઝનેસ ઓફિસર એમ પી સુનીલ કુમારે જણાવ્યું હતું કે, "ગ્રાહકો સાથે જોડાણનું ભવિષ્ય વાતચીત આધારિત, ઇન્ટેલિજન્ટ અને વધુને વધુ એઆઈ આધારિત બની રહ્યું છે. ગ્રાહકો અપેક્ષા રાખે છે કે વ્યવસાયિક સંસ્થાઓ તેઓ જે માધ્યમોનો પહેલેથી ઉપયોગ કરે છે તેના પર ઉપલબ્ધ રહે. આવી સ્થિતિમાં વોટ્સએપ આ સમગ્ર પ્રક્રિયાનો મહત્વનો હિસ્સો બની રહ્યું છે. દરેક કદના વ્યવસાયોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલા વી આઈ બિઝનેસ વોટ્સએપ ફોર બિઝનેસ સોલ્યુશન્સમાં એમએસએમઈ માટે સરળ અને તાત્કાલિક ઉપયોગ કરી શકાય તેવી સુવિધાઓ આપવામાં આવી છે, જ્યારે મોટા ઉદ્યોગો માટે વિવિધ માધ્યમોને એકસાથે જોડતી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

જસદણ ખાતે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાની અધ્યક્ષતામાં તાલુકા સંકલન બેઠક યોજાઈ

રાજકોટ, રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને જસદણ સેવા સદન ખાતે જસદણ અને વિંછીયા તાલુકાની સંકલન બેઠક યોજાઈ હતી.

બેઠકમાં મંત્રીશ્રીએ નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવતાં ઉપસ્થિત પદાધિકારીઓ અને અધિકારીઓને સંકલન અને સહકારથી કામગીરી કરી જનહિતના પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ લાવવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે અને ખાસ કરીને જરૂરિયાતમંદ લાભાર્થીઓ યોજનાના લાભથી વંચિત ન રહે તે માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.મંત્રીશ્રીએ રજૂ થયેલા તમામ મુદ્દાઓની સમીક્ષા કરી સંબંધિત વિભાગના અધિકારીઓને ચાલી રહેલી કામગીરી સમયમર્યાદામાં અને ગુણવત્તા સાથે પૂર્ણ કરવા જરૂરી સૂચનાઓ આપી હતી.

આ બેઠકમાં જસદણ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ભાવનાબેન વેકરિયા, વિંછીયા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી જનકબેન, પંચાયતના સભ્યો, અગ્રણી શ્રી ચંકીતભાઈ રામાણી, એ.એસ.પી. શ્રી નવીન ચક્રવર્તી, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તેમજ માર્ગ અને મકાન, આરોગ્ય, શિક્ષણ, વાહન વ્યવહાર સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ મનપા કચેરીમાં સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે રચાયેલ રંગોળી મેયર સહિતના પદાધિકારીઓએ નિહાળી



રાજકોટ રાજકોટ મહાનગરપાલિકાના પ૩મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે મહાનગરપાલિકાની વિવિધ શાખાઓ દ્વારા ઉત્સાહભેર આકર્ષક રંગોળીઓનું નિર્માણ કરવામાં આવ્યું હતું. વિવિધ રંગો અને કલાત્મકતાના સમન્વયથી તૈયાર કરવામાં આવેલી રંગોળીઓએ સ્થાપના દિવસની ઉજવણીને વધુ આકર્ષક અને ઉત્સવમય બનાવી હતી.

આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના મેયરશ્રી ડો. નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશ પીપળીયા, શાસક પક્ષ દંડક સંજયસિંહ રાણા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન મનીષ ભટ્ટ સહિતના કોર્પોરેટરો વિવિધ શાખાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી તમામ રંગોળીઓની મુલાકાત લીધી હતી. રંગોળી બનાવનાર કર્મચારીઓની કલાત્મક આવડત, સર્જનાત્મકતા અને ઉત્સાહની પ્રશંસા કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

મહાનગરપાલિકાના કર્મચારીઓએ પોતાની કલા અને સર્જનાત્મકતા દ્વારા સ્થાપના દિવસની ઉજવણીમાં સહભાગી બની સંસ્થા પ્રત્યેનો ઉત્સાહ અને ગૌરવભાવ વ્યક્ત કર્યો હતો.

જુનાગઢમાં પોલીસે સાયબર ફ્રોડનો ભોગ બનેલા અરજદારોને રૂ. ૭૩.૭૪ લાખ પરત અપાવ્યા

સાયબર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ.- સ્ટાફની લોકહીતની કામગીરી



જુનાગઢ, રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના તથા જુનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પ્રજામાં પોલીસ પ્રત્યેનો અભિગમ બદલાય અને પોલીસ પ્રજાનો મિત્ર છે તે સુત્ર સાર્થક થાય તેમજ પોલીસ લોકહીતમાં કામો કરવા તેમજ અવાર-નવાર મૌખીક તેમજ લેખીત સુચના આપેલ હોય જે અનુસંધાને સાયબર ફ્રોડમાં ગયેલ અલગ-અલગ અરજદારશ્રીઓના નાણા પરત કરાવવા માટે સાયબર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. તથા સાયબર પોલીસ સ્ટાફ સતત પ્રયત્નશીલ હોય.

જે અન્વયે જુનાગઢ સાયબર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. કે.જી.મોડ નાઓના માર્ગદર્શન હેઠળ સાયબર પોલીસ સ્ટે શનની ટીમ દ્વારા પોલીસ સ્ટેશન ખાતે સાયબર ફ્રોડનો ભોગ બનેલા લોકોના નાણા કોર્ટ કાર્યવાહી દ્વારા પરત અપાવવાની કામગીરી કરેલ છે. જે અંતર્ગત નવેમ્બર-૨૦૨૬ સુધીમાં સાયબર પોલીસ સ્ટેશન દ્વારા સાયબર ફ્રોડના ભોગબનનાર ફરીયાદી/અરજદારોને કુલ રૂ. ૭૩,૭૨,૪૬૬/- ની રકમ પરત અપાવેલ છે.

DLC અભિયાન ૫.૦ હેઠળ રાજકોટ ડિવિઝન દ્વારા અત્યાર સુધીમાં ૪૨૨ ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ જારી કરાયા



રાજકોટ: પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનના એકાઉન્ટ વિભાગ દ્વારા ફ્રન્ઝ અભિયાન ૫.૦ હેઠળ પેન્શનરો અને ફેમિલી પેન્શનરોની સુવિધા માટે વિવિધ સ્થળોએ વિશેષ શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીના દ્વારા જારી કરાયેલી અખબારી યાદી મુજબ, આ અભિયાન હેઠળ એકાઉન્ટ વિભાગના કર્મચારીઓ દ્વારા પેન્શન એસોસિએશન (રાજકોટ), પીડબલ્યુઆઈ કાર્યાલય (થાન), યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા તથા હાપા રેલવે સ્ટેશન સહિત વિવિધ સ્થળોએ શિબિરો યોજવામાં આવી હતી.આ શિબિરોના માધ્યમથી ૧૯ નવેમ્બર, ૨૦૨૬ સુધીમાં કુલ ૪૨૨ ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ (ફ્રન્ઝ) સફળતાપૂર્વક જારી કરવામાં આવ્યા છે, જેમાંથી ૪૩ પ્રમાણપત્રો આજે આયોજિત વિશેષ શિબિરોમાં જારી કરવામાં આવ્યા હતા.રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ ફાઇનાન્સ મેનેજર શ્રી પવન કુમાર મીનાએ જણાવ્યું હતું કે, આ અભિયાન દરમિયાન રેલવે હોસ્પિટલમાં દાખલ અસ્વસ્થ અને વૃદ્ધ પેન્શનરોની સુવિધા માટે એકાઉન્ટ વિભાગના કર્મચારીઓએ તેમના બિછાના સુધી પહોંચીને પણ ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ બનાવ્યા હતા.

રાજકોટની પેરા-સ્વિમર નીતિ રાઠોડનો રાષ્ટ્રીય કક્ષાએ ડંકો: ૩ મેડલ જીત્યા



રાજકોટ, રાષ્ટ્રી ય એવોર્ડ વિજેતા પેરા-સ્વિમર નીતિ રાઠોડે તાજેતરમાં યોજાયેલી ૨૬મી નેશનલ પેરાલિમ્પિક ચેમ્પ્યિનશિપ- ૨૦૨૬માં શાનદાર પ્રદર્શન કરીને કુલ ત્રાલ મેડલ પોતાના નામે કર્યા છે.

પેરા સ્વિમિંગ ફેડરેશન ઓફ ઇન્ડિયા અને પેરા સ્વિમિંગ એસોસિએશન ઓફ ભોપાલના સંયુક્ત ઉપક્રમે આયોજીત આ સ્પર્ધામાં નીતિ રાઠોડે સિલ્વર મેડલ : ૧૦૦ મીટર ફ્રી સ્ટાઇલ, સિલ્વર મેડલ : ૧૦૦ મીટર બટરફ્લાઇ સ્ટ્રોક, બ્રોન્ઝ મેડલ : ૧૦૦ મીટર બેક સ્ટ્રોકમાં જીત્યા છે.

રાષ્ટ્રપતિશ્રીના હસ્તે પ્રતિષ્ઠિત નેશનલ એવોર્ડ (શ્રેષ્ઠ દિવ્યાંગજન) અને રમતગમતમાં શ્રેષ્ઠતા માટેના સરદાર પટેલ પુરસ્કા- (ગુજરાત સરકાર) મેળવી ચૂકેલી નીતિ રાઠોડ ઉપર અભિનંદન વર્ષા થઈ રહી છે.

રાજકોટના સદભાવના વૃધ્ધાશ્રમ ખાતે મેડિટેશન સેમિનાર યોજાયો



રાજકોટ, રાજકોટના સદભાવના વૃધ્ધાશ્રમના પરિસરમાં મેડિટેશન સેમિનાર યોજાયો હતો.

માવતર સમાન વડીલો માટે ડો. રમેશ દેવાણી અને તેમના મિત્રો દ્વારા આ ખાસ આયોજન કરાયું હતું. વડીલોના મનની તંદુરસ્તી, શરીરનું સ્વાસ્થ્ય અને આંતરિક આનંદ માટે નાના-નાના ધ્યાન પ્રયોગોની સમજ આપી પ્રેક્ટિકલ પ્રેક્ટિસ કરાવવામાં આવી હતી. આ સેમિનારમાં ડો. રમેશભાઈ દેવાણીએ જણાવ્યું કે આજના સમયમાં શરીરની તંદુરસ્તી જેટલી જ જરૂર માનસિક તકલીફો દૂર કરવાની છે. ચિંતા, ઉપાધિ, અનિદ્રા, વિચારવાયુ અને ગુસ્સા જેવી સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. શરીરના રોગો માટે દવા અને મેડિકલ સાયન્સ ખૂબ ઉપયોગી છે. પરંતુ માનસિક અશાંતિ માટે મેડિટેશન જ સરળ ઉપાય છે. યોગ્ય રીતે અને નિયમિત મેડિટેશન કરવાથી કાયમી ફાયદો મળે છે. સેમિનાર દરમિયાન ડો. રમેશભાઈ દેવાણી દ્વારા વિપશ્યના, મૈત્રી ધ્યાન, પ્રાર્થના ધ્યાન અને લાફ્ટર થેરપીના નાના-નાના પ્રયોગો સમજણ સાથે કરાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં લગભગ ૬૦ થી ૭૦ વડીલોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ડો. રમેશભાઈ દેવાણી અવારનવાર સ્કૂલ, કોલેજ અને સંસ્થાઓમાં ૨ થી ૩ કલાકના સેમિનારનું નિઃશુલ્ક સંચાલન કરતા રહ્યા છે. જો કોઈ સંસ્થા, કોલેજ, સ્કૂલ કે અન્ય ગ્રુપ આવા મેડિટેશન સેમિનારનું આયોજન કરવા ઈચ્છતા હોય, તો ડો. રમેશભાઈ દેવાણી નિઃશુલ્ક સેવા આપશે. વધુ માહિતી માટે ડો. દેવાણી ના મોબાઈલ નંબર ૭૭૭૯૦૫૦૫૯૦ પર સંપર્ક થઈ શકે છે

ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવ્યું: વડાપ્રધાન

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લોકપ્રિય વિડિઓ ગેમ જીટીએ ૬ ના લોન્ચનો ઉપયોગ ભારતની વિકાસ યાત્રા દર્શાવવા માટે એક માધ્યમ તરીકે કર્યો



નવીદિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ લોકપ્રિય વિડિઓ ગેમ જીટીએ ૬ ના લોન્ચનો ઉપયોગ ભારતની વિકાસ યાત્રા દર્શાવવા માટે એક માધ્યમ તરીકે કર્યો. જીટીએ ૫ અને જીટીએ ૬ વચ્ચેના ૧૩ વર્ષના અંતરનો ઉલ્લેખ કરતા, તેમણે ૨૦૧૩ થી ભારતમાં થયેલા નોંધપાત્ર ફેરફારો પર પ્રકાશ પાડ્યો. ગુરુવારે સોશિયલ મીડિયા પર ૧૦-સ્લાઇડ પોસ્ટ શેર કરતા, પીએમ મોદીએ લખ્યું, "ભારત એક સંપૂર્ણ નવી રમત રમી રહ્યું છે." આ પોસ્ટ દ્વારા તેમણે અર્થતંત્રથી લઈને સુરક્ષા સુધીના ક્ષેત્રોમાં પ્રગતિની યાદી આપી.

હકીકતમાં, રોકસ્ટાર ગેમ્સની લોકપ્રિય વિડિઓ ગેમ શ્રેણી, ગ્રાન્ડ થેફ્ટ ઓટોની પાંચમી અને છઠ્ઠી આવૃત્તિ વચ્ચે આશરે ૧૩ વર્ષનો અંતર હતો.જીટીએ ૫ ૨૦૧૩ માં રિલીઝ થયું હતું, જ્યારે જીટીએ ૬ ના લોન્ચની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી. પીએમ મોદીએ આ અંતરનો ઉપયોગ ભારતની વિકાસ યાત્રાની તુલના કરવા માટે કર્યો હતો. તેમણે રાજકીય સંદર્ભનો પણ ઉલ્લેખ કર્યો હતો. ૨૦૧૩ માં જ્યારે જીટીએ ૫ રિલીઝ થયું ત્યારે કેન્દ્રમાં કોંગ્રેસની આગેવાની હેઠળની યુનાઇટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ સરકાર સત્તામાં હતી. પીએમ મોદીની ૧૦-સ્લાઇડ પોસ્ટમાં ભારતની અર્થવ્યવસ્થા અને ગરીબી ઘટાડા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું હતું કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવ્યું છે. દેશમાં ગરીબીના સ્તરમાં ઘટાડો પણ એક મોટી સિદ્ધિ તરીકે રજૂ કરવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રીએ આ ફેરફારોને ૨૦૧૩ પછી દેશની વિકાસ યાત્રાનો એક મહત્વપૂર્ણ ભાગ ગણાવ્યા. પીએમ મોદીએ તેમની પોસ્ટમાં સ્વચ્છતા ક્ષેત્રમાં થયેલા ફેરફારોનો પણ ઉલ્લેખ કર્યો. સ્લાઇડ્સમાં સ્વચ્છ ભારત મિશનને પૂર્ણ ગણાવ્યું હતું. વધુમાં, ભારતની વધતી જતી સૌર ઉર્જા ક્ષમતાને પણ મુખ્ય સિદ્ધિઓમાં સામેલ કરવામાં આવી હતી. પોસ્ટમાં જણાવાયું હતું કે દેશની સૌર ઉર્જા ઉત્પાદન ક્ષમતામાં વધારો થયો છે. આ ભારતના બદલાતા ઉર્જા પરિદૃશ્યને પ્રકાશિત કરે છે. વડાપ્રધાનએ તેમની પોસ્ટમાં અવકાશ ક્ષેત્રમાં થયેલા ફેરફારો પર પણ પ્રકાશ પાડ્યો.

ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાની સેના દ્વારા કુદરતી સંસાધનોના શોષણનો પર્દાફાશ કર્યો

આસિમ મુનીર દ્વારા મિનરલ બોક્સ પ્રદર્શિત કર્યાનો ઉલ્લેખ કર્યો

નવીદિલ્હી,

ભારતે પાકિસ્તાનના લશ્કરી નેતૃત્વ દ્વારા દેશના કુદરતી સંસાધનોનો ઉપયોગ જાહેર કલ્યાણને બદલે વ્યક્તિગત સંવર્ધન માટે કરવા બદલ અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને તે દર્શાવવા બદલ આકરી ટીકા કરી હતી. કુદરતી સંસાધનો અને સંઘર્ષ પર લાઇબેરિયા દ્વારા બોલાવવામાં આવેલા સત્રમાં બોલતા, યુએનમાં ભારતના કાયમી પ્રતિનિધિ, પર્વતાનેની હરીશે, પાકિસ્તાની પ્રતિનિધિમંડળે સિંધુ જળ સંધિનો મુદ્દો ઉઠાવ્યા બાદ પ્રતિક્રિયા આપી.

હરીશે બુધવારે (સ્થાનિક સમય) કહ્યું કે જ્યારે પાકિસ્તાનના લશ્કરી વડા, ફિલ્ડ માર્શલ અસીમ મુનીરે ટ્રમ્પને કથિત ખનીજનો સંગ્રહ રજૂ કર્યો ત્યારે આ સ્પષ્ટ થયું.

હરીશે સ્પષ્ટ કર્યું કે નવી દિલ્હીનો બેઠકમાં દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરવાનો કોઈ ઇરાદો નહોતો પરંતુ કહ્યું કે ભારત ઇસ્લામાબાદની ટિપ્પણીઓને અનુત્તરિત છોડી શકે નહીં. "આ મંચ પર અન્ય મુદ્દાઓ લાવવાનો અમારો ઇરાદો નહોતો, પરંતુ મારું પ્રતિનિધિમંડળ પાકિસ્તાનના પ્રતિનિધિમંડળ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીનો જવાબ આપવા માટે મજબૂર છે જેણે આજની ચર્ચાનો દુરુપયોગ કરીને પોતાનો પ્રચાર કર્યો છે. સિંધુ જળ સંધિ પર અમારું વલણ સ્પષ્ટ અને સુસંગત રહે છે અને અનેક મંચ પર તે સ્પષ્ટ કરવામાં આવ્યું છે," તેમણે કહ્યું.

ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે એપ્રિલમાં પહેલગામના પર્યટન સ્થળમાં ધાર્મિક રીતે પ્રેરિત હુમલામાં પાકિસ્તાન સ્થિત આતંકવાદીઓએ ૨૪ લોકોની હત્યા કર્યા પછી ભારતે નદીના પાણીની વહેંચણી માટે ૧૯૬૦ ની સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી હતી. પાકિસ્તાની સૈન્ય ખનિજ સંસાધનોથી સમૃદ્ધ બની રહ્યું છે. પાકિસ્તાનના લશ્કરી સ્થાપના તરફ ધ્યાન દોરતા, હરીશે દેશના ખનિજ સંસાધનો પર સૈન્યના નિયંત્રણ અને શોષણ તરીકે વર્ણવિલ ચીફ ઓફ આર્મી સ્ટાફ અસીમ મુનીર સાથે સંકળાયેલી એક ઘટનાનો ઉલ્લેખ કર્યો.

DRI એ શ્રીલંકા માટે દાણચોરીથી લઈ જવાતું ૭૧ કિલોથી વધુ હેરોઈન જપ્ત કર્યું

ચેન્નાઈમાં બે ડ્રગ તસ્કરોની કરાઈ ધરપકડ

ચેન્નાઈ,

આંતરરાષ્ટ્રીય નાર્કોટિક્સ દાણચોરી સામેની એક મોટી કાર્યવાહીમાં, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (DRI) એ દરિયાઈ માર્ગ દ્વારા શ્રીલંકામાં ૭૧.૨૪ કિલો હેરોઈનનો વિશાળ જથ્થો દાણચોરી કરવાનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો છે. ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે, DRI ના અધિકારીઓએ સઘન દેખરેખ રાખી અને ૧૭–૧૮ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન ચેન્નાઈમાં સુસંકલિત કામગીરી શરૂ કરી, જેના પરિણામે પ્રતિબંધિત માદક દ્રવ્ય જપ્ત કરવામાં આવ્યું અને બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી. આ જપ્તી અત્યાર સુધીમાં ૨૦૨૬ દરમિયાન દેશમાં નોંધાયેલી સૌથી મોટી એકલા હેરોઈન જપ્તીઓમાંની એક છે.

ગુપ્ત માહિતીમાં સંકેત મળ્યો હતો કે દરિયાઈ માર્ગ દ્વારા શ્રીલંકામાં આગળ દાણચોરી કરવા માટે ચેન્નાઈથી મોટા જથ્થામાં હેરોઈનનું પરિવહન કરવામાં આવી રહ્યું છે. ઝડપથી કાર્યવાહી કરતા, DRI ના અધિકારીઓએ ચેન્નાઈમાં એસ્કોર્ટ ટુ-વ્હીલર સાથે શંકાસ્પદ વાહનને અટકાવ્યું હતું. વાહનની સંપૂર્ણ તપાસ કરતા આછા સફેદ પાવડર જેવો પદાર્થ ધરાવતા ૬૯ પેકેટ મળી આવ્યા હતા. જપ્ત કરાયેલ કુલ જથ્થો ૭૧.૨૪ કિલો (કુલ વજન) હતો, જેને નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સિસ (NDPS) એક્ટ, ૧૯૮૫ ની જોગવાઈઓ હેઠળ જપ્ત કરવામાં આવ્યો હતો.

૧૦ વર્ષથી વધુ જૂના બીએસ-૪ અને બીએસ-૬ વાહનો માટે દર ૬ મહિને પીયુસી પરીક્ષણ કરાવવું પડશે

૧૦ વર્ષથી વધુ જૂના વાણિજ્યિક વાહનોને પણ દર ૬ મહિને પ્રદૂષણ તપાસ કરાવવાની જરૂર પડશે

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે વાહન પ્રદૂષણ પ્રમાણપત્રો (પીયુસી પ્રમાણપત્રો) ની માન્યતા સંબંધિત નિયમોમાં ફેરફાર કર્યા છે. નવા નિયમો હેઠળ,પીયુસી પ્રમાણપત્રની માન્યતા હવે બધા વાહનો માટે સમાન રહેશે નહીં, પરંતુ તે વાહનના ભારત સ્ટેજ ઉત્સર્જન ધોરણો, ઉંમર અને વાણિજ્યિક અથવા ખાનગી ઉપયોગ પર આધાર રાખશે. આનો અર્થ એ છે કે કેટલાક વાહનોને ત્રણ મહિના, છ મહિના અથવા બે કે ત્રણ વર્ષ માટે માન્ય પીયુસી પ્રમાણપત્ર મળી શકે છે. સરકારના નવા



નિર્ણયથી જૂના વાહનો માટે પ્રદૂષણ પરીક્ષણ નિયમો કડક બન્યા છે, પરંતુ નવા બીએસ-૬ વાહનોના માલિકોને નોંધપાત્ર રાહત મળી છે. સરકારના નવા ગેઝેટ નોટિફિકેશન અનુસાર, જૂની શ્રેણીના વાહનો માટે માન્યતા અવધિ નક્કી કરવામાં આવી છે. બીએસ ૧, બીએસ-૨ અને બીએસ-૩ વાહનો માટે પીયુસી પ્રમાણપત્રો ફક્ત ત્રણ મહિના માટે માન્ય રહેશે. બધા બીએસ-૪ વાહનો (ખાનગી અને વાણિજ્યિક બંને) હવે દર છ મહિને તેમના પ્રદૂષણ પ્રમાણપત્રોનું નવીકરણ કરાવવાની જરૂર પડશે.

નવા નિયમોમાં સૌથી મોટો ફેરફાર બીએસ-૬ વાહનોને લાગુ પડે છે. આ બે શ્રેણીઓમાં વિભાજિત છે: ખાનગી અને વાણિજ્યિક. નોંધણીની તારીખથી ૬ વર્ષ સુધીના ખાનગી વાહનોને દર ૩ વર્ષે પીયુસી મેળવવાની જરૂર પડશે. ૬ થી ૧૦ વર્ષ જૂના વાહનોને દર ૧ વર્ષે પીયુસી ટેસ્ટ કરાવવાની જરૂર પડશે.

મલેશિયન સરકારની ૧ જાન્યુઆરીથી ભારતીયો માટે વિઝા-મુક્ત પ્રવેશ સમાપ્ત કરવાની જાહેરાત

મલેશિયા

મલેશિયાની મુલાકાત લેવાનું આયોજન કરી રહેલા ભારતીય નાગરિકોએ ૧ જાન્યુઆરી, ૨૦૨૭થી મુસાફરી કરતા પહેલા વિઝા મેળવવા પડશે, કારણ કે મલેશિયા ભારતીય પાસપોર્ટ ધારકો માટેની વિઝા મુક્તિની સુવિધા સમાપ્ત કરવા જઈ રહ્યું છે. મલેશિયાના ઇમિગ્રેશન વિભાગે ૧૭ નવેમ્બરના રોજ એક સૂચના દ્વારા આ નિર્ણયની જાહેરાત કરી છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે, નવા વર્ષથી મલેશિયામાં પ્રવેશતા ભારતીયોએ ત્યાં પહોંચતા પહેલા માન્ય વિઝા ધરાવવું ફરજિયાત રહેશે.

૧ ડિસેમ્બર, ૨૦૨૬થી મલેશિયાના 'સ્અફૅંજીછ' પોર્ટલ દ્વારા વિઝા માટે અરજી કરી શકાશે. આ જાહેરાત વર્તમાન વ્યવસ્થામાં ફેરફાર સૂચવે છે, જે અંતર્ગત અત્યાર સુધી ભારતીય પાસપોર્ટ ધારકો વિઝા વિના ૩૦ દિવસ સુધી મલેશિયાની મુલાકાત લઈ શકતા હતા. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે તેના થોડા સમય પહેલા જ કુઆલાલંપુરમાં ભારતીય હાઈ કમિશને એક એડવાઈઝરી (સૂચના) જારી કરીને ભારતીય નાગરિકોને ચેતવણી આપી હતી કે તેઓ રોજગારની શોધમાં મલેશિયા જવા માટે વિઝા-મુક્ત સુવિધાનો દુરુપયોગ ન કરે.

મલેશિયાએ જાન્યુઆરી ૨૦૨૭થી ભારતીયો માટે ૩૦ દિવસની વિઝા-મુક્ત પ્રવેશ સુવિધા સમાપ્ત કરી. મલેશિયાના ઇમિગ્રેશન વિભાગ દ્વારા જારી કરાયેલી સૂચના મુજબ, ૧ જાન્યુઆરી, ૨૦૨૭થી ભારતીય નાગરિકો માટેની વિઝા મુક્તિની સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.

ટ્રમ્પ, શી અને પુતિન ચીનમાં એક મંચ પર આવ્યા; વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે સંયુક્ત પ્રયાસોનું આહ્વાન કર્યું

પ્રાદેશિક સંઘર્ષોના ઉકેલ માટે પુતિન દ્વારા રશિયા-અમેરિકા-ચીન વચ્ચે સહયોગની હાકલ

શેનઝેન,

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન ગુરુવારે શેનઝેનમાં એક મહત્વપૂર્ણ ત્રિપક્ષીય શિખર સંમેલન માટે મળ્યા હતા, જેમાં શેનઝેનમાં એશિયા-પેસિફિક આર્થિક સહયોગ (APEC) સમિટની બાજુમાં ત્રણ મુખ્ય શક્તિઓના નેતાઓને એકઠા કરવામાં આવ્યા હતા.

સમિટનું આયોજન કરતા, ચીનના રાષ્ટ્રપતિ શીએ આ મેળાવડાને "માઇલસ્ટોન ઘટના" તરીકે વર્ણવી હતી અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન યુદ્ધ સમયના જોડાણને ત્રણ દેશો વચ્ચે વધુ સહકાર માટે હાકલ કરવા માટે આહ્વાન કર્યું હતું.

"ચીન, રશિયા અને યુનાઇટેડ સ્ટેટ્સે વૈશ્વિક પડકારોનો સામનો કરવા, સંયુક્ત રીતે વિશ્વ શાંતિ અને સ્થિરતા જાળવવા અને માનવ પ્રગતિમાં વધુ યોગદાન આપવા માટે એક ઉદાહરણ સ્થાપિત કરવું જોઈએ," શીએ કહ્યું, ઉમેર્યું કે "મુખ્ય શક્તિઓ ખાસ જવાબદારી નિભાવે છે." આઠ દાયકા પહેલાના તેમના સહિયારા ઇતિહાસ તરફ



ધ્યાન દોરતા, શીએ વોશિંગ્ટન અને મોસ્કોને ભૂતકાળના સહયોગમાંથી પાઠ શીખવા હાકલ કરી. "૮૦ વર્ષ પહેલાં, ફાશીવાદ વિરોધી મોરચાના મુખ્ય સ્તંભો તરીકે, આપણા ત્રણ દેશોએ એક મહાન વિજય પ્રાપ્ત કરવા અને શાંતિનો બચાવ કરવા માટે સાથે મળીને લડ્યા હતા," શીએ કહ્યું. "આપણે આપણી ઐતિહાસિક સ્મૃતિને સાચવવી જોઈએ અને ભૂતકાળનો ઉપયોગ કરીને ભવિષ્યનું નિર્માણ કરવું જોઈએ."

શિખર સંમેલનને સંબોધતા ટ્રમ્પે કહ્યું કે વિશ્વની મુખ્ય શક્તિઓ પર વૈશ્વિક પડકારો પર ખુલ્લા સંદેશાવ્યવહારના માધ્યમો જાળવવાની ખાસ જવાબદારી છે. તેમની ટિપ્પણીઓ અગાઉના યુએસ વહીવટીતંત્રોના અભિગમથી બદલાવનો સંકેત આપે છે, જેમણે હરીફો સાથે વાતચીત કરવાનું ટાળ્યું હતું.

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ઈરાન વિરુદ્ધ આવેલા માનવાધિકાર ઠરાવ વિરુદ્ધ મતદાન કર્યું

ઠરાવમાં ઈરાનની ઇસ્લામિક સરકારને માનવાધિકાર ઉલ્લંઘન અને માનવાધિકારો પરના તેના રેકોર્ડ માટે નિંદા કરવામાં આવી હતી

ન્યૂ યોર્ક,

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ઈરાન વિરુદ્ધ લાવવામાં આવેલા માનવાધિકાર ઠરાવ વિરુદ્ધ મતદાન કર્યું હતું. આ ઠરાવ કેનેડા દ્વારા લાવવામાં આવ્યો હતો અને તેહરાને તેનો વિરોધ કર્યો હતો. આ ઠરાવમાં ઈરાનની ઇસ્લામિક સરકારને માનવાધિકાર ઉલ્લંઘન અને માનવાધિકારો પરના તેના રેકોર્ડ માટે નિંદા કરવામાં આવી હતી.

સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાનના મિશનના કાયમી પ્રતિનિધિએ જણાવ્યું હતું કે તે "કેનેડા અને કેટલાક અન્ય દેશો દ્વારા રજૂ કરાયેલા આ રાજકીય રીતે પ્રેરિત ઠરાવને સંપૂર્ણપણે અને સ્પષ્ટપણે નકારી કાઢે છે." ઈરાની મિશનએ કેનેડા પર "રાજકીય હેતુઓ માટે માનવ અધિકાર એજન્ડાનો સ્પષ્ટપણે દુરુપયોગ કરવાનો" આરોપ પણ લગાવ્યો. ભારતે માનવ અધિકાર મિકેનિઝમ્સ સામે પણ પોતાનો વાંધો વ્યક્ત કર્યો અને ઈરાનમાં માનવ અધિકારો સંબંધિત આ ઠરાવ સામે મતદાન કર્યું.

હકીકતમાં, માનવાધિકારના સમર્થનમાં ઈરાન સાથે ઊભું રહેવું એ નવી દિલ્હીની પરંપરાગત નીતિ રહી છે. ભારતે હંમેશા ચોક્કસ દેશને લક્ષ્ય બનાવતા ઠરાવો વિરુદ્ધ મતદાન કર્યું છે. ભારત માને છે કે એક જ દેશને લક્ષ્ય બનાવીને તૈયાર કરાયેલા ઠરાવો એકતરફી અને રાજકીય રીતે પ્રેરિત હોઈ શકે છે.

ભારત માને છે કે એક જ દેશને લક્ષ્ય બનાવતી તપાસ પદ્ધતિ લાદવાથી તે દેશ સાથેના સંબંધો નબળા પડે છે અને માનવાધિકારના મુદ્દાઓનું રાજકીયકરણ થાય છે. ભારત આને તે દેશની સાર્વભૌમત્વ અને આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ માને છે. મધ્ય પૂર્વ રાજકારણ અત્યંત નાજુક છે, અને કોઈપણ સમયે અમેરિકા અને ઈરાન વચ્ચે નવું યુદ્ધ ફાટી નીકળવાનો ભય છે.

અસંખ્ય ગેરરીતિઓ અને નુકસાન છતાં વિરોધ પક્ષ ચૂંટણીનો બહિષ્કાર કરશે નહીં : રાહુલ ગાંધી

ચૂંટણી પંચના વરિષ્ઠ અધિકારીઓ હવે દબાણથી કંટાળી ગયા હોવાનો અને વિપક્ષને આંતરિક માહિતી પૂરી પાડી રહ્યા હોવાનો કર્યો દાવો

નવીદિલ્હી,

લોકસભાના વિપક્ષી નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અમેરિકાના પ્રવાસે છે. તેમની મુલાકાત દરમિયાન, રાહુલ ગાંધી સતત ભારતની ચૂંટણી પ્રક્રિયા અને ચૂંટણી પંચ પર નિશાન સાધી રહ્યા છે. હવે, શિકાગો યુનિવર્સિટીમાં તેમના તાજેતરના નિવેદનમાં, રાહુલ ગાંધીએ એક મહત્વપૂર્ણ દાવો કર્યો છે. રાહુલ ગાંધીએ જણાવ્યું છે કે ચૂંટણી પંચના વરિષ્ઠ અધિકારીઓ હવે દબાણથી કંટાળી ગયા છે અને વિપક્ષને આંતરિક માહિતી પૂરી પાડી રહ્યા છે. શિકાગો યુનિવર્સિટીના રાજકીય વિજ્ઞાનના પ્રોફેસર રોબર્ટ પેપ સાથેની વાતચીતમાં રાહુલ ગાંધીએ સ્પષ્ટતા કરી હતી કે અસંખ્ય ગેરરીતિઓ અને નુકસાન છતાં, વિપક્ષ ચૂંટણીનો બહિષ્કાર કરશે નહીં, કારણ કે આમ કરવાથી લોકશાહી માળખું સંપૂર્ણપણે નાશ પામશે. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે તેમને ચૂંટણી પંચની અંદરથી જ માહિતી મળી રહી છે. કમિશનના વરિષ્ઠ અધિકારીઓ હવે કહી રહ્યા છે કે તેઓ આ રીતે ચાલુ રાખી શકતા નથી અને સમગ્ર માળખું તૂટી પડે તે પહેલાં તે ફક્ત સમયની વાત છે. તેમણે કહ્યું હતું કે તેઓ ૧૦૦% પુરાવા વિના લોકશાહી પર પ્રશ્ન ઉઠાવતા નથી. વિપક્ષની રણનીતિ એ છે કે ચૂંટણીમાં થતી ગેરરીતિઓ જનતાના ધ્યાન પર લાવવામાં આવે અને જ્યાં સુધી મારી પાસે ૧૦૦%...૨૦૦%...૩૦૦% પુરાવા



સમગ્ર વ્યવસ્થા નાશ પામી છે ત્યાં સુધી સતત ચર્ચા ચાલુ રાખવામાં આવે.

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું, "આપણા માટે, ભારતીય લોકશાહી પવિત્ર છે. મારા માટે એ કહેવું પણ મુશ્કેલ છે કે ભારતીય લોકશાહીમાં કોઈ સમસ્યા છે જ્યાં સુધી ન હોય. જો આપણે કહીએ કે આપણે ચૂંટણીમાં ભાગ નહીં લઈએ, તો ભારતીય લોકશાહી તરત જ તૂટી જશે, અને આપણે ભારતીય લોકશાહીના માળખાને નષ્ટ કરવા માંગતા નથી. તેથી, અમારી રણનીતિ એ છે કે શું થઈ રહ્યું છે તે જનતાના ધ્યાન પર લાવવાની અને ભારતીય જનતાને ખ્યાલ ન આવે કે આખી સિસ્ટમ બરબાદ થઈ ગઈ છે ત્યાં સુધી વાતચીત ચાલુ રાખવાની છે." નોંધનીય છે કે રાહુલ ગાંધીએ અગાઉ ન્યૂયોર્કમાં કોલંબિયા યુનિવર્સિટીમાં એક કાર્યક્રમ દરમિયાન "મત ચોરી"નો દાવો કર્યો હતો. ભાજપે તેમના પર મોટો હુમલો કર્યો હતો.

મહારાષ્ટ્રમાં ૮ કલાકથી વધુ કામ કરવા પર હવે મળશે ઓવરટાઇમ ; પગારમાંથી ૫૦% થી વધુ કપાત નહીં

મહારાષ્ટ્રમાં કામ કરતા કર્મચારીઓના વેતન અને કાર્ય નિયમોમાં થયા મોટા ફેરફારો

મુંબઈ,

મહારાષ્ટ્રમાં કામ કરતા કર્મચારીઓના વેતન અને કાર્ય નિયમોમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારે "મહારાષ્ટ્ર વેતન નિયમો, ૨૦૨૬" ને સૂચિત કર્યું છે. આ નિયમો ૫ નવેમ્બર, ૨૦૨૬ થી રાજ્યભરમાં અમલમાં આવ્યા છે. નવા નિયમો હેઠળ, સામાન્ય કાર્યકારી દિવસ ૮ કલાકનો રહેશે, કર્મચારીઓને સાપ્તાહિક રજા આપવી જરૂરી રહેશે, અને કર્મચારીઓને રજાના દિવસે કામ કરવા બદલ તેમના સામાન્ય વેતન કરતાં ઓછામાં ઓછા બમણા પગાર ચૂકવવામાં આવશે. વધુમાં, કોઈપણ પગાર સમયગાળામાં કર્મચારીના પગારના ૫૦ ટકાથી વધુ કાપવામાં આવશે નહીં. રાજ્યના શ્રમ મંત્રી એડવોકેટ આકાશ ફુંડકરે જણાવ્યું હતું કે નવા નિયમોનો ઉદ્દેશ્ય કર્મચારીના વેતન સુરક્ષા અને સમાન વેતન જોગવાઈઓ સુનિશ્ચિત કરવાનો છે.

નવા નિયમો અનુસાર, દૈનિક વેતન કર્મચારીઓ માટે સામાન્ય કાર્યકારી દિવસ ૮ કલાકનો રહેશે. અન્ય પગાર સમયગાળા પરના કર્મચારીઓ માટે, સાપ્તાહિક કાર્ય મર્યાદા ૪૮ કલાકથી વધુ નહીં હોય. દરેક કર્મચારીને સાપ્તાહિક આરામ દિવસ આપવો ફરજિયાત રહેશે. જો કોઈ કર્મચારીને રજા પર કામ કરાવવામાં આવે છે, તો તેમને રિપ્લેસમેન્ટ રજા આપવામાં આવશે.નવા વેતન નિયમોમાં ઓવરટાઇમ અંગે પણ સ્પષ્ટ જોગવાઈઓ છે. સાપ્તાહિક આરામના દિવસે કામ કરતા કર્મચારીઓને તેમના સામાન્ય વેતન કરતાં ઓછામાં ઓછા બમણા પગાર ચૂકવવામાં આવશે. પીસ રેટ ધોરણે ચૂકવવામાં આવતા કર્મચારીઓને પણ આ સુવિધાનો લાભ મળશે. લાગુ કાનૂની જોગવાઈઓ અનુસાર ઓવરટાઇમ ચૂકવવામાં આવશે.

કર્મચારીઓ માટે બીજી એક નોંધપાત્ર રાહત એ છે કે નોકરીદાતાઓ એક જ પગાર સમયગાળામાં કર્મચારીના કુલ પગારમાંથી ૫૦% થી વધુ કાપ કરી શકશે નહીં. જો, કોઈપણ કારણોસર, વધુ રકમની જરૂર હોય, તો તે આગામી પગાર સમયગાળામાં તબક્કાવાર રીતે વસૂલ કરવી પડશે. વધુમાં, કર્મચારીને નુકસાનની ભરપાઈ કરવા માટે દંડ લાદતા પહેલા અથવા વેતન કાપતા પહેલા, નોકરીદાતાએ લેખિતમાં અથવા ઈલેક્ટ્રોનિક રીતે કારણ બતાવો નોટિસ જારી કરવાની રહેશે. કર્મચારીને તેમનો કેસ રજૂ કરવાની અને સમજૂતી આપવાની તક આપવી પણ ફરજિયાત રહેશે.

નવા નિયમો હેઠળ, કર્મચારીઓના ચલ મોંઘવારી ભથ્થામાં વર્ષમાં બે વાર સુધારો કરવામાં આવશે. ભારત સરકારના શ્રમ બ્યુરો દ્વારા જાહેર કરાયેલા ઔદ્યોગિક કામદારો માટે સરેરાશ ગ્રાહક ભાવ સૂચકાંકના આધારે તેની ગણતરી કરવામાં આવશે. આ ગણતરી દર વર્ષે ૧ એપ્રિલ અને ૧ ઓક્ટોબર પહેલાં કરવામાં આવશે.

અમરેલી જિલ્લાના કુવા બન્યા સિંહના મોત માટે નિમિત્ત

ધારીના જીરા ગામની સીમમાં કૂવામાં ખાબકતાં ૨થી ૩ વર્ષના નર સિંહનું મોત

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

ગીર પંથકમાં વન્યપ્રાણીઓની સુરક્ષા સામે વધુ એક ચિંતાજનક ઘટના સામે આવી છે. જેમાં ધારી તાલુકાના જીરા ગામની સીમમાં આવેલા એક ખેતરના પેરાપેટવાળા કૂવામાં રાત્રિના અંધકાર દરમિયાન ખાબકતાં અંદાજે ૨થી ૩ વર્ષના એક નર સિંહનું મોત નીપજ્યું હતું. આ બનાવને પગલે વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને સિંહના મૃતદેહને કૂવામાંથી બહાર કાઢી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.



સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ, ધારી તાલુકાના જીરા ગામની સીમમાં અશોકભાઈ પરશોત્તમભાઈ બાંભરોલીયાના ખેતરમાં આવેલા પેરાપેટવાળા કૂવામાં ગત તા. ૧૮ના રોજ રાત્રિના અંધકાર દરમિયાન એક નર સિંહ પડી ગયો હતો. કૂવામાં પડ્યા બાદ પાણીમાં ડૂબી જવાના કારણે સિંહનું મોત થયું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું.

આ ગંભીર ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી અને કૂવામાંથી સિંહના મૃતદેહને બહાર કાઢ્યો હતો. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસ અને પોસ્ટમોર્ટમની કાર્યવાહી દરમિયાન સિંહનું મૃત્યુ પાણીમાં ડૂબી જવાથી થયું હોવાનું જણાયું હતું. મૃત સિંહ નર જાતિનો અને અંદાજે ૨થી ૩ વર્ષનો હોવાનું જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે, આ બનાવ દલખાણિયા રેન્જના કરમદડી રાઉન્ડ હેઠળના હીરાવા બીટ વિસ્તારમાં બન્યો હતો. વન વિભાગ દ્વારા તા. ૧૯ના રોજ જ પોસ્ટમોર્ટમ સહિતની જરૂરી કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી.

અડતાળાના બનાવમાં ઉપસરપંચ જીતુ વાળા સામે પોલીસે સકંજો કસ્યો:ઘરે સર્ચ ઓપરેશન

પાણીના પ્રશ્ને રિવોલ્વર અને દંડા સાથેનો વીડિયો વાયરલ થયા બાદ અમરેલી પોલીસ એક્શન મોડમાં



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના અડતાળા ગામે પાણીના પ્રશ્ને ગઈકાલે થયેલા વિવાદમાં રિવોલ્વર અને દંડા સાથેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ પોલીસે ફરિયાદ નોંધી હવે પોલીસ તંત્રએ કડક કાર્યવાહી શરૂ કરી છે. ગામના ઉપસરપંચ જીતુ વાળાના ઘરે અમરેલી પોલીસ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવતાં સમગ્ર પંથકમાં ભારે ચર્ચા જાગી છે.

અડતાળા ગામે પાણીના પ્રશ્ને રજૂઆત કરવા ગયેલા ગ્રામજનો સાથે થયેલી બબાલ દરમિયાન ઉપસરપંચ જીતુ વાળા હાથમાં રિવોલ્વર અને દંડો લઈને સામે આવ્યા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ બનાવને પગલે લાઠી પોલીસે પાંચ શખ્સો સામે હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

આ કેસમાં પોલીસે પાંચ આરોપીઓ પૈકી ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે, જ્યારે ઉપસરપંચ જીતુ વાળા સહિત બે આરોપીઓ હજુ ફરાર હોવાનું જાણવા મળે છે. ફરાર આરોપીઓને ઝડપી લેવા પોલીસ દ્વારા તપાસ તેજ બનાવવામાં આવી છે.

દરમિયાન અમરેલી જિલ્લાના ઈન્ચાર્જ એસપી જયવીર ગઢવીની આગેવાની હેઠળ પોલીસની ટીમે ઉપસરપંચના ઘરે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ કાર્યવાહી દરમિયાન પીજીવીસીએલ અને પાણી પુરવઠા વિભાગની ટીમોને પણ સાથે રાખવામાં આવી હતી. બંને વિભાગની ટીમોએ સ્થળ પર વીજળી અને પાણીના કનેક્શન અંગે તપાસ હાથ ધરી હતી.

પાણીના પ્રશ્ને શરૂ થયેલો વિવાદ હવે પોલીસ કાર્યવાહી સુધી પહોંચ્યો છે. વાયરલ વીડિયો, હત્યાના પ્રયાસની ફરિયાદ, ત્રણ આરોપીઓની ધરપકડ અને ફરાર ઉપસરપંચના ઘરે પોલીસના સર્ચ ઓપરેશનને પગલે અડતાળા ગામનો મામલો સમગ્ર જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

બાબરાના ખંભાળા ગામના યુવકને સગીરા પર દુષ્કર્મના ગુનામાં ૨૦ વર્ષની સખત કેદ,૧૫ હજાર દંડ

લગ્નની લાલચ આપી ૧૪ વર્ષ ૮ મહિનાની સગીરાને ભગાડી જઈ વારંવાર દુષ્કર્મ આચર્યું હતું

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલી જિલ્લામાં સગીરા સાથે દુષ્કર્મના ગંભીર ગુનામાં અમરેલીની સ્પેશિયલ પોક્સો કોર્ટે દ્વારા મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. જેમાં બાબરા તાલુકાના ખંભાળા ગામના આરોપી વિશાલ હરેશભાઈ મેરને સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી લઈ જઈ વારંવાર દુષ્કર્મ આચરવાના ગુનામાં કોર્ટે ૨૦ વર્ષની સખત કેદ અને રૂ.૧૫ હજારના દંડની સજા ફટકારી છે.આ બનાવની વિગતો મુજબ, બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૪ વર્ષ અને ૮ મહિનાની તરુણી સગીરવયની હોવાનું જાણતા હોવા છતાં બાબરા તાલુકાના ખંભાળા ગામે રહેતા વિશાલ હરેશભાઈ મેરે ગત તા.૨૮-૬-૨૫ના રોજ સગીરાને લલચાવી-ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી હતી. ત્યારબાદ બદકામ કરવાના ઈરાદે તેને તેના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ તેની સાથે વારંવાર શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ પોલીસ મથકમાં નોંધાઈ હતી.



આ ગંભીર કેસ અમરેલીની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીએ ધારદાર દલીલો કરી હતી અને કોર્ટ સમક્ષ જરૂરી પુરાવાઓ રજૂ કર્યા હતા. રજૂ થયેલા પુરાવા અને સરકારી વકીલની દલીલોને ધ્યાને લઈ સ્પેશિયલ પોક્સો કોર્ટના ન્યાયાધીશ દ્વારા આરોપી વિશાલ હરેશભાઈ મેરને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨) અને ૮૭ હેઠળ સાત વર્ષની સખત કેદ તથા રૂ.૫ હજારના દંડની સજા ફટકારી હતી.

જ્યારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોક્સો એક્ટની કલમ ૪, ૬, ૮ અને ૧૮ હેઠળના ગુનાઓમાં ૨૦ વર્ષની સખત કેદ અને રૂ.૧૦ હજારના દંડનો હુકમ કર્યો હતો.

આ ઉપરાંત કોર્ટે આરોપી પાસેથી વસૂલ કરવામાં આવનારી દંડની રકમ ભોગ બનનાર સગીરાને ચૂકવી આપવા તેમજ ભોગ બનનારને રૂપિયા ૪ લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો છે. સગીરા સાથેના ગંભીર ગુનામાં અમરેલીની સ્પેશિયલ પોક્સો કોર્ટના આ ચુકાદાને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

અમે ધંધો છોડી દઈએ કે ઘરે જઈને દવા પીએ:મહિલા વેપારી

ભવનાથમાં નાના ધંધાર્થીઓને હટાવવા મુદ્દે રોષ, વેપારીએ કહ્યું-અત્યાર સુધી ન નડ્યા, હવે અચાનક કેમ નડતરરૂપ બન્યા

જુનાગઢ:

જૂનાગઢના ભવનાથ ક્ષેત્રમાં પરિક્રમાના મેળાની શરૂઆત સમયે જ મહાનગરપાલિકા દ્વારા નાના ધંધાર્થીઓને જગ્યા ખાલી કરી હટાવવાનો આદેશ આપવામાં આવતા વેપારીઓમાં ભારે રોષ અને મુશ્કેલી સર્જાઈ છે. રાજસ્થાન, અમદાવાદ અને મુંબઈ જેવા દૂર-દૂરના સ્થળોએથી મોટો માલસામાન લાવીને ગોઠવનારા તેમજ છેલ્લા ૪૦-૫૦ વર્ષથી અહીં શાંતિપૂર્વક ધંધો કરતા વેપારીઓ અચાનક આવેલા આ નિર્ણયને ગરીબો પ્રત્યેની તાનાશાહી ગણાવી રહ્યા છે.



વર્ષ ૨૦૨૫માં પરિક્રમા ન યોજાઈ હોવાથી આ વર્ષે કમાણીની આશાએ અનેક લોકો વ્યાજે નાણા લઈ તેમજ પોતાના પરિવાર અને નાના બાળકોને ઘરે મૂકી આઠ-નવ દિવસથી અહીં આવ્યા છે, પરંતુ અધિકારીઓના આ કડક વલણને કારણે તેમની આજીવિકા પર ગંભીર સંકટ ઊભું થયું છે.

વેપારી પ્રકાશભાઈ કટારિયાએ પરિક્રમાના મેળામાં ધંધાર્થીઓને હટાવવાના કમિશનર ઓફિસના હુકમ સામે પોતાનો વિરોધ અને વ્યથા રજૂ કરતા જણાવ્યું હતું કે, "પરિક્રમાના મેળાની શરૂઆત થઈ ગઈ છે અને ત્યારે જ કમિશનર ઓફિસ તરફથી એવો આદેશ આપવામાં આવે છે કે કોઈ પણ ધંધાર્થીએ અહીં રહેવું નહીં. જો તંત્રને કોઈને રહેવા જ ન દેવા હોય તો ત્રણ-ચાર મહિના અગાઉ જાહેરાત કરવી જોઈએ, કારણ કે અત્યારે ઘણા લોકો રાજસ્થાન, અમદાવાદ કે મુંબઈથી મોટો માલ ભરીને અને સામાન ગોઠવીને ધંધો કરવા આવ્યા છે, તો અચાનક સામાન હટાવી જગ્યા ખાલી કરવાનું કહેવાથી આ લોકો ક્યાં જાય. અમે ૪૦-૫૦ વર્ષથી અહીં સાઈડમાં રહીને ધંધો કરીએ છીએ અને અત્યાર સુધી કોઈને નડ્યા નથી, તો હવે અચાનક કેમ નડતરરૂપ બન્યા છીએ.અન્ય એક મહિલા વેપારી હંસાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે અહીં તંત્રના અધિકારીઓ ધંધાર્થીઓને બહુ હેરાન કરે છે.

ગિરનારની 'લીલી પરિક્રમા' વહેલી શરૂ, બે લાખથી વધુ શ્રદ્ધાળુ રવાના

ભારે ભીડને પગલે વિધિવત મુહૂર્ત પહેલાં જ ઈટવા ગેટ ખોલી દેવાયો, રાતે સાધુ-સંતો પ્રારંભ કરાવશે

જુનાગઢ:

જૂનાગઢમાં ગિરનારની ગોદમાં ૩૬ કિલોમીટરના જંગલ વિસ્તારમાં યોજાતી ઐતિહાસિક લીલી પરિક્રમા આજે (૨૦ નવેમ્બર) દેવઉઠી અગિયારસની મોડી રાત્રે વિધિવત રીતે શરૂ થશે. જો કે, પરિક્રમાના પ્રારંભ પૂર્વે જ માત્ર ગુજરાત જ નહીં, પરંતુ દેશના અલગ-અલગ રાજ્યમાંથી મોટી સંખ્યામાં ભવનાથ ક્ષેત્રમાં ઉમટી પડ્યા છે.

નિર્ધારિત સમય કરતાં વહેલા જ ઈટવા ગેટ નજીક શ્રદ્ધાળુઓની ભારે ભીડ એકત્રિત થઈ જતાં, વહીવટી તંત્ર અને વન વિભાગ દ્વારા યાત્રાળુઓની સુરક્ષા તથા સુગમતાને ધ્યાનમાં રાખીને પરિક્રમાનો ગેટ વહેલો ખોલી દેવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.





ગેટ ખુલતાની સાથે જ 'જય ગિરનારી'ના નાદ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું અને હજારોની સંખ્યામાં ભાવિકોએ પરિક્રમાના પ્રથમ ચરણ તરફ પ્રયાણ કર્યું હતું. વહીવટી તંત્ર દ્વારા ભીડનું સુચારું સંચાલન થાય તે માટે પોલીસ બંદોબસ્ત, વન કર્મીઓની ટીમ અને મેડિકલ સુવિધા સહિતની તમામ જરૂરી વ્યવસ્થાઓ ગોઠવી દેવામાં આવી છે. યાત્રાળુઓને કોઈ પણ પ્રકારની અગવડતા ન પડે અને પરિક્રમા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે તંત્ર સતત ખડેપગે રહીને દેખરેખ રાખી રહ્યું છે.જૂનાગઢના ?મામલતદાર એ. કે. બારૈયાએ જણાવ્યું કે, શ્રદ્ધાળુઓની વધતી ભીડ વચ્ચે ટ્રાફિક મેનેજમેન્ટ ન બગડે અને કાયદો-વ્યવસ્થા સુચારુ રીતે જળવાઈ રહે તે હેતુથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજે વહેલી સવારે ૬ કલાકે ઈટવા ગેટ ચોકીથી ગેટ ખોલીને પરિક્રમા શરૂ કરાવી છે. અત્યાર સુધીમાં ભાવનાથ પરિસરથી ઈટવા ગેટ સુધીના વિસ્તારમાં અંદાજે બે લાખ કરતાં પણ વધુ શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હોવાનો અંદાજ છે. હજુ પણ શ્રદ્ધાળુઓની આવક યથાવત્ રહી છે.આજે સાધુ-સંતોની ઉપસ્થિતિમાં પરિક્રમાનો વિધિવત પ્રારંભ થશે. જ્યારે બીજી તરફ પરિક્રમા રૂટ પર વન વિભાગ દ્વારા પ્લાસ્ટિક ચેકિંગની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે. પરિક્રમા વહેલી શરૂ થવા છતાં શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ અને શ્રદ્ધાનો માહોલ જોવા મળી રહ્યો છે.

વડોદરાથી ગિરનાર પરિક્રમા કરવા આવેલા મેઘનાએ જણાવ્યું કે, વાસ્તવમાં પરિક્રમા કાલે રાત્રે શરૂ થવાની હતી, પરંતુ ભીડને કારણે વહેલી શરૂ કરી દેવામાં આવી છે. સૌ કોઈમાં ખૂબ જ શ્રદ્ધા અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તથા ભીડને લીધે પરિક્રમા શરૂ થઈ ગઈ હોવા છતાં વાતાવરણ અત્યંત આનંદદાયક છે અને તેઓ "જય ગિરનારી"ના નાદ સાથે આગળ વધી રહ્યા છે.વિધિવત પરિક્રમા રાત્રે સાધુ-સંતોની ઉપસ્થિતિમાં શરૂ થવાની હતી, પરંતુ તે પૂર્વે જ ગુજરાત સહિત દેશ-વિદેશથી લાખો ભક્તો ભવનાથમાં ઉમટી પડ્યા હતા.

રાજુલા પોલીસે કેબલ વાયર ચોરીના બે ગુના ઉકેલ્યા

મોટા આગરીયા ગામની સીમમાંથી પતિ-પત્ની ઝડપાયા; રૂ. ૧૩,૩૨૦નો મુદ્દામાલ કબજે

અમરેલી:

અમરેલી જિલ્લાના રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કેબલ વાયર ચોરીના બે ગુના ઉકેલાયા છે. પોલીસે પતિ-પત્નીને ઝડપી પાડી તેમની પાસેથી રૂ. ૧૩,૩૨૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.રાજુલા તાલુકાના મોટા આગરીયા ગામની સીમમાંથી બંનેને ચોરીના મુદ્દામાલ સાથે પકડવામાં આવ્યા હતા. આરોપીઓનાં નામ રાજુ બારૈયા (ઉં.વ. ૩૦) અને નીતાબેન બારૈયા (ઉં.વ. ૨૮) છે.

પોલીસ તપાસમાં રાજુલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે અલગ-અલગ ગુનામાં ૬ એમ.એમ.ના ૨૨ મીટર કેબલ વાયર અને ૧૫૦ મીટર કેબલ વાયરની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે.પોલીસે આરોપીઓ પાસેથી ૩૩ મીટર કેબલ વાયર, બજાજ સીટી-૧૦૦ મોટરસાઇકલ (રજી. નં. GJ01EC6962) અને એક દાતરડું કબજે કર્યું છે. આ તમામ મુદ્દામાલની કિંમત રૂ. ૧૩,૩૨૦ છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓ રાત્રે ૭થી ૯ વાગ્યા દરમિયાન મોટરસાઇકલ લઈને રસ્તા નજીકની વાડીઓમાં જતા હતા. ત્યાંથી કેબલ વાયર કાપીને તેઓ ફરાર થઈ જતા હતા. પોલીસે બંને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



માણાવદરના ભાજપના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ ફોર્ચ્યુનર કાર રોકી બેફામ ગાળો ભાંડી!



જૂનાગઢ:

માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણીનો બેફામ વાણીવિલાસ અને દાદાગીરી કરતો એક વીડિયો હાલ સોશિયલ મીડિયામાં ખૂબ જ વાઇરલ થયો છે, જેને લઈને સમગ્ર પંથકમાં

પાટીદાર યુવકને ફડાકા ઝીંક્યા, જાનથી મારી નાખવાની ધમકી; અરવિંદ લાડાણીએ કહ્યું- 'હા, મેં તેમને બેથી ત્રણ લાફા માર્યા'

ચકચાર મચી ગઈ છે. આ વાઇરલ વીડિયોમાં ધારાસભ્ય બાઈક પર આવેલા એક પાટીદાર યુવક પર હુમલો કરતા અને તેને મા-બહેન સામે ભૂંડી ગાળો ભાંડીને જાનથી મારી નાખવાની ધમકી આપતા સ્પષ્ટપણે જોવા મળી રહ્યા છે. માણાવદરના આ યુવકે સમગ્ર ઘટના પોતાના મોબાઈલ ફોનમાં કેદ કરી લીધી હતી.

આ સમગ્ર વિવાદ પાછળનું કારણ એવું સામે આવ્યું છે કે, નવરાત્રિ દરમિયાન આ યુવકે 'ગોધરીયો' નામના શબ્દનો ઉપયોગ કર્યો હતો. આ બાબતનો ખાર રાખીને ધારાસભ્ય અરવિંદ લાડાણીએ યુવકને આંતરીને તેના પર હુમલો કર્યો હતો. વીડિયોમાં ધારાસભ્ય યુવકને 'તારા બાપની ગરબી છે?' તેમ કહીને માર મારતા અને બેફામ શબ્દો બોલતા સંભળાય છે. આટલું જ નહીં, ધારાસભ્યએ ઉશ્કેરાઈને યુવકને એમ પણ કહ્યું હતું કે તારો ધંધો મૂકીને માણાવદરમાંથી નીકળી જજે, તેમજ "તારા હોય એટલા લાવજે, તને કોઈપણની હવા હોય તો કાઢી નાખજે" તેવી ખુલ્લી ધમકી પણ આપી હતી.આ સમગ્ર મામલે જ્યારે માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણી સાથે વાત કરવામાં આવી ત્યારે તેમણે પોતાનો બચાવ કરતા સમગ્ર ઘટનાનો સ્વીકાર કર્યો હતો. અરવિંદ લાડાણીએ જણાવ્યું હતું કે, આ યુવક મારા વિરુદ્ધ ઘણા અપશબ્દો બોલતો હતો અને મારા વિરોધની વાતો કરતો હતો, જેના કારણે આ ચર્ચા અને ઝઘડો થયો હતો.

માણાવદરના પાટીદાર યુવક મનીષ ઝાલાવાડીએ જણાવ્યું હતું કે, અમે દર વર્ષે માં ઉમા ખોડલ નવરાત્રિ મહોત્સવ કરીએ છીએ. તે દરમિયાન અરવિંદભાઈએ અન્ય સમાજની નવરાત્રિમાં ૨૫,૦૦૦ રૂપિયાનો ફાળો લખાવ્યો હતો, તેનો વીડિયો અન્ય સમાજવાળાએ અમને મોકલ્યો અને અમે અમારા નવરાત્રિના ગ્રુપમાં મૂક્યો હતો. એનો ખાર રાખીને અરવિંદભાઈએ મને બેફામ ગાળો આપી હતી અને તમે કોઈ ગમતા નથી તેવું કહી મારા પર હુમલો કરવાની સ્થિતિ ઊભી કરી હતી.અગાઉ પાંચ મહિના પહેલા રાત્રે ૧૧:૩૦ વાગે અરવિંદભાઈના ડ્રાઈવરે નશામાં બે વાર ફોન કરીને મારા પરિવાર અને છોકરા સામે ગાળો આપી હતી અને નવરાત્રિમાં પણ નશામાં અસભ્ય વર્તન કરતા મેં તેને ધારાસભ્યનો ડ્રાઈવર હોવાનું કહ્યું હતું. તે સમયે ગોધરિયા શબ્દ બોલાયો હતો. નવરાત્રિના સાતમા નોરતે ૨૦ જણા મારા ઘરે હુમલો કરવા આવ્યા, પછી કેમિકલના ગોડાઉન અને જૂનાગઢમાં મારા ઘરે પણ હુમલા થયા તથા ફોન પર ધમકીઓ મળી.સમાધાન માટે પાટીદાર આગેવાનોને મોકલ્યા છતાં અરવિંદભાઈએ ના પાડી. આજે બપોરે મારા હુમલો કરી મને મા-બહેન સામે ભૂંડી ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી અને માણાવદરનો ધંધો બંધ કરી જવાની ધમકી મળતા મેં અડધા ભાવે માલ વેચી નાખ્યો છે અને હવે અમે જૂનાગઢ તરફ જઈશું. ધારાસભ્યના ત્રાસના કારણે હવે અમારે ઈજરત કરવાનો વારો આવ્યો છે.